દેશીનામાનીપદ્ધતિ.

(પ્રથમ પુસ્તક.)

રચનાર.

પ્રેમચંદ કરમચંદ શાહ.

હેડમાસ્તર, કાઠિઆવાડ બારટન ફીમેલ ટ્રેનિંગ કાલેજ.

રાજકોટ.

अमदावाद– आर्योदयप्रेस

સંવત ૧૯૪૨ .... સન ૧૮૮૫.

કિંમત ૬ આના.

२५३९

દેશીનામાનીપદ્ધતિ.

(પ્રથમ પુસ્તક.)

રચનાર,

પ્રેમચંદ કરમચંદ શાહ.

હેડમાસ્તર, કાઠિઆવાડ બારટન ફીમેલ ટ્રેઈનિંગ કાલેજ.

રાજકોટ.

अमदावाद—आर्योदय प्रेस.

સંવત ૧૯૪૨. .... સન ૧૮૮૫.

કિંમત ૬ આના.

અર્પણ પત્રિકા.

મહેરબાન મુરબ્બી શ્રી રાવબહાદુર ગોપાળજીભાઇ
સુરભાઇ દેશાઇ. ફેલો ઓફ્ ધી યુનિવર્સિટી બૉમ્બે.
આસિસ્ટંટ એજ્યુકેશનલ ઇન્સ્પેકટર સાહેબ.
પ્રાંત કઠિઆવાડ.

આપે અતિશ્રમ લેઈને આ પ્રાંતના કેળવણીખાતાને હાલની
પ્રફુલ્લિત સ્થિતિમાં આણ્યું તેમજ બીજાં પણ જનસમુહના
કલ્યાણાર્થે અનેક કામો કર્યાં. તેમ છતાં આપનો
મિલનસાર સ્વભાવ, વિદ્વતા, અને મારા ઉપરની
નિઃસ્વાર્થી કૃપાના પ્રવાહમાં તલ્લિન થઈ આ
લઘુ પુસ્તક ઘણીજ નમ્રતાથી આપને
અર્પણ કરૂં છું.

સેવક.

प्रेमचंद करमचंद शाह.

પ્રસ્તાવના.

દુનિઆનો વ્યવહાર આપલે કર્યા વગર ચાલતો નથી; જો માણસોએ એવો વ્યવહાર રાખ્યો ન હોત તો દુનિઆ આજે આવી સ્થિતિમાં હોત નહિ. આપલેના વ્યવહારની સાથે નામું રાખવાની જરૂર પડે છે. કેમકે નામું ન રાખે તો અરસપરસ શું લેણું દેણું છે તે માલમ પડે નહિ. નામું રાખવું એટલુંજ બસ નથી પણ તે બરાબર ચોખ્ખું રાખવું જોઈએ, નહિતો કોઇ વખત સરતચૂકથી એક બીજામાં મોટો વિરોધ થઇ પડે છે. કહેવત છે કે "ઉંટે ચડી ઊંઘવું ને સંભારી નામું લખવું" એ બંને મહા જોખમકારી છે. ઉંટપર ચઢી ઊંઘનાર માણસ પડયા વગર રહે નહિ તેમ તરત નામું ન માંડતાં પાછળથી સંભારી સંભારી નામું લખનાર ભૂલ્યાવગર રહેજ નહિ. એકાદ બે માણસ સાથે થયેલું લેવડદેવડ યાદ રહેતું નથી તો ઘણા જણ સાથે થયેલું લેવડદેવડ યાદ કેમ રહે? માટેતરત નામું માંડવાની ટેવ રાખવી જોઈએ.

નામાંકિત બ્રુયર કહેછે કે "જેની કમાઈ ખર્ચ કરતાં વધારે તે શ્રીમંત, અને જેનો ખર્ચ કમાઇ કરતાં વધારે તે ગરીબ." આજ વાક્ય કહી આપે છેકે દરેક માણસને પોતાની ઉપજ ખર્ચ જાણવાની જરૂર છે. એ જાણ્યા વગર ખર્ચ કરવાથી અંતે મહા પસ્તાવું પડેછે. ઉપજ ખર્ચને નીયમિત રાખવાને દરેક માણસને નામાની જરૂર છે.

દેશી નામામાં એકજ જાતના ચોપડા રાખવામાં આવતા નથી, પણ ધંધા પરત્વે જૂદી જૂદી જાતના ચોપડા રખાય છે. જેમકે સરાફી નામાના જૂદા, દલાલોના જૂદા, કબાલો કરનારના જૂદા, કાપડીઆના જૂદા, રૂડીઆના જૂદા, ગાંધીના જૂદા, નેસ્તીના જૂદા, ઈ૦. એટલુંજ નહિ પણ એકજ જાતના નાના મોટા વેપારીમાં પણ નામું રાખવાની તરેહ જૂદી જૂદી છે. આવા વિષયનું વગર અનુભવે નિશાળોમાં સંપૂર્ણ જ્ઞાન આપવું એ બનવું અશક્ય છે. આપરથી આ વિષય નિશાળોમાં ચલાવી શકાયજ નહિ એમ નથી. સઘળા ધંધામાં નામું લખવાનાં મૂળતત્વો એકજછે. એ મૂળતત્વો તે, જમાખર્ચ લખવાની પદ્ધતિના નિયમો સમજવા. જેને આ મૂળ તત્વોનું સારૂં જ્ઞાનછે તે થોડી મહેનતે દરેક ધંધાને લાયક નામું લખનાર

થઇ શકેછે. આ પરથી સરકારે નામાના મૂળતત્વોનું જ્ઞાન આપવાને નિશાળોમાં રોજમેળ ખાતાવહીનો વિષય દાખલ કરેલો છે.

સાધારણ વ્યવહારનું નામું લખવાના વિષયપર સરકારી એકે ચોપડી નથી, તેમ હાલમાં ખાનગી ગૃહસ્થો તરફથી થતાં ને થયેલાં પુસ્તકો આવી ઢબપર નથી એમ મારા જાણવામાં આવ્યાથી ઘણી મુદતની મારી ઈચ્છા આ ખોટ પૂરી પાડવાની હતી તે પૂરી પાડી છે. તેમજ સરાફી નામું ઈ૦ લખવાને જોઈતી માહેતી મળે તેને માટે પણ આ પુસ્તકમાં જરૂરની ગોઠવણ કરી છે.

આ વિષયનો મને જાતે અનુભવ છે, છતાં આ પુસ્તક કોઈ પણ રીતે કોઇ પણ કારણસર અપૂર્ણ રહે નહિ તેને માટે આ વિષયના કેટલાક જાણીતા સદ્ગૃહસ્થો જેવાકે દેશી સરાફો ઇ૦ ની સલાહ આ વિષય લખવામાં લીધેલી છે.

મરાઠીમાં સરકારે "જમા ખર્ચની પદ્ધતિ" એ નામનું પુસ્તક ઘણી મુદતથી રચાવેલું છે, તે પુસ્તક મને આ વિષય લખવામાં ઘણું સહાયભૂત થયેલું છે માટે તેના કર્ત્તાનો હું ઉપકાર માનુંછું. તેમ આ પુસ્તક અથથીતે ઇતિસુધી ધ્યાનપૂર્વક તપાશી મને કેટલીક સૂચના ગોંડલ સ્ટેટના માજી એકાઉટંટ રા. રા. જેઠાલાલ પુરૂષોત્તમ વ્યાસે કરી તેને માટે હું તેમનો ઘણો આભારી છું.

આ ચોપડીનો લાભ ગરીબો પણ લેઈ શકે, તેને માટે વિષયોનો સમાવેશ થોડાકદમાં ઘણો કરી કિમ્મત પણ ઘણી ઓછી રાખી છે.

શીખવવાની રીત.—શીખનાર શીખવનારને સુગમ પડે માટે આ પુસ્તકમાં જમાખર્ચ નાખવાનાં મૂળતત્વો પાયરીબંધ ગોઠવેલાં છે. એ મૂળતત્વો બધાં સાથે સમજાવી જવાં નહિ, પણ દરેક મૂળતત્વ દાખલા સાથે સમજાવી તેપર મનોયત્નો આપી એક મૂળતત્વ પાકું થાય ત્યારે બીજું શીખવવું. દાખલાઓમાં નામ વર્ગના છોકરાંઓનાં લેવાં કે અરસપરસ થયેલો વ્યવહાર બરાબર સમજણ પડે. જેમ જેમ વિષય આગળ ચાલતો જાય તેમતેમ પાછલા નિયમો પાકા થાય તેને માટે તે નિયમોનો પણ ઉપયોગ કરવો પડે તેવાં મનોયત્ન આપવાં. પરીક્ષાનો સવાલ લાંબો ન થઈ જાય માટે કેટલીક વખત રોજમેળ બદલે આવરો લખાવવો. અમે આ હેતુથી છેવટે પરીક્ષાનું મનોયત્ન આવરામાં લખેલું છે. ગ્રંથ કર્તા.

અનુક્રમણિકા.

ખાતાવહી.

વ્યાજવહી.

સરવાયું.

ધંધા પરત્વે નામું રાખવાની પદ્ધતિ.

સરકારી ને દેશી નામાની રીત સંબંધી વિચાર.

દેશી નામાની પદ્ધતિ

(પ્રથમ પુસ્તક).

૧ વેપારી લોકો જે ચોપડા બાંધે છે, તેમાં ઘણું કરીને એક કાગળનાં ત્રણ અગર છ પાનાં પાડે છે. દરેક કાગળમાં સળ ચાર સવળા, ને ચાર અવળા પાડે છે; કેટલીક વખત કાગળ નાના હોવાથી ત્રણ ત્રણ સળ પાડે છે. સળનો ઉપયોગ લખાણની લીટીઓ નીયમિત રાખવાનો છે. કેટલાક વેપારો ચોપડા ગાથા દોરાથી બાંધે છે ને કેટલાક વચમાં દોરો નાખી બાંધે છે. ચોપડામાં કાગળ દેશી વાપરે છે. કેમકે તે ટકાઉ વધારે છે. હાલમાં હલકા ચોપડાઓમાં ફુલ્સકેપ કાગળનો બાવર થવા લાગ્યો છે.

૨ બીજા માણસ પાસેથી રોકડ અથવા બીજી રીતે જે પૈસા આપણી પાસે આવે તેનું નામ **જમા**, અને આપણી પાસેથી રોકડ અથવા બીજી રીતે જે પૈસા બીજા પાસે જાય તેનું નામ **ખર્ચ**. (ખર્ચ તરફની રકમને ખાતે, નામે, અથવા ઉધાર પણ કહે છે).

૩ જમા અને ખર્ચના મુખ્ય ચાર ચોપડા છે. (મોટા વેપારીને એથી વધારે રાખવા પડે છે) તેનાં નામ.—(૧) **સુડીઉં** (ઘડીઉં, દનીઉં), (૨) **રોજમેળ**, (૩) **ખાતાવહી**, (૪) **વ્યાજવહી**.

સુડીઉં.—જમા અથવા ખર્ચ થતાંજ તુરતા તુરત જે ચોપડામાં લખી રાખે છે અને જે પરથી રોજમેળ તૈયાર કરવામાં આવે છે તે. એમાં રોકડની રકમો ખાતાદારને માથે ભરે છે; ને રોકડ સિવાયની રકમો પેટામાં રહેવા દે છે તથા તે રકમોને બીજી બાજુએ જમા કે ઉધાર કરતા નથી; આથી કરીને સિલક કાઢવાને હરકત પડતી નથી.

રોજમેળ.—સુડીઆ તથા વ્યાજવહી પરથી એકંદર જમા ખરચનું નામું રાખવાનો ચોપડો. એમાં રોકડ સિવાયની રકમો પણ ખાતાદારને માથે ભરી તેને બીજી બાજુએ જમા કે ઉધાર કરી તે પછી સિલક કાઢવામાં આવે છે.

ખાતાંવહી.—રોજમેળ ઉપરથી ખાતાવાર રકમો ખતવવાનોચોપડો.

વ્યાજવહી.—ખાતાવહી પરથી વ્યાજુ ખાતાનો વ્યાજ કાઢવાનોચોપડો.

રોજમેળ.

૪ આપણી પાસે સિલક કેટલી, અને કયા આસામી તરફથી કેટલી મળી, અને શા માટે મળી; તથા આપણે બીજાને કેટલાપૈસા આપ્યા, ને તે શા વાસ્તે; એ રોજમેળ પરથી વિગતવાર સમજાય છે.

૫ રોજમેળના પાનાના ઉભા બે ભાગ કરી તેમાંથી ડાબી બાજુના ભાગમાં સિલક નીચે જમા અને જમણી બાજુએ ખર્ચ (ઉધાર) લખાયછે.

૬ નવા વર્ષ માટે રોજમેળ કાર્તક શુદ ૧ થી શરૂ કરી આસો વદ) સુધી વર્ષ ગણે છે ‡

૭ રોજમેળનો આરંભ કર્યા પહેલાં મથાળે તે કોનો છે અને કઇસાલનો છે તે લખવું. આવી રીતે હરેક ચોપડાને મથાળે લખવું. પછી નીચે લીટી દોરીને તે કયા દિવસનો મેળ છે તે મિતિ [સંવત, મહિનો, તિથિ, વાર*] લખી ડાબી બાજુના અર્ધ ભાગપર લીટી દોરી તેને આરંભે જ (જમા) અને જમણી બાજુએ તેવીજ લીટી દોરી તેને આરંભે ઉ(ઉધાર), લખવું. પછી તેની નીચે જમે પાસે આગલા દિવસની સિલક [જણુસ] હોય તે લખવી. જો સિલક [જણુસ] ન હોય તો વેપારી લોકો સિલકમાં ૦)૧ા દોકડો લખે છે, શુન્ય મૂકતા નથી. કેમકે શુન્યને અપશુકનની નિશાની ગણે છે. સિલક કાઢતી વખતે ૦) ૧ા દોકડાને જમાના સર્વાળામાં ગણુતા નથી, તેથી સિલક કાઢવામાં ભૂલ આવતી નથી. સિલક નીચે બેવડી લીટી દોરવી. પછી નીચે કોઇના આવેલા પૈસા હોય તે જમા અને અપાયલા પૈસા ઉધાર બાજુએ લખવા.

૮ રોજમેળ લખવામાં બે પ્રકાર છે. ૧ જેને વધારે વેપાર હોય છે તે તો તેમાં રોજને રોજ જમા ખર્ચ લખીને સિલક કાઢે છે તે. ૨. જેને રોજ ઘણી રકમોનું જમા ખર્ચ ન થતું હોય તે મહીનો અગર કાંઇ મુદ-

---

‡ હાલાર પ્રાંતમાં અષાડ શુદ ૨ થી વર્ષ શરૂ કરી અષાડ શુદ ૧ સુધી વર્ષ ગણુવાનો રીવાજ છે. હાલમાં સરકારી સંબંધવાળા કેટલાક જાન્યુઆરીની શરૂઆતથી ડીસેંબર આખર સુધી વર્ષ ગણે છે.

* હિંદુ મિતિ સાથે ઇંગ્રેજી તારીખ, માસ, સન, છેડે લખવાનો રીવાજ દાખલ કરવાનાં હાલમાં જરૂર છે, કેમકે કોરટોમાં ઘણી વખત તેની જરૂર પડે છે. કેટલાકે તે રીત દાખલ પણ કરીછે.

તનું જમા ખર્ચ લખીને એકદમ સિલક કાઢે છે તે. બીજી રીતે રોજમેળ લખનારે દરેક ખાતાદારના જમા ખર્ચની તિથિ જણાવવી જોઇએ, માસ જણાવવાની જરૂર નથી, પણ તિથિ ને વાર તો અવશ્ય લખવાં.

૯ જમા ખર્ચ લખતી વખતે રકમ રોકડ કિંવા જમાખર્ચી છે તે વાત પર ખૂબ લક્ષ રાખવું. રોકડ આવી હોયતો જમા, ને આપી હોયતો ઉધાર [નામે] લખવી, અને જમાખર્ચી હોયતો જમા કરીને ઉધાર પણ તરત લખવી અથવા ઉધાર કરીને જમા પણ તરત કરવી; કારણ સિલકમાં મેળ મળવો જોઈએ.

૧૦ જેને ખાતે રૂપિઆ જમા કરવાના હોય તેની પ્રથમ અટક, નામ ઠેકાણું, જમે બાજુએ લખી તેના પેટામાં રૂપિઆ જમે કરી તેની તપસીલ તેની સામે લખવી. તપસીલમાં તે કોના હસ્તુ આવ્યા તે તથા એ શામાટે આવ્યા એ બાબત ખસુસ લખવી એ પ્રમાણે જેટલી રકમો એક ખાતાદારના પેટામાં જમે કરવી હોય તેટલી વિગતવાર કરી પેટામાં સર્વાળો કરી એ સર્વાળો ખાતાદારને માથે ચડાવવો. પછી સર્વાળા નીચે બેવડી લીટી દોરી ખા. (ખાતાવહી) પા. [પાનું] કરવું. જ્યારે આ રકમ ખતવાશે ત્યારે ખાતાવહીના પાનાનો આંકડો ત્યાં થશે. એટલે તે ઉપરથી તે રકમ ખાતાવહીમાંથી ઝટ માલમ પડશે.

૧૧ બીજાને આપેલી રકમ ઉધાર બાજુએ લખવી. તેની સઘળી તપસીલ જમા કરવાની રીત મુજબ લખવી.

૧૨ ચોપડામાં આઠ સળ હોય છે તેમાં ચાર સળ જમા બાજુ માટે ને ચાર સળ ઉધાર બાજુ માટે હોય છે. જમા ઉધારની બાજુના ચાર સળમાંનો પહેલો સળ ખાતાદારની રકમ માથે ભરવા માટે રાખવો, ને બીજો સળ પેટામાં રકમ ભરવા માટે રાખવો, જ્યારે પેટામાં ઘણી રકમો હોય ત્યારે પેટાના બધા આંકડા ખુલ્લા દેખાય માટે જમા ઉધારનો બીજો સળ પેટાના આંકડા ભરવામાંજ વાપરવો. પણ જ્યારે એક રકમ હોય ત્યારે પેટાનો બીજો સળ પ્રથમ આંકડા માટે રાખી વિગત માટે બીજી લીટી દોરીએ ત્યારે તે સળ તેમાં લેઇ લેવો. કારણ પેટામાં સર્વાળો કરવાનો નથી. સરકારી રીત એક રકમ માટે પેટું પાડવાની નથી. હાલમાં તેના સંબંધથી કેટલાક તેમ કરતાં શીખ્યા છે.

છ સળ હોયતો જમા ઉધારની બાજુમાં એકેક સળ આંકડા માટે રાખવો, તેમાં અર્ધોસળ ખાતાદારને મથાળે આંકડા ભરવા સારૂ રાખવો, ને અર્ધોસળ જે બાકી રહે તે પેટામાં આંકડા ભરવા સારૂ રાખવો.

૧૩ જમા ઉધાર લખવામાં દેશી રીત રૂપિઆ સાથે આના અગરરૂપિઆ સાથે દોકડા લખવાની છે. માટે જ્યારે રૂપિઆ સાથે આના બરાબર નીકળી ન શકતા હોય ત્યારે રૂપિઆ સાથે દોકડા લખવાનો રીવાજ રાખવો. જેમ રૂ. ૫ાા—ાા, ૫)૧૪ાા દોકડા. તેમાં એક અપવાદ છે. એક આના કરતાં ઓછી કીમતનો આનો હોય ત્યારે આના ન લખતાં દોકડા લખવાનો રીવાજ છે, સબબ ૦ા, ૦ાા, ૦ાાા આનો કે દોકડો હોય તે કેમ ઓળખાય? માટે તેવે પ્રસંગે આના હોય તો દોકડા કરી લેવા. જેમ રૂ૫ાા૦ા આનો લખવો હોયતો રૂ ૫ાા૧ાા લખવો. ૪૦ પૂર્ણ આંકડો હોય ત્યાં અળાયો કરવો.

૧૪ સિલકની રકમને ખાતું પાનું કરવું નહિ.

૧૫ જમા ઉધારની રકમો બે પ્રકારની છે. (૧) **રોકડ** (૨) **જમાખર્ચી.** જે રકમનો અવેજ સિલકમાં પ્રત્યક્ષ આવીને મળે અગર સિલકમાંથી પ્રત્યક્ષ કમી થાય તે **રોકડ** રકમ.

જે રકમના અવેજમાં સિલક વધતી ઓછી થતી નથી, તથાપિ વ્યવહાર એવો થાય છે કે તે વડે એક આસામીને આપવું અગર લેવું થાય તે બીજાને ખાતે જમા અગર નામે ચડે છે તેવી રકમ **જમાખર્ચી** કહેવાય. જેમકે આપણે તેલના વેપાર સારૂ ઘાંચીને ઘેરથી ૫ મણ તેલ લાવ્યા તો તેલની કિમ્મત ઘાંચીને ખાતે જમે કરવી જોઇએ પણ તે રકમ તેલને ખાતે આપણી લ્હેણી થઈ માટે તે રકમ તેલની ખરીદી ખાતે ઉધારવી જોઇએ.

૧૬ રોજ સિલક કાઢવા માટે દરરોજ જમાખર્ચ થયા પછી જમાન બાજુનો જમા તરફ ને ઉધારની બાજુનો ઉધાર તરફ સર્વાળો કરવો. પછી જમા તરફના સવાળામાંથી ઊધાર તરફનો સર્વાળો બાદ કરવો, બાકી રહે તે સિલક જાણવી.. તે સિલક આવતા રોજને સારૂ ઉધાર બાજુએ લખીને સર્વાળો કરે છે, એટલે જમા ને ઉધાર તરફનો સર્વાળો બરાબર થાય છે. સિલક કેટલી રહેવી જોઇએ તે નકી કર્યા પછી કોથળી સાથે મેળવી જોવું કે ભૂલ હોય તો માલમ પડે. દિવસની આખરે ઉધાર તરફ સિલક કાઢીએ તે ઠેકાણે સિલકમાં વિગત બતાવવી.

૧૭ વેપાર અગર બીજા કોઇપણ કામને માટે જુદા કાઢેલા પૈસા જે ખાતે જમા કરવામાં આવે છે તે ખાતાને ભંડોળખાતું કહે છે. કેટલાક વેપારી ભંડોળખાતે જમા ન કરતાં પોતાને ખાતે જમા કરે છે. નાણાવટીને ઘેરથી ઊપાડી વેપાર શરૂ કરે તો નાણાવટીને ખાતે જમા કરે છે. પંત્યાળો વેપાર શરૂ કરે તો સઘળા ભાગીદારોની મુડી જેની તેને ખાતે જમા કરે છે.

૧૮ આપણે કોઇને બીજા પાસેથી રૂપિઆ અપાવીએ, તો જેની પાસેથી અપાવીએ તેને ખાતે જમા કરવા, અને જેને અપાવીએ તેને ખાતે ઉધારવા.

૧૯ આપણે કોઇને ઊછીના રૂપિઆ આપીએ તો જેને આપીએ તેને ખાતે ઉધારવા, અને આવે ત્યારે તેને ખાતે જમા કરવા. આવી રકમોને કેટલાક વેપારી ખાતાવહીમાં ન ખતવતાં ઉબળેક મૂકે છે, એટલે જમા ઉધારમાં આવી રકમના માથાના આંકડા નીચે ઊ (ઉબળેક) લખે છે. સિલક કાઢતી વખત જમા ઉધારના સર્વાળામાં તો તે ગણવામાં આવે છે.

૨૦ વેપારને માટે જે માલ લાવીએ, તે માલ ખરીદ ખાતે લખાય છે, અને તે માલનું વેચાણ થાય તે વકરાખાતે જમા થાય છે. રોજમેળમાં જમા બાજુએ વકરાખાતું અને ઉધાર બાજુએ ખરીદખાતું લખાય છે. પણ ખાતાવહીમાં તેનું એકઠું ખાતું પાડવામાં આવે છે તેનું નામ **ખરીદ વકરાખાતું**. ખાતાવહીમાં ખરીદ વકરાખાતામાં જમા બાજુએ વકરાખાતાની ને ઉધાર બાજુએ ખરીદખાતાની રકમો ખતવવી.

આપણા ઘરાકને આપણે કોઇને ત્યાંથી માલ અપાવીએ, તો જેને ઘેરથી માલ અપાવીએ તેને ખાતે તે માલ જમા કરવો, અને આપણા ઘરાકને ખાતે તે માલ ઉધારવો. એમાં ખરીદવકરાખાતાનો ઉપયોગ કરવો નહિ. આવા વેપારમાં આપણે આપણા ઘરાક પાસેથી માલની બેઠેલી કીમત ઉપરાંત વટાવ લીધો હોય તો તે વટાવ વટાવખાતે જમા કરી લેવો. એટલે મેળ મેળવવાને હરકત નહિ આવે.

વેપારી લોકો જે જે જાતનો વેપાર કરતા હોય તે દરેક જાતમાં વર્ષ આખરે નફો કે ખોટ શી જાય છે તે તેમને જાણવું હોય તો ખરીદ વકરા ખાતું નહિ રાખતાં દરેક વસ્તુની જાતવાર ખાતાં જુદાં જુદાં રાખે છે. પણ આવી રીત અમુક જાતનો મોટો વેપાર કરનાર જેવા કે અમુક જાતનું કાપડ જથાબંધ વેચનાર કાપડીઆ, જથાબંધ દાણા વેચનાર ફડીઆ, જથા-

બંધ વાસણો વેચનાર કંસારા ઈ૦ ને રાખી પાલવે. પરચૂરણ સઘળી જાતનો ધંધો કરનારને પાલવે નહિ. આ પુસ્તકમાં બંને રીતિઓનો ઉપયોગ કર્યોછે.

૨૧ કોઈને ત્યાંથી ઉધાર માલ લાવ્યા, તો તેને નામે માલની કિમ્મત જમા કરીને ખરીદખાતે ઉધારવી, અને કોઇને ઉધાર માલ આપ્યો હોય તો તેને નામે માલની કિમ્મત ઉધારી વકરાખાતે તે કિમ્મત જમા કરવી. જો આવા વેપારમાં થોડા પૈસા આપણે આપ્યા હોય તો તેને નામે તે પૈસા ઉધારવા, અને આપણને થોડા પૈસા મળ્યા હોય તો તે સખસને નામે જમા કરવા.

૨૨ ઉધાર વેચેલો માલ પાછો આવે, તો લાવનારને નામે માલની કિમ્મત જમા કરી ખરીદખાતે ઉધારવી, અને રોકડથી વેચેલો માલ પાછો આવે તો લાવનારને નામે જમા ન કરતાં ખરીદખાતે માલની કિમ્મત લખી તેને રોકડા પૈસા પાછા આપવા. કારણ પ્રથમ આપણે તે પૈસા વકરાખાતેજ જમા કરેલા છે.

૨૩ માલ આણતાં થયેલો સઘળો ખર્ચ ખરીદ ખાતામાંજ લખવામાં આવે છે. માલની મૂળ કિમ્મત તથા ખર્ચ વિગતવાર જણાવવાને માટે જે કાગળ લખાય છે તેને બરતીયું કહે છે.

૨૪ વેપારના માલમાંથી કેટલોક માલ બીજા કામમાં લીધો તો તે માલની કિમ્મત તે ખાતે જમા કરીને જે કામમાં તે માલ લીધો હોય તે ખાતે ઉધારવી. જેમકે ખાવાસારૂ ઘી, તેલ, ગોળ, દાણો ઘેર લેઇ ગયા હોઈએ, ધર્માદા ખાતામાં થોડો માલ આપ્યો હોય. ઈ૦

૨૫ ઘરમાં વાપરવા સારૂ જે જે વસ્તુઓ લાવીએ તેની કિમ્મત ખર્ચ ખાતે લખાય છે. ખર્ચ કઇ બાબતમાં કેટલો થાય છે તે જાણવું હોય તો બાબત વાર ખર્ચખાતાં જુદાં પાડવાં જોઇએ. જેમને બાબતવાર ખર્ચખાતાં જુદાં રાખવાં ન હોય તેમણે પણ ચાંલ્લા અને ઘરેણાખાતું તો અવશ્યે જુદું રાખવું જોઇએ.

ચાંલ્લાખાતું—શુભાશુભ પ્રસંગે એક બીજાને ચાંલ્લા કરવાનો રીવાજ છે, તેથી આ રીત અમુક મુદત સુધી ઉછીની રકમ આપ્યા જેવું થાયછે, તેથી આપણે ત્યાં આવેલો ચાંલ્લો બીજાને ત્યાં અવસર આવે પાછો વાળવો જોઇએ, તે વખતે આપણને મળેલો ચાંલ્લો જોવા સુગમ પડે માટે ચાંલ્લા ખાતું જુદું રાખવાની જરૂર છે.

ઘરેણાખાતું—હિંદુ લોકમાં ઘરેણાં ઘડાવવાનો રીવાજ બહુ છે માટે પોતાને ત્યાં કયા કયા દાગીના કેટકેટલી કિમ્મતનાછે તે જાણવા સારૂ આ ખાતું નોખું રાખવું જોઈએ.

ટીકા—પ્રપંચમાં કિંવા બીજા એવાજ કામ તરફ જે પૈસા ખર્ચ થાય તે વિગતવાર ખર્ચખાતે લખવાનો રીવાજ નથી.

૨૬ પૈસા ખર્ચખાતે લખાઈ ગયા પછી તેમાંના કાંઇ પૈસા પાછા આવે, તો તે ખર્ચખાતે જમા કરવામાં આવે છે. જેમકે ઘરમાં વાપરવા સારૂ ચાર સાલ્લા લાવ્યા તેમાં એક પસંદ ન પડવાથી વેચી નાંખ્યો.

૨૭ કોઇ પણ તરેહથી ધર્માર્થે જે પૈસો ખર્ચવામાં આવે છે તે **ધર્માદા** ખાતે લખવામાં આવે છે. ઘણા લોકોમાં પોતાની કમાણીનો અમુક ભાગ ધર્માદાખાતે કાઢવાનો રીવાજ છે, એવા લોકોએ સાલ આખરે થયેલો નફો નકી કરી તે પરથી ધર્માદાના પૈસા નકી કરી ધર્માદાખાતે જમા કરી લેવા, અને જ્યારે તે પૈસા વાપરવામાં આવે ત્યારે આ ખાતે ઉધારીને આપવા. ધર્માદાનું દેવું પૂરૂં થાય નહિ ત્યાં સુધી આ ખાતું માંડીવાળવું નહિ.

૨૮ કોઈ પણ જણસના વેપારમાં નફો થાય તો તે જે ખાતે જમા, અને ટોટો થાય અથવા આવવાના રૂપિઆ ડૂલે તો તે જે ખાતે નામે લખાય છે તેને **વટાવખાતું** કહે છે. જુદા જુદા વેપારમાં વટાવ શો મળે છે તે જાણવા માટે જુદાં જુદાં ખાતાં રાખે છે. જેમકે હુંડીઆમણખાતું, વ્યાજ ખાતું, ઈ૦ પરચૂરણ વટાવ મળે તેતો વટાવખાતામાંજ જમા ઉધાર કરે છે, જેમ સિક્કાની અદલાબદલીનો વટાવ, કમિશન, આડત, દલાલી, ઇ૦

અમુક મુંબઇગરા રૂપિઆના પૈસા વટાવીએ તો જેટલા પૈસા ૬૪ના ભાવથી વધારે મળે અથવા ઓછા આવે તેટલા પૈસા વટાવખાતે જમા અગર ઉધાર કરવા.

રૂપિઆની અદલા બદલી કરતાં આપણી પાસે જે સિક્કાના રૂપિઆ હોય તે કરતાં બીજા સિક્કાના જેટલા રૂપિઆ વધારે યા ઓછા આવે; તેટલા વટાવખાતે જમા કરવા યા ઊધારવા.

જે માલનું કમિશન નીયમિત હોય છે એવો કાંઈ માલ ખરીદ કર્યો તો ખરીદતાં લાગેલી કીમત કમિશન સુધાં ખરીદખાતે લખવી. ને કમિશન મળ્યું હોય, તેટલી રકમ વટાવખાતે જમા કરવી. ધારો કે રૂ. ૫૦)

ની ચોપડીઓ ખરીદી. તેમાં પાંચ ટકા કમિશન ગળ્યું તો રૂ. ૫૦) ખરીદ ખાતે લખી રૂ. ૫) વટાવખાતે જમા કરવા.

આડતીઆ પરદેશમાં એક બીજાનો માલ વેચી આપે છે, અગર લેઇ આપે છે. તેપર સેંકડે અમુક ટકા આડત લે છે. આનો હિસાબ ઘણું કરી વર્ષ આખરે સમજે છે. હિસાબ સમજતાં આડત દેવી નીકળે તો આડતીઆને ખાતે જમા કરી વટાવખાતે ઉધારવી. અને લ્હેણી નીકળે તો એથી ઉલટું કરવું.

દલાલ લેનાર દેનાર વચ્ચે સાટું કરાવી આપે છે. આપણે કોઇને માલ અપાવીએ તેમાં દલાલી ગળે તો વટાવખાતે જમા કરવી; અને માલખરીદતાં આપવી પડે તેતો માલની ખરીદીખાતેજ ઉધારવી.

૨૯ એકાદ ખાતાની રોકડ રકમ જમા કરવાને બદલે ઉધારી ગયા, અથવા ઉધાર્યાને બદલે જમે કરી ગયા તો તે ભૂલ સાંજે સિલક મેળવતી વખત પકડાશે. ભૂલ સુધારવા માટે જમા બદલે ઉધાર થયેલી રકમ બેવડી જમા કરવી અને ઉધાર બદલે જમા થયેલી રકમ બેવડી ઉધાર કરવી, તથા ભૂલ થઇ છે એમ તપસીલમાં લખવું.

એકાદને બદલે બીજાને ખાતે રકમ લખી ગયા તો તે ભૂલ સિલક કાઢતાં પકડાય નહિ. એવી ભૂલ તો ખાતાદાર સાથે હિસાબ કરતી વખતે પકડાય. જ્યારે ભૂલ પકડાય ત્યારે જેને ખાતે જમા અથવા ઉધાર થયું છે તેને ખાને ઉધાર અથવા જમા કરી ખરા માલીકને નામે જમા અથવા ઉધાર કરવું. વિગતમાં ભૂલ થયાનું કારણ જણાવવું.

કોઈને ખાતે રોકડ રકમ જમા કરવી ભૂલી ગયા, તેથી સિલક કાઢતાં રૂપિઆ વધે ને ભૂલ યાદ ન આવે તો તે રૂપિઆ વધઘટ અથવા અનામત ખાતે જમા કરવા, એમજ ઘટે તો વધઘટ અથવા અનામત ખાતે ઉધારવા. જ્યારે ભૂલ પકડાય ત્યારે વધઘટ ખાતે જમા થયેલી રકમ વધઘટ ખાતે ઉધારી જેના હોય તેને ખાતે મૂળ મિતિના જમે કરવા. વધઘટ ખાતે ઉધરેલી રકમનેમાટે એથી ઉલટું કરવું. વિગતમાં ભૂલનું કારણ જણાવવું. ખાતાવહીમાં વધઘટ ખાતું પાડવું જોઈએ.

૩૦ કોઈ ખાતાદાર પોતાના ખાતાનું દેવું બીજાને કબુલાવે ત્યારે તેણે **હવાલો આપ્યો** અને આપણે **હવાલો લીધો** એમ કહેવાય છે. હ-

વાલાનું જમાખર્ચ નાખતી વખતે જે માણસે હવાલો આપ્યો તેને ખાતે જમા અને જે હવાલાની રકમ આપવા કબુલ થયો છે તેને ખાતે ઉધારવી. એક લે'ણદારના ખાતામાં બીજાનાં નામ ઉમેરવાં હોય ત્યારે મૂળ લે'ણદારના ખાતામાં લે'ણી રકમનો હવાલો જમે કરી મૂળના અને નવા થનાર લે'ણદારોના ખાતામાં તે હવાલો ઉધારાય છે.

૩૧ સાહુકાર પાસેથી કરજે રૂપિઆ લેતી વખત તેમાંથી તે કરજે કાઢનારની સાહુકારી પ્રમાણે સેંકડે અમુક ટકા કાપી લે છે તેને **મંડામણી** અથવા **કોથળી છોડામણના** રૂપિઆ કહે છે. આવી વખતે ધરાકને નામે જેટલા રૂપિઆ ધીર્યા હોય તેટલા રૂપિઆ લખવા ને પેટામાં બતાવવું કે આટલા રોકડા ને આટલા મંડામણીના. એ મંડામણીના પૈસા વ્યાજખાતે જમેકરવા.

૩૨ સાહુકાર પાસેથી ગરીબ લોક કરજે નાણું લેઇ તેના હપતા માંડી આપે છે. દેણદાર દરેક હપતે ઠરાવ મુજબ રૂપિઆ ભરે છે. ઠરાવ મુજબ ઠરાવેલે દિવસે હપતો ન ભરે તો તેનું વ્યાજ ઠરાવેલા દર પ્રમાણે આપે છે. સાહુકાર આના બદલામાં ધીરેલા રૂપિઆનું વ્યાજ તથા કોથળી છોડામણના રૂપિઆ પ્રથમ સેંકડે યા વીશ રૂપિઆપર ઠરાવેલા દર મુજબ કાપી લે છે. આવી રીતે કરજે નાણાં લેવાની રીતને **કાંધું** માંડવું કહે છે. સાહુકારે કાપી લીધેલી રકમ મંડામણી તરીકે ગણાય છે. આવી રીતે કાંધું માંડેલા રૂપિઆ ઉધારતી વખત તેનો ઠરાવ બધો લખવો, તથા પેટામાં રોકડા કેટલા, ને મંડામણી કેટલી તે પણ જણાવવું. કાંધાની મંડામણી વ્યાજ ખાતે જમા કરવી.

૩૩ કોઇ માણસ આપણાપર રૂપિઆ મોકલી માલ મંગાવે, તો આવેલા રૂપિઆ તેને ખાતે જમા કરવા. પછી તે માલ આપણે આપણી દુકાનમાંથી મોકલીએ ત્યારે મંગાવનાર માણસને ખાતે ઉધારી તે પૈસા વકરા ખાતે જમા કરવા. જો તે માલ આપણી દુકાનમાં ન હોય તો જેને ત્યાંથી લાવીએ તેને ખાતે જમા કરી મંગાવનાર માણસને ખાતે લખી મોકલી દેવો. માલ મોકલવાની વાર હોય તો જેનો લાવ્યા તેને ખાતે જમા કરી ખરીદ ખાતે ઉધારી દેવો, પછી જ્યારે મોકલીએ ત્યારે તેને ખાતે ઉધારી વકરા ખાતે જમા કરવો.

૩૪ આપણે કોઇની સાથે કાંઇ પણ માલ વાયદે લેવાનો ઠરાવ કરી અમુક રૂપિઆ બાનામાં આપીએ, તો પ્રથમ જે રૂપિઆ બાનામાં આપ્યા હોય તે તેને ખાતે ઉધારવા, અને તેમાં સઘળો ઠરાવ નોંધવો. મુદત થયે માલ જોખી લાવી તેને ખાતે જમા કરવો ને તે ખરીદ ખાતે ઉધારવો. મુદત થયે માલ ન આપે ને કરાર તોડે તો એ કરાર તોડયાના બદલામાંજે રૂપિઆ લેવાનો ઠરાવ થાય તે લેઇ વટાવ ખાતે જમા કરવા. આપણે કરાર તોડીએ ને તે બદલ ખોટ આપીએ તો તે વટાવ ખાતે ઉધારીને આપવી.

જો આપણે માલ આપવો સહી કરી બાનામાં પૈસા લીધા હોય તો ઉપરની રીતથી ઉલટી રીતે નામું લખવાનું થાય છે.

કેટલાક ભાગમાં હાર જીતનાં સાટાં થાય છે. તેનું નામું પ્રથમ રોજમેળમાં લખાય નહિ. એ સાટાં કરવાની રીત એવી છે કે અમુક મુદતે અમુક ભાવે અમુક માલ આપવા લેવાનાં સાટાં થાય છે. મુદત થયે સઘળા સાટાં કરનારા ભેગા થઇ ભાવ ખંડે છે. એ ખંડેલા ભાવ પ્રમાણે હિસાબ ચૂકવતાં જે લેણું દેણું નીકળે તે વાયદાની મુદતના રોજમેળમાં જમા ઉધાર થાય છે આનું નામું પ્રથમ લખી રાખવાની જે ચોપડી હોય છે તેને કબાલાવહી કહે છે તેનું વર્ણન આગળ કરવામાં આવશે.

૩૫ પરદેશમાં કોઇ માણસનું દેવું હોય તેને આપણે કોઇની સાથે રૂપિઆ મોકલીએ તે રૂપિઆ પહોંચ્યાનો જવાબ આવે નહિ ત્યાં સુધી મોકલેલા રૂપિઆ લેઇ જનાર માણસના હથુ (હસ્તે) ખાતે‡ લખી રાખવામાં આવે છે. જવાબ આવેથી હથુ ખાતે જમાકરી જેને રૂપિઆ મોકલ્યા હોય તેને ખાતે ઉધારવામાં આવે છે. હથુ ખાતાનો ઉપયોગ ઘણા કામમાં કરવામાં આવે છે. માલ લેવા રૂપિઆ મોકલ્યા તે જ્યાં સુધી માલીકે માલ ખરીદ્યો નથી કે તેને (જાતે ન ગયો હોયતો) માલ પહોંચ્યો નથી ત્યાં સુધી હથુ ખાતે રાખવામાં આવે છે.

આપણા આડતીયાપર માલ વેચવા મોકલીએ તો તે આપણી કીમત મુજબ આડીઆના હથુ ખાતે લખી મોકલવો ને તે કીમત વકરા ખાતે જમે કરવી. ભરતીયું વેચાણનું આવેથી આડતીયાને ખાતે તે પૈસા ઉધારી આડતીયાના હથુ ખાતે જમા કરવા. મિતિ ભરતીયામાં હોય તે લખવી, વા-

‡ હથુ ખાતું સરકારી હિસાબમાં રખાતા રવાનગીખાતાને તદન મળતુંછે.

પદે વેચાણ થએલું હોય તો તે વાયદાની મુદત તેમાં બતાવવી. આટલું કર્યા પછી મૂળનું આડતીયાનું હથુ ખાતું સરભર કરવું. હથુ ખાતામાં રૂપિઆ દેવા નીકળેતો હથુ ખાતે ઉધારી વકરા ખાતે જમા કરવા, અને લેણા નીકળેતો હથુ ખાતે જમેકરી ખરીદ ખાતે ઉધારવા.

હથુ ખાતાની રીત બહુ લાભકારી છે. ધારો કે એક વેપારીએ કેટલાક રૂપિઆની રવાનગી કરી, પછી તે રૂપિઆ લેઈ જનારાને રસ્તામાં ચોરોએ લૂટી લેઇ મારી નાંખ્યો. તે ખબર રૂપિઆ મોકલનારને માલમ પડી એટલે તે તરત હથુ ખાતે ઉધારેલા રૂપિઆ હથુ ખાતે જમા કરી વટાવ ખાતે ઉધારી વાળશે. આપરથી જણાશે કે ખાસ લે'ણી રકમ કોઇ ખાતે નક્કી થયા સિવાય નાખવી એ સારૂં નહિ.

૩૬ કોઈ માણસે કાંઇ રૂપિઆ આપણા ઉપર મોકલ્યા, પરંતુ કયે ખાતે જમા કરવાના છે, અથવા કોની પાસેથી આવ્યા, અથવા પોતાના છે એ જણાયું નહિ ત્યારે તે રકમ જે ખાતે જમા કરવામાં આવે છે તેને **અનામત ખાતું** કહે છે.

૩૭ કોઈ માણસને કાંઈ કામ સારૂ અગાઉથી બાના તરીકે કાંઇ પૈસા આપવામાં આવે છે. તે દેશી વેપારીઓતો તેને ખાતેજ લખી આપે છે તે પેટામાં તેની વિગત બધી લખે છે. સરકારી હિસાબમાં આવી રકમ ધણીને ખાતે નહિ ઉધારતાં **તસલમાતખાતે** લખી આપવામાં આવે છે. ને પેટામાં કોને શામાટે આપ્યા તે લખવામાં આવે છે. માલ આવેથી તસલમાતખાતું પૂરૂં કરે છે.

૩૮ દરિઆ ઈ૦ માર્ગે માલ મોકલવામાં તથા મંગાવવામાં આવે છે ત્યારે જોખમને લીધે તેનો **વીમો** ઉતરાવવામાં આવે છે. વીમા માટે ખર્ચેલા પૈસા માલની ખરીદી ખાતે લખવામાં આવે છે. વીમાવાળા તે પૈસા વીમા ખાતે જમા કરે છે, અને જોખમ થવાથી તે માલની કીમતભરી આપવી પડે તો વીમા ખાતે ઉધારીને આપે છે.

૩૯ જે કોઈ સાહુકાર બીજા માણસને બીજે ઠેકાણે પૈસા આપવા માટે પોતાના આડતીયા ઉપર જે ચીઠી આપે છે તેને **હુંડી** કહે છે. હુંડીને કડકો અથવા ચીઠી પણ કહે છે.

હુંડી ત્રણ પ્રકારની છે. ૧ શાહજોગી. ૨ નામજોગી, ૩ ધણીજોગી.

જે હુંડીના રૂપિઆ હુંડી લાવનાર કોઇપણ લાયક માણસને ખોળાધર દઈ મળે છે તેને **શાહુજોગી** હુંડી કહે છે. એ હુંડી વેચવી હોય તો વેચાય. વેચતી વખતે હુંડીના મથાળાપર એવી રીતે લખે છે કે લી૦ ફલાણા જત આ હુંડી મેં ફલાણા સાહુકારને વેચી છે. આમ ન લખે તોપણ ચાલે, ઘણા લખતા પણ નથી, કેમકે નાણાં સાહુકાર જોગ આપવા લેવાનાં છે. આ હુંડીનું જોખમ નાણાં આપનારને માથે છે.

જે હુંડીના રૂપિઆ હુંડીમાં જે મનુષ્યને આપવા બાબત લખેલું હોય તેનેજ તે મળે છે, બીજા કોઇને મળતા નથી, તે **નામજોગી** હુંડી કહેવાય છે. આવી હુંડી હાલ બહુ લખાતી નથી કેમકે સરકારે કરેલા મનીઓર્ડર તેની ગરજ સારે છે. દક્ષિણ ગૂજરાતમાં નામ જોગી હુંડીજ લખાય છે, નામ જોગી હુંડીનાં નાણાં આપતી વખતે પણ ખોળાધર લેવાનો ચાલ છે. આ હુંડીનું જોખમ નાણાં આપનારને માથે છે.

જે માણસે રૂપિઆ આપીને હુંડી લીધી તેનેજ તે રૂપિઆ મળે છે, બીજા કોઇને મળતા નથી, આવી હુંડીને **ધણી જોગી** હુંડી કહે છે. આવી હુંડીની ગરજ હાલમાં સરકારી ચલણી નોટો વાળે છે. આ હુંડી હાલમાં બહુ લખાતી નથી. અસલ બહુ ચાલતી. હુંડી લેનાર ધણીને આવી હુંડી લેઇ દૂર દેશાવર જવું હોય ત્યારે આડતીઆ પર નાણાવટી હુંડી શિકારી આપવા બાબત જે કાગળ લખે છે. તેમાં તેના શરીરપરની નિશાની તલ વગેરે જે કાંઇ હોય તે લખે છે.

આ હુંડી શિકારી આપ્યાનું જોખમ લખનારને માથે છે, કેમકે આડતીઓ તો નિશાની જોઈ રૂપિઆ આપે.

હમેશાં હુંડી લખનાર નાણાવટી હુંડી લખ્યાપછી તે શિકારી આપવા આડતીયાપર કાગળ લખે છે એ કાગળ પહોંચ્યા વગર આડતીઓ નાણાં આપતો નથી.

૪૦ સાહુકારને ત્યાં રૂપિઆ જમા કરાવીને એ રૂપિઆ અમુક માણસને પહોંચાડી તેનો જવાબ આણી આપવા માટે સાહુકારને કહ્યું એટલે સાહુકાર રૂપિઆ પહોંચાડયાનો જવાબ આણી આપે છે. રૂપિઆ ભરનારાને હુંડીનો કાગળ લેવાની જરૂર રહેતી નથી. એવી હુંડીને **જવાબીહુંડી** કહેછે.

૪૧ સાહુકારને જે શેહેરમાં પોતાની આડત નથી તે શેહેરમાં હુંડી ક-

રવી પડે અથવા જે સાહુકારને ત્યાં પોતાનું ખાતું નથી તેનાપર હુંડી લખવી પડે તો તે હુંડી આપીને તરતજ હુંડીનો અવેજ અગર તેટલા અવેજની બીજા સાહુકાર ઉપરની હુંડી મોકલે છે તેવી હુંડીને **લે'ણી હુંડી** કહે છે

૪૨ જે હુંડી સાહુકારની દુકાને બતાવતાંજ પૈસા મળે એવી હુંડીને **તરત મુદ્દતની હુંડી** કહે છે.

૪૩ જે હુંડીમાં હુંડી દેખાડયા પછી અમુક દિવસે પૈસા આપવા એવી બાબત હોય છે તેને **મુદતી** હુંડી કહે છે. એ પ્રકારની હુંડી સાહુકાર પાસે લેઇ જઇએ એટલે તે હુંડી નોંધી લેઇ તેના ઉપર મિતિ નાખી આપે છે, તેને દેખાડ નાખી આપ્યો કહે છે. પછી મુદત પાકે પૈસા આપે છે. કારણ પરત્વે મુદતની વાટ જોવાને સવડ ન હોય તો મુદતના દહાડા બદલ વેપારીની રીતે વ્યાજ કાપી લેઇ પૈસા આપવાનો સરાફીમાં વહીવટ છે.

મુદતી હુંડીમાં નીચે મુજબ મુદત લખાય છે.

દિનવળતાની એટલે હુંડી દેખાડયા પછી બીજે દિવસે નાણું મળે.

મુદતવાર ભોમની એટલે દેખાડ થયા પછી ચોથે દિવસે નાણું મળે.

મુદત દિન ચાર ચારની એટલે દેખાડ થયા પછી નવમે દિવસે નાણું મળે.

બાંધી મુદતની એટલે ફલાણી તારીખે અથવા ત્યાર પછી નાણું મળે, અથવા હુંડીમાં લખ્યા મુજબ દેખાડ થયા પછી અમુક દિવસે નાણું મળે.

૪૪ હુંડી ઇત્યાદિના પૈસા પદરમાં લેઇને તેજ હુંડી ઇત્યાદિ ઉપર રૂપિઆ ભરીપૂરીને પામ્યો એવો જે લેખ લખી આપે છે તેને **ભરપાઈ** કહે છે. હુંડી ભરપાઇ થઇ એટલે તે હુંડી ખોખું કહેવાય છે. એ ખોખું આડતીઓ હુંડી લખનાર ધણીપર મોકલે છે.

૪૫ હુંડી બાબત સાહુકારના કેટલાક દસ્તુરઃ—૧ હુંડી ગેરવલ્લે પડે તો **પેંઠ** લખે, પેંઠ ગેરવલ્લે પડે તો **પરપેંઠ** લખે, પરપેંઠ ગેરવલ્લે પડે તો **કાગળ** લખી આપે.

૨ જેનાપર હુંડી હોય તે ખુશીથી હુંડી શિકારે નહિ તો હુંડી લેનાર ધણીને અમદાવાદ સુરત વગેરે ઠેકાણે ટકા લેખે વ્યાજ, ને સેંકડે એક ટકો ખેપ નકરામણ (ના કહેવી) વિગેરે બાબતનો મળે. મહિનાથી ઓછા દિવસ હુંડી લખી આપ્યાને થયા હોય તો આખા મહિનાનું વ્યાજ મળે, મહિના કરતાં વધારે મુદત થઇ ગઇ હોય તો જેટલી મુદત થઇ હોય તે–

ટકી મુદતનુંજ ઉપર પ્રમાણે મળે. આ બાબત જુદા જુદા શહેરમાં જુદી જુદી રીત છે.

૩ જેનાપર હુંડી લખી હોય, તે જો હુંડી પહોંચ્યા અગાઉ દેવાળું કાઢે તો લખનાર ધણી ખેપ નકરામણુ તથા વ્યાજ આપે નહિ.

૪ હુંડી શકરાયા પહેલાં હુંડી લખનાર માણસ દેવાળું કાઢે તો હુંડી લેનાર ધણીના રૂપિઆ જાય, અને હુંડી શકરાયા પછી લખનાર ધણી દેવાળું કાઢે તો આડતીઆના રૂપિઆ જાય. માટે હુંડી લેનારે ખાસ લખનાર ધણીની સાહુકારીનો વિચાર કરવો જોઈએ.

૫ હુંડી લીધા પછી તેનો ખપ ન હોય ને પાછી આપવી હોય તો તે લખાવનારને તેનાં નાણાં લખનાર ધણી અગર બીજો સાહુકાર ભાવ પ્રમાણે આપે. હુંડીમાં લખેલાં નહિ.

૬ સાહુકારને ત્યાં રૂપિઆ ભરવા હોય તો કેટલેક ઠેકાણે દસ્તુર છે કે સાંજ સુધી રૂપિઆ આપે, તો તે તારીખનાજ જમા કરે. ને અમદાવાદ વિગેરેમાં દિવસના બાર વાગ્યા સુધી આપે તો તે તારીખનાજ જમા કરે. બાર વાગ્યા પછી બીજી તારીખનાજ જમા કરે.

હુંડી બાબત જુદો કાગળ લખે છે તેમાંના શબ્દાર્થ.

૪૬ નાણાવટીઓ દેશાવરમાં પરસ્પર આડત રાખી એક બીજાપર હુંડીઓ લખે છે. જ્યારે પોતાની ખુશીથી એક બીજાપર હુંડી લખે તે અમારી વતીની હુંડી કહેવાય છે. એમાં હુંડી લખતાં હુંડીઆમણમાં નફો આવે, ખોટ જાય, યા સરભર થાય તેનો ધણી લખનાર પોતે છે. જ્યારે આડતીયાના મંગાવ્યાથી પોતે તેનાપર હુંડી મોકલે તે તમારી વતીની હુંડી કહેવાય છે. તમારી વતીની હુંડી એ ખરેખરી કબુલાવ્યાની ચીઠી છે. આપણે તમારી વતીની હુંડી મોકલીએ તેમાં નફો યા નુકશાન આપણુને થતું નથી. જેનાપર મોકલીએ તે માણસ નફા ખોટનો ધણી છે. મતલબ કે આપણુને બેઠેલા પૈસા મળે છે. હુંડી મોકલ્યા બાબત જે કાગળ લખવો પડે છે તેમાં તે અમારી વતીને ખાતે કે તમારી વતીને ખાતે જમા યા ઉધાર કરજો એ ખાસ લખવું જોઇએ.

અમારી વતીને ખાતે હુંડી હોય, ત્યારે લખનાર ધણી રોજમેળમાં પોલી તારીખ રાખે, ને ખોખું પાછું આવે ત્યારે તેમાં ભરપાઈની તારીખ

હોય તે તારીખ રોજમેળમાં લખે. એ હુંડીનું જોખમ† લખનારને માથે છે.

તમારી વતીને ખાતે હોય, તો જે તારીખે લખી આપે, અથવા બીજાની લખેલી મોકલે તે તારીખની જમા ઉધાર કરે, એવી હુંડીનું જોખમ જેના ઉપર લખે છે તેને માથે છે.

જ્યારે તમારી વતીની હુંડી ના લખાવે ત્યારે અમારી વતીની સમજવી.

હુંડીનું જમાખર્ચ નાખવા વિષે.

૪૭ હુંડીનું જમાખર્ચ નાખવામાં ચાર પ્રકાર છે.

૧ લો પ્રકાર. હુંડી લખનાર ધણી જમા ખર્ચ કેમ નાખે તે વિષે.

૨ જો પ્રકાર. આડતીઓ આપણા ઉપર હુંડી લખે તેનું જમાખર્ચ કેમ નાખવું તે વિષે.

૩ જો પ્રકાર. રાખ્યાવાળો ધણી પોતાના ચોપડામાં જમા ઉધાર કેમ નાખે તે વિષે.

૪ થો પ્રકાર. જે હુંડી સાથે આપણો સંબંધ ન હોય તેની ખરીદી વકરો કરીએ તેનું જમા ખર્ચ કેમ નાખવું તેવિષે.

૧પહેલોપ્રકાર ૧લીરીત- કોઇની પાસેથી રૂપિઆ રોકડા લેઇ હુંડી લખી આપીએ તેનું જમા ખર્ચ ત્રણ પ્રકારે થાયછે.

अ રાખ્યા વાળા ધણીને જેટલા રૂપિઆની હુંડી લખી આપીએ,તેટલા રૂપિઆ હુંડી ખાતે જમા કરવા. ખોખું આવેથી હુંડી ખાતે ઉધારી આડતીયાને ખાતેજમે કરવા (અમે આ પુસ્તકમાં આ રીતનો ઉપયોગ કર્યોછે, કેમકે તે ઘણે ઠેકાણે ચાલેછે).

ब રાખ્યા વાળા ધણીને જેટલા રૂપિઆની હુંડી લખી આપીએ, તેટલા રૂપિઆ રાખ્યા વાળા ધણીને ખાતે જમા કરવા. ખોખું આવેથી રાખ્યા વાળા ધણીને ખાતે ઉધારી આડતીયાને ખાતે જમા કરવા.

क રાખ્યા વાળા ધણીને જેટલા રૂપિઆની હુંડી આડતીયાપર લખી આપીએ, તેટલા રૂપિઆ આડતીયાને ખાતે જમા કરવા, ને તિથિ પોલી રાખવી, ખોખું આવેથી ફકત ભરપાઇની મિતિ તે વખતે નાખવી.

---

† હુંડીનું જોખમ એટલે જેનાપર હુંડી લખી હોય, તે ધણી હુંડી શિકારે નહિ તો હુંડીનું વ્યાજ, ખેપ તથા નકરામણુ વિગેરે જે થાય તે.

ગમે તે રીતે આ પ્રકારમાં જમાખર્ચ કરીએ, પણ હુંડી લખતાં જે વટાવ મળ્યો હોય તે તેજ દિવસે હુંડીઆમણ ખાતે જમા કરવો, અને આપ્યો હોય તો હુંડીઆમણ ખાતે ઉધારવો. સરભર ભાવે આપી હશે તો હુંડીઆમણ ખાતે જમા અથવા ઉધાર કરવું પડશે નહિ.

૨ જી રીત. જો કોઈને નામે હુંડી લખી આપીએ, તો તેને ખાતે હુંડીની કિમ્મત ભાવ પ્રમાણે થાય તેટલી ઉધારી હુંડી ખાતે જેટલાની હુંડી હોય તેટલા જમા કરવા. બાકીના પૈસા હુંડીઆમણ ખાતે ઉધારવા અથવા જમા કરવા. ખોખું આવેથી હુંડીના રૂપિઆ હુંડી ખાતે ઉધારી આડતીઆ-ને ખાતે જમા કરવા.

૩ જી રીત. તમારી વતીને ખાતે રોકડેથી અથવા ઉધાર હુંડી લખી આપીએ, તેમાં નફા ખોટના ધણી આપણે નથી પણ આડતીઓ છે. આ-વી હુંડી લખી આપીએ તે વખતે તેનું જમા ખર્ચ ઉપરની રીતે નાખી, ખોખું આવેથી તે હુંડીના જેટલા પૈસા આપણને મળ્યા હોય, તેટલા આ-ડતીઆને ખાતે મૂળ મિતિના જમા કરવા, તથા મૂળનું હુંડી તથા હુંડી-આમણ ખાતું સરભર કરવું. એટલે હુંડી ખાતે જેટલા પૈસા જમા થએ-લા છે તેટલા હુંડી ખાતે ઉધાર થશે, અને જેટલા હુંડીઆમણ ખાતે જમા અથવા ઉધાર થયેલા છે તેટલા હુંડીઆમણ ખાતે ઉધાર અથવાજમા થશે.

બીજો પ્રકાર—૧ જે માણસ લેઇ તે હુંડી આવે, તેને હુંડીમાં લખેલાં નાણાં આડતીયાને ખાતે લખી આપવાં. મિતિ નાણાં પાક્યાની નાખવી.

૨ ઉપરની હુંડી આપણા લખવાથી આડતીયાએ આપણા પર લખી હોય તો તે તમારી વતીની હુંડી થઇ, એમાં તે હુંડીના જેટલા પૈસા આ-ડતીયાને મળ્યા હોય તેટલા તેને ખાતે ઉધારવા, ને મિતિ હુંડી લખેલી જે તિથિની હોય તે નાખવી. હુંડી લાવનાર સખ્સને તો હુંડી જેટલાની હોય તેટલા પૈસા ગણી આપવા. આમાં આપણને વટાવ મળ્યો હોય તો તે હુંડી આમણ ખાતે જમા કરવો, અને ખોટ ગઈ હોય તો હુંડીઆમણ ખાતે ઉધારવી.

૩ જો પ્રકાર—૧ રોકડેથી જેની પાસેથી જેટલા રૂપિઆની હુંડી લે-ઇએ, તેટલા રૂપિઆ તેને ખાતે ઉધારવા. વટાવ બેઠો હોય તો હુંડીઆમણ ખાતે ઉધારવો. ને મળ્યો હોય તો હુંડીઆમણ ખાતે જમા કરવો. આ હુંડી જે આડતીઆપર બીડીએ તેનો જવાબ આવેથી જેને નામે તેનાં ના-

ણું લખેલાં છે તેને ખાતે જમા કરી આડતીઆને ખાતે ઉધારવાં. તિથિ આડતીઆને નાણું મળ્યાની નાંખવી.

જે ગામની હુંડી હોય તે ગામપર ન બીડતાં બીજા ગામપર બીડીએ, તો ત્યાં જે પૈસા ઉપજે તેટલા આડતીઆને ખાતે લખવા, અને હુંડી લખનાર ખાતે જમા તો હુંડી જેટલાજ કરવા. તેમ કરતાં વટાવ મળ્યો હોય તો હુંડીઆમણ ખાતે જમે અને ખોટ ગઇ હોય તો હુંડીઆમણ ખાતે ઉધારવી.

૨ શેકડેથી ખરીદેલી હુંડી તમારી વતીને ખાતે આડતીઆપર બીડી હોય તો આડતીયાને નાણું મળ્યાનો જવાબ આવેથી આપણે બેઠેલા પૈસા મૂળ મિતિના તેને ખાતે ઉધારવા, ને પ્રથમ જેને ખાતે જેટલા પૈસા ઉધારેલા છે તેને ખાતે તેટલા પૈસા જમે કરી લેવા. પછી વધઘટ હુંડીઆમણ ખાતે નાખી મેળ મેળવવો. આડતીયો મૂળ મિતિનાં નાણાં મજરે આપે.

૩ ખાતે લખાવીને જેની પાસેથી જેટલાની હુંડી લેઇએ, તેને ખાતે એ હુંડીની ભાવ પ્રમાણે કિમ્મત થાય તે જમા કરવી, પછી હુંડીનાં નાણાં હુંડી ખાતે ઉધારવાં, ને વટાવ મળ્યો હોય તો હુંડીઆમણ ખાતે જમે અને આપ્યા હોય તો હુંડીઆમણ ખાતે ઉધારવો. આ હુંડી જેના પર બીડી હોય તેને નાણાં મળ્યાનો જવાબ આવેથી તેને ખાતે ઉધારી હુંડી ખાતે જમા કરી લેવા. આડતીયાને ખાતે મિતિ ભરપાઈની નાખવી.

જે ગામની હુંડી હોય તે ગામ ન મોકલતાં બીજા ગામપર વેચવા મોકલીએ, તો ત્યાં આડતીઆને વેચતાં નફો અથવા નુકશાન થાય, તેનો જવાબ આવેથી તેને ખાતે વધારામાં નફો થયો હોયતો ઉધારવો. ને ખોટ ગઈ હોય તો જમા કરવી પછી એ નફો કે ખોટ હુંડીઆમણ ખાતે જમા કરવી અથવા ઉધારવી. એટલે મેળ મળશે.

૪ આ પ્રકારની હુંડી તમારી વતીને ખાતે આપણા આડતીયાપરબીડી હોય. મતલબ કે તેની ગરજે તેણે મંગાવી હોય. તો આપણે બેઠેલા પૈસા તેને ખાતે ઉધારવા. તિથિ પણ આપણે જે દિવસે રવાના કરીએ તે દિવસની મજરે આપે.

ચોથો પ્રકાર—એ હુંડી ખરીદતાં જેટલા પૈસા બેસે, તેમાં જેટલાની હુંડી હોય તે હુંડી ખાતે ઉધારવા. ને વટાવ હુંડીઆમણ ખાતે જમા કરવો

અથવા ઉધારવો. જ્યારે તે આપણી દુકાને વેચીએ, ત્યારે જે પૈસા ઉપજે તેમાંથી જેટલાની હુંડી હોય તે હુંડી ખાતે જમા કરવા ને નફો નુકસાન થયું હોય તે હુંડીઆમણ ખાતે જમા કરવું યા ઉધારવું.

જે ગામની હુંડી હોય તે ગામના આડતીયાપર, અગર બીજે ગામ, અગર તમારી વર્તીને ખાતે બીડીએ તેનું જમા ખર્ચ ઉપર ત્રીજાપ્રકારમાં બતાવ્યા મુજબ થાય છે.

હુંડી ખાતું હમેશાં છેવટે સરભર થાય એ ઉપલા લખાણમાં મુખ્યહેતુ છે.

૪૮. હુંડીની વિગત લખવાંમાં અનુક્રમે નીચેની વિગતે ધ્યાન આપવું.—પ્રથમ કેટલાની તે લખ્યા પછી

अ. કયા ગામના કયા સાહુકાર પરની છે. તે સાહુકાર પોતાના ચોપડામાં વિગત લખતી વખતે પોતાનું નામ ન લખતાં "અમારા ઉપરની" લખશે.

ब. કયા ગામનો કોણ લખનાર. તે સાહુકાર પોતાના ચોપડામાં વિગત લખતી વખત પોતાનું નામ ન લખતાં "લખી અત્રેથી અમારી" એમ લખશે.

क. રાખ્યા કયા ગામના કોના. તે સાહુકાર પોતાના ચોપડામાં વિગત લખતી વખત "રાખ્યા અમારીવર્તી" એમ કરશે.

ड. કઈ જાતની, કઇ મુદતની, અને કઈ મિતિની લખેલી.

હરકોઇના ચોપડામાં ઉપરની વિગતે ત્રણ નામ લખવામાં જ્યાં સર્વનામનો ઉપયોગ થાય તે કરવો. પરભાર્યો માણસ વેચવા આવ્યો હોય તો હસ્તે લખવું. ખોળાધર કોને લીધા તે પણ જણાવવું.

૪૯. હુંડી શકરાયા વગર પાછી આવે તો પ્રથમ તે હુંડીનાં નાણાં જે ખાતે જમા થયાં હોય તે ખાતે ઉધારી તે હુંડી પાછી લાવનાર સખ્સને પાછાં આપવાં. તે ઉપરાંત વ્યાજ તથા ખેપ નકરામણના પૈસા ધારા મુજબ હુંડીઆમણ ખાતે ઉધારીને આપવા. તેમાં વિગત બરાબર જણાવવી.

૫૦. અમુક માણસને અમુક મુદતમાં અમુક રૂપિઆ સુધી આપવા એવો જે સાહુકાર ઉપર પત્ર આપવામાં આવે છે તેનું નામ ભલામણપત્ર. ભલામણ પત્રથી જેટલા રૂપિઆ લેઈએ તે જેણે ભલામણ પત્ર આપ્યો હોય તેને ખાતે જમા કરવા.

મનોયત્ન.

૫૧. સવાલ—અમદાવાદ વાળાના લખવાથી વઢવાણવાળાએ રાજ-

કોટમાંથી રૂ ૫૦૦)ની હુંડી રૂ ૧૦૧)ને ભાવે લેઇ મુંબાઇ બીડી. મુંબાઇ વાળે જે સાહુકારપર હુંડી હતી તેની પાસેથી નાણું લીધાં તો આ પાંચેસાહુકાર પોતાના રોજમેળમાં નામું કેમ લખશે?

ઉત્તર. **अ**. અમદાવાદવાળાના પાંચસેં રૂપિઆ મુંબાઇમાં જમા થશે, તે વઢવાણવાળે તેના લખવાથી મોકલાવ્યા છે. માટે આ તમારી વતીની હુંડી થઇ તેથી અમદાવાદવાળો રૂ ૫૦૫) વઢવાણવાળાને ભાવ પ્રમાણે બેઠેલા છે તે વઢવાણવાળાને ખાતે જમા કરશે, અને મુંબાઈવાળાને ખાતે રૂ. ૫૦૦) ઉધારશેને રૂ.૫) હુંડીઆમણ ખાતે લખશે.

ब. વઢવાણ વાળાએ રૂ. ૫૦૫) ખર્ચી મુંબઇની હુંડી ખરીદ કરી, અને અમદાવાદવાળાની વતી તરત મુંબઇ બીડી દીધી. આનું નામું લખવાનાં પ્રથમ રૂ ૫૦૦) હુંડી લખનાર ખાતે ને રૂ ૫) હુંડીઆમણ ખાતે લખશે. શકરાયાનો જવાબ આવેથી રૂ ૫૦૦) હુંડી લખનાર ખાતે ને રૂ ૫) હુંડીઆમણ ખાતે જમા કરી આ તમારી વતીની હુંડી છે માટે ખરચેલા રૂ. ૫૦૫) સઘળા અમદાવાદાવાળાને ખાતે માંડશે. તિથિ પણ હુંડી લીધાની તારીખની નાંખશે.

क. રાજકોટવાળો અમારીવતી મુંબઇ હુંડી લખે છે તે રૂ. ૫૦૦) પ્રથમ હુંડીખાતે જમા કરી ખોખું આવેથી હુંડીખાતે ઉધારી મુંબાઇના જે સાહુકારપર હુંડી લખી છે તેને ખાતે જમા કરશે, તિથિ ભરપાઈનીનાખશે. ને રૂ ૫) હુંડીઆમણ ખાતે જમા કરશે.

ड. જેનાપર મુંબઇ હુંડી બીડાઇ છે તે અમદાવાદવાળાને ખાતે રૂ. ૫૦૦) જમા કરશે, હસ્તેમાં વઢવાણવાળાએ ભર્યા લખશે ને તિથિ પોતાને નાણાં મળ્યાની નાખશે.

इ. મુંબાઈના જે સાહુકારે હુંડીનાં નાણાં આપ્યાં છે, તે રાજકોટ વાળાને ખાતે ઉધારીને આપશે. આમાં તેને હુંડીઆમણનો ફાયદો મળે નહિ કેમકે અમારી વતીની હુંડી રાજકોટવાળેલખીછે. તિથિ ભરપાઇ થયાની નંખાશે.

૫૨. બીજા પાસે જેટલા રૂપિઆ વ્યાજના લેણા નીકળતા હોય તેટલા તેને ખાતે ઉધારી વ્યાજ ખાતે જમા કરવા, અને કોઇના ખાતામાં આપણે વ્યાજ દેવું નીકળે તો તે વ્યાજ તેને ખાતે જમા કરી વ્યાજ ખાતે ઉધારવું. કેટલાક ખાતામાં વ્યાજ કાઢયા પછી અમુક રકમ છૂટ મૂકાય છે. એવે પ્રસંગે વ્યાજ ખરેખરૂં નીકળતું હોય તેટલું ખાતાદારના પેટામાં જમા

યા ઉધાર કરી પછી પેટામાં છૂટ બાદ મૂકી બાકી રહે તેટલી રકમ ખાતાદારને માથે ચડાવવામાં આવે છે. એજ માથે ચડાવેલી રકમ વ્યાજ ખાતે ઉધાર યા જમા કરવામાં આવે છે.

૫૩. કોઇના ખાતાનો હિસાબ કરી વ્યાજ લે'ણું નીકળતું હોય તે તેને ખાતે ચડાવી વ્યાજ ખાતે જમા કરવું. પછી તે બળદ, ગાય, ભેંસ વગેરે ઢોર તથા દાણો વિગેરે કાંઇ પણ ચીજ આપે તો તે તેને ખાતે જમા કરી ખરીદ ખાતે યા જુદે જુદે ખાતે ઉધારવી. પછી તે રકમો ખાતાવહીમાં ખતવી ખાતું સરભર* કરી બાકી લેણા નીકળે તે નીચે ઉધાર બાજુએ લખી નવો થયેલો ઠરાવ સઘળો ખાતાવહીમાં ત્યાં નોંધવો. આ ઠરાવ વ્યાજવહીમાં જે ઠેકાણે બાકી કાઢે છે ત્યાં નોંધાતો નથી કેમકે તે બાકી નીચે દેણદારની સહી લેવામાં આવે છે, તેથી દીવાની કાયદાનો તેમાં બાધ નડે છે. દેણા ખાતાનો હિસાબ એથી ઉલટી રીતે લખાય.

ખાતાવહી

૫૪. રોજમેળમાં જે રકમો જુદે જુદે ખાતે વારંવાર જમા અગર ખર્ચ લખાય છે તે સર્વ રકમો જેને નામે દાખલ કરવાની તે રોજમેળનાં પાનાં પ્રમાણે યાદી કરેલી તેને **ખાતાવહી** કહે છે.

૫૫. ખાતાવહીનો ઉપયોગ એ છે કે અમુક આસામી પાસે લે'ણું દેણું કેટલું છે તે એક ઠેકાણેથી સમજાય છે.

૫૬ અમુક આસામીનું અગર બાબતનું લે'ણું દેણું સમજવાને માટે તેને નામે જે એક ઠેકાણે જમા ખર્ચ રખાય છે તેને ખાતું કહે છે. તે ન રાખીએ તો કોઇ પણ આસામીનું અગર બાબતનું લે'ણું દેણું એક ઠેકાણેથી સમજાશે નહિ.

૫૭ ખાતાવહીના પાનામાં અમુક આસામીનું અગર બાબતનું ખાતું પાડયું હોય તેનું નામ પ્રથમ લખી પછી 'નું ખાતું' લખી છેડે તે કઇ સાલનું તે લખવું. તેની નીચે રોજમેળ પ્રમાણે જમા ખર્ચની નિશાનીવાળી લીટીઓ કાઢવી. એ પ્રમાણે રોજમેળમાં જેટલાં ખાતાં આવેલાં હોય તેટલાં ખાતાં ખાતાવહીમાં પાડવાં જોઇએ. એ બધાં ખાતાં એકદમ પાડતા નથી પણ રોજમેળ ખતવતાં જેમ જેમ જરૂર પડતી જાયછે તેમ તેમ પાડતાજાય

---

* ખાતું સરભર કેમ કરવું તેને માટે સરવૈયામાં કલમ ૬૧ જુઓ.

છે. ગુદસ્ત સાલનાં દેવા લેણાનાં ખાતાં તો પ્રથમ પાડી દેવું લેણું લખી લે- વામાં આવે છે, અને તે ઉતારતી વખત જૂની સાલની ખાતાવહીના- ખાતામાં નવી સાલની ખાતાવહીમાં જે પાને તે ખાતું પાડયું હોય તે અંક તથા ચોપડો કયો તે લખવામાં આવે છે. નવી સાલની ખાતાવહીમાં જૂની સાલની ખાતાવહીના પાનાનો અંક તથા ચોપડો કયો તે નોંધવામાં આવે છે. એમ આગન સાગન કરવાથી ખાતું જોવું સહેલ પડે છે.

૫૮. રોજમેળની રકમો ખાતાવહીમાં ખતવતી વખતે ખાતાવહીમાં જેની તેના ખાતામાં જમાની જમા તરફ ને ઉધારની ઉધાર તરફ લખો તેની આગળ રો. પા. (રોજમેળ પાનું) કરી રોજમેળના જે પાનાપર તે ર- કમ હોય તે પાનાનો અંક ભરી તેની પાસે મિતિ (મહિનો, તિથિ, વાર) લખવામાં આવે છે. રોજમેળમાં રકમ નીચે બેવડી લીટી દોરી ખા. પા. લખી રાખેલું હોય છે ત્યાં રોજમેળની રકમ ખાતાવહીના જે પાને ખતવી તે પાનાનો અંક ભરી દેવામાં આવે છે. એથી એ રકમ ખાતાવહીમાં ખતવી ગયેલી છે તે, તથા કયે પાને એ માલમ પડે છે. વળી તે ખતવી ગયેલી છે તેના વધારે પૂરાવા સારૂ રકમનો સરવાળો માથે ભરેલો હોય છે તેની નીચે ૦ શુન્ય કરવામાં આવે છે. આ પ્રમાણે સઘળી રકમો અનુક્રમે ખ- તવવામાં આવે છે. ઘણા વેપારીઓ જણસવાર ખાતાં ખતવવામાં તેની વિ- ગત લખે છે કે જેથી તે કેટલા મણ યા નંગ સિલકે છે તે ખાતાવહી- પરથી ઝટ માલમ પડે છે. અમે નમુનામાં તેમ પણ રાખેલું છે.

૫૯. ખાતાવહીમાંથી ખાતું એકદમ ઝટ જડે, તેને સારૂ ખાતાવહીને પહેલે પાને સાંકળીયું કરવામાં આવે છે. એટલે ખાતાવહીના ખાતાનાંનામ અક્ષર અનુક્રમે લખી તેની આગળ ખાતાવહીના પાનાનો અંક લખે છે. તે જોયાથી કયું ખાતું કયા પાનામાં છે તે ઝટ સમજાય છે. સાંકળિયું કરવાની પદ્ધતિ એક નથી. કેટલાક ગામવાર ખાતાં નોખાં રાખી દરેક ગામમાં જાત વાર યા મહોલ્લાવાર ખાતાં ખાતાવહીમાં પાડે છે, તે મુજબ સાંકળિયું લખે છે અને તેમાં કોનું ખાતું કયે પાને છે એ લખી રાખે છે.

૬૦ દરેક ખાતામાં જગ્યા તેની સાથે લેવડદેવડના પ્રમાણમાં બાર માસમાં કેટલી જોઈશે તેનો વિચાર કરી રાખવી. છતાં ખાતું ભરાઈ જાય તો ખાતાનું સાંધણુ બીજે પાને કરવું. પછી મૂળ ખાતામાં જમા ઉધાર

ની રકમોનો આખર સુધી સરવાળો કરી તે સરવાળો સાંધણ ખાતામાં જેનો તેની તરફ લખી પાછળ પાને. (   ) મેથી ચોપડે આણે એમ લખવું. તથા મૂળ ખાતામાં નીચે સાંધણ પાને (   ) મે ચોપડે આણે એમ લખવું.

૬૧ ખાતાવહીમાં અમુકજ ખાતાં હોય એવો કાંઈ મેળ નથી. રોજમેળમાં જેટલા નામથી રકમો જમા ખર્ચ થયેલી હોય છે, તેટલાં ખાતાં ખાતાવહીમાં હોય છે, એક આસામીનું એકજ ખાતું પડે એવો પણ મેળ નથી. એક માણસની જુદે જુદે ઠેકાણે દુકાન ચાલતી હોય તો દુકાનવાર ખાતું જુદું જુદું રાખવામાં આવે છે. કેટલીક વખત ખાનગી ઉપાડ અને દુકાનની ઉપાડનાં ખાતાં પણ નોખાં નોખાં રાખવામાં આવે છે.

૬૨ ખાતાવહીનાં સઘળાં ખાતાં બે પ્રકારમાં આવી જાય છે. ૧ પાકા ખાતામાં, ૨ કાચા ખાતામાં.

પાકાં ખાતાં એટલે જે ખાતામાં રકમો એકવાર જમા યા ખર્ચ લખાઇ તે ફરીથી બીજે ખાતે જમા યા ખર્ચે થતી નથી તે ખાતાં.

કાચાં ખાતાં એટલે જે ખાતામાં રકમો એકવાર જમા યા ખર્ચ લખાઇ તે વર્ષ આખરે હિસાબ માંડી વાળવાને ફરીથી જમા ખર્ચ કરીને પાકા ખાતામાં લેઇ જવી પડે છે તેવાં ખાતાં.

રોજમેળ ખાતાવહી વિષે પરચૂરણ સવાલ.

૬૩ ખરીદ ખાતું ને ખર્ચ ખાતાનો મુકાબલો કરો?
ઉત્તર. ખરીદ ખાતે ખર્ચેલાં નાણાં પાછાં મળવાનાં છે પણ ખર્ચ ખાતે ખર્ચેલાં નાણાં પાછાં મળવાનાં નથી.

૬૪ રોજમેળમાં રકમ ખર્ચ થઈ ન હોય છતાં ઉધાર બાજુએ લખાય એવી રકમ કઇ?— ઉત્તર. અંતે સિલક કાઢે છે તે.

૬૫ અનેક જણસોની ખરીદી તથા વેચાણ ખરીદ વકરા ખાતે કર્યું, પછી બાબતવાર દરેક જણસ ખાતે નફો યા ખોટ શી ગઈ તે જાણવું હોય તો કેમ કરવું?—ઉત્તર. જુદી જુદી જણસોના જેટલા જેટલા પૈસા ખરીદ ખાતે લખેલા તેટલા તેટલા પૈસા વકરા ખાતે જમા કરી જણસવાર ઉધારવા. પછી જુદી જુદી જણસોના જેટલા જેટલા પૈસા વકરાખાતે જમા થયેલા તેટલા તેટલા ખરીદ ખાતે ઉધારી જણસવાર જમા કરવા એટલે દરેક જણસવાર નફો યા ખોટ માલુમ પડશે.

૬૬. રોજમેળ ને ખાતાવહી એમાંથી વિશેષ યોગ્યતાનો દસ્તાવેજ કયો? ઉત્તર— રોજમેળ એ વધારે યોગ્યતાનો છે. કારણ તેમાં પ્રત્યેક રકમ ની સંપૂર્ણ તપસીલ અને સિલક માલમ પડે છે, અને તે ઉપરથીજ ખાતાવહી કરવાનું બની આવે છે.

૬૭ રોજમેળ ખોવાયો તો પહેલાં પ્રમાણે તૈયાર થાય કે નહિ?— ઉત્તર–અસલ પ્રમાણે તૈયાર થાય નહિ. પરંતુ ઘણું કરીને તપસીલ સિવાય ખાતાવહીપરથી બની શકે.

૬૮ રોજમેળ ખાતાવહીમાં મળતાપણું કેવું છે?–ઉત્તર. સિલક સિવાય બધી વાતે મળતાપણું છે.

૬૯ કોઈ માણસ પાસે લેણું દેણું કેટલું છે તે શા પરથી સમજાય? ઉત્તર.–ખાતાવહીપરથી.

બ્યાજવહી.

૭૦ સાલ આખરે બ્યાજુ ખાતાનો હિસાબ કરી તેનું જમા ખર્ચ કલમ ૫૨ માં લખ્યા મુજબ નાખે છે. કેટલાક દર વર્ષે બ્યાજુ ખાતાનો હિસાબ કરતા નથી, તેવા લોકો જ્યારે હિસાબ સમજે, ત્યારે બ્યાજ નીકળ્યા પ્રમાણે તેનું જમા ખર્ચ નાખે છે. વળી કેટલાક વેપારીઓ સાલ આખરે બ્યાજ કાઢવાને બદલે વર્ષના અમુક ભાગમાં હિસાબ સમજી બ્યાજ જમા ઉધાર નાખે છે. આવી રીતે બ્યાજ કાઢવાનો વખત જુદો જુદો છે.

૭૧ ખાતાવહીપરથી રકમો લેઈ બ્યાજવહીમાં બ્યાજ કાઢે છે. બ્યાજ કાઢના પહેલાં આરસપરસ ખાતું મેળવી જુએ છે, કે રકમ લખવી રહી ગઇ હોય તો માલમ પડે. રહી ગએલી રકમને અચડ (ખાતે નહિ ચડેલી, નહિ નોંધાયલી) રકમ કહે છે. અચડ રકમોનું જમા ખર્ચે છેલ્લા મેળમાં નાખી (મિતિ મૂળની હોય તે પેટામાં લખે છે) ખાતાવહીમાં ખતવે છે, તે પછી બ્યાજ કાઢવું શરૂ કરે છે. જે લોકોને અચડ રકમો [ઘણી રહી ગઈ હોય, નામું બરાબર ચોખું હોય નહિ, તે સખ્સ ખાતું મેળવતી વખતે બ્યાજવહીમાં સઘળું ખાતું પ્રથમ ઉતારી લેછે, તેને સુધાવહી કહે છે. સુધાવહી નીચે બ્યાજ કાઢવામાં આવે છે.

૭૨ બ્યાજ કેમ ગણવું તેની રીત અમે આ પુસ્તકમાં આપી નથી, કેમકે તે રીત સરકારી દેશી હિસાબ ભાગ બીજામાં છે, માટે આ ઠેકાણે આપી

તેના કદમાં વધારો કર્યો નથી. વળી આજ હેતુથી વ્યાજવહીના ચોપડાગાં સઘળા વ્યાજુ ખાતાનાં વ્યાજ ન કાઢતાં નમુના દાખલ બે વ્યાજ કાઢી બતાવ્યાં છે. (૧) સુધાવહી વગર જમા ઉધાર જુદી તેરીખ હોય તેવું. (૨) સુધાવહી બનાવી કાંધાનું વ્યાજ. બીજા ખાતાનાં વ્યાજ જુદા કાગળમાં ગણી રોજમેળમાં નાખેલાં છે.

૭૩, કાંધાનું વ્યાજ ગણવાની રીત બીજાં વ્યાજ ગણવાની રીતના જેવી છે. ફેર માત્ર એટલોજ કે જેટલા રૂપિઆનું કાંધું બાંડયું હોય, તેટલા બધા રૂપિઆ વ્યાજવહીમાં ઉધાર બાજુએ સામટા ન લેતાં, દરેક હપ્તો જુદો જુદો લેવામાં આવે છે. ને તેની મિતિ હપ્તો ભરવાનો જે દિવસ હોય તે લખાય છે.

૭૪ કેટલોક માલ તેની કીમત અમુક મુદત પછી લેવાનો ઠરાવ કરી વેચવામાં આવે છે. એવી રકમોની મિતિ વ્યાજવહીમાં તેનો વાયદો જે દિવસે પૂરો થતો હોય તે લખાય છે.

૭૫ જમા ઉધાર જુદી તેરીખ હોય તો કાપીઆ વ્યાજની રીતે વ્યાજ કાઢી તારીજમાં જમાનો સર જમા બાજુએ, ને ઉધારનો સર ઉધાર બાજુએ લખી જમા ઉધારની તેરીખ મુજબ વ્યાજ ગણવું. આવા ખાતાનું વ્યાજ જમા ઉધારની રકમોનું જયાં સુધી વ્યાજ ગણવું હોય ત્યાં સુધી માસ જુદા જુદા ગણી કહાય નહિ. ધારોકે આપણે લીધેલી રકમનું વ્યાજ ૦ાા ટકા લેખે, ને આપણે ભરેલી રકમનું વ્યાજ ૦ાા ટકા લેખે છે. હવે આપણે રૂ ૧૦૦) આણ્યા, બે માસ પછી રૂ ૫૦) ભર્યા. તો ચાર માસને અંતે વ્યાજ શું થાય? રૂ ૧૦૦) પ્રથમ આપણે બે માસ રાખ્યા, માટે તેનું વ્યાજ રૂ ૧ાા થયો, બે માસ પછી રૂ ૫૦) ભર્યા માટે રૂ ૫૦) બાકી રહ્યા, તે માસ બે રહ્યા માટે તેનું વ્યાજ રૂ ૦ાા મળી કુલ રૂ. રાા વ્યાજના થાય. સળંગ રીતે ગણતાં રૂ ૧૦૦)નું ૪ માસનું વ્યાજ રૂ ૩) તેમાંથી રૂ ૫૦)નું બે માસનું વ્યાજ રૂ ૦ાા જતાં રૂ રાા નીકળે. માટે સળંગ ગણવાની રીતે ન ગણાય.

૭૬ વ્યાજવહીનું વ્યાજ રોજમેળમાં નાખતી વખતે તેના પેટાગાં વ્યા. પા. નાખવું, અને વ્યાજવહીગાં રો. પા. નાખવું. કે જયારે તપસીલ જોવી હોય તો માલમ પડે.

અચડમેળ.

૭૭ આ મેળ રોજમેળમાં આસો વદ ૦))ના મેળ પછી નાખવામાં આવે છે. તે બનાવવાનો હેતુ સાલ આખરે વેપારમાં નફો ટોટો શો થયો, તે નકી કરવાનો છે. તેને માટે નીચેની ત્રણ બાબતપર અનુક્રમે લક્ષ રાખવું.

अ. વ્યાજુ ખાતાનું વ્યાજ આસોવદ ૦)) સુધી કાઢી તેનું જમાખર્ચ કલમ ૫૨ માં બતાવ્યા મુજબ નાખવું.

ब. આડત દલાલીનો જમાખર્ચ કલમ ૨૮માં લખ્યા મુજબ નાખવો. હુંડીનાં નાણાં નાણાવટીઓ શકારી, યા શકરાવી આપ્યા બાબત એકબીજા પાસે આડત લેછે. આડત કેટલી લેવી, કયે પ્રસંગે દેવી, એ વગેરે બાબતના ઠરાવ પ્રથમથી કરી રાખેલા હોય છે. અરસપરસ આડત સરખીજ લે એવો કાંઇ મેળ નથી. રાજકોટના નાણાવટી અમદાવાદવાળા પાસે સેંકડે દોઢ આના મુજબ આડત લેછે, ને તેમને બે આના મુજબ આપે છે. અમારી વતીની હુંડીમાં હુંડી લખનાર અથવા ખરીદેલી મોકલનાર આડત ભરે છે. તમારી વતીની હુંડીમાં હુંડી મંગાવનાર તેના ખર્ચ ઉપરાંત ઠરાવ મુજબઆડતઆપે.

क. નફો અથવા નુકશાન સાલ આખરે શું રહ્યું. તે નકી કરવામાટે જે જે ખાતે છેવટે દેવું યા લે'ણું રહેલું હોય, તે દેવું લેણું આવતી સાલમાં આપવાનું, યા લેવાનું ન હોય, એવાં કાચાં ખાતાં† વટાવખાતામાં લેઇ જવાં. જેમકે ખરીદ વકરાખાતું. જણસવાર પાડેલાં ખાતાં. વ્યાજખાતું, હુંડીઆમણખાતું, ખર્ચખાતું, ભાડાખાતું, ધર્માદાખાતું (લે'ણું હોય તો), ઇત્યાદિ. આ ખાતે નફો થાય, તે એ ખાતે ઉધારી વટાવ ખાતે જમા કરવો અને ટોટો આવે તો એ ખાતે જમા કરીને વટાવ ખાતે ઉધારવો. એટલે દરેક ખાતાં સરભર થશે.

ધર્માદા ખાતે દેવું હોયતો આવતી સાલમાં વાળવું જોઇએ. માટે તેવે પ્રસંગે તે માંડી વાળવામાં ન આવે. ચાંલાખાતું માંડી વાળવાળાં ન આવે, કેમકે તેમાં લે'ણું દેણું હશે. તે પ્રસંગ આવે આપવા લેવાનું છે.

જણસવાર પાડેલાં ખાતાં, ખરીદ વકરાખાતું, ઢોરખાતું એ ખાતે સાલ આખરે નફો યા ખોટ છે તે નકી કરવા માટે પ્રથમ તે તે ખાતે સાલ આખરે વધેલો માલ કેટલો છે તેની તપસીલ કરી તેનો ભાવ સરવાયું કા-

---

† સરકારી રોજમેળમાં એવાંખાતાંને **માંડી વાળવાનાં ખાતાં** કહેછે.

ઢતી વખતે જે ઉપજી શકે તે લખવો. પછી પ્રત્યેક ખાતે જેટલી કિમ્મત નો માલ જણસે થાય તેટલી કિમ્મત પ્રત્યેક ખાતે ખાતાવહીમાં જમા કરીને વિગતમાં જણાવવું કે **શ્રી વર્ષ આખરે માલ બાકી રહ્યો**. માલની વિગત ખાતામાં જણાવવાની જરૂર નથી કેમકે જુદા ચોપડામાં એ તપશીલ નોંધે છે, તેથી એ પાનું ત્યાં ટાંકે છે. ત્યાર પછી તે ખાતાના જમા ઉધારના સર્વાળા કરી નફો યા ટોટો રહે, તે ઉપર બતાવ્યા મુજબ આચડમેળમાં નાખી વટાવ ખાતામાં લેઇ જવો.

છેવટે વટાવ ખાતાના જમે ઉધારના સર્વાળા કરી બાદબાકી કરવી. જો જમાનો સર્વાળો મોટો હોયતો બાદબાકી જેટલો નફો જાણવો, નહિતો ટોટો જાણવો.

સરવાયું.

૭૮ સાલ આખરે વેપારમાં નફો અથવા ટોટો શો થયો, તથા દેવું લે'ણું કેટ કેટલું અને કોની કોની પાસે છે, તે જાણવા માટે જે તારીજ કરવામાં આવેછે તેને **સરવાયું**[1] કહે છે.

૭૯ સરવાયું ખાતાવહી પરથી અને તેને છેલ્લે પાને કરવામાં આવે છે.

૮૦ જે જે ખાતાનું દેવું લે'ણું આવતી સાલમાં આપવાનું, યા લેવાનું હોય છે, તેવાં સઘળાં ખાતાં* આ સરવાયામાં આવે છે.

૮૧ સરવાયું કાઢવા માટે પ્રથમ સઘળાં ખાતાં સરભર કરી જવાં. ખાતાં સરભર કરવાં એટલે સઘળાં ખાતાંના જમા ઉધારના સર્વાળા કરી, જમાનો સર્વાળો મોટો હોય તો તેમાંથી ઉધારનો સર્વાળો બાદ કરી બાકી રહે તે ઉધાર તરફ લખી ત્યાં **બાકી દેવા** એમ લખવું. જો ઉધારનો સર્વાળો મોટો હોય તો તેમાંથી જમેનો સર્વાળો બાદ કરી બાકી રહે તે જમે તરફ લખી ત્યાં **બાકી લે'ણા** એમ લખવું. પછી સર્વાળો કરેથી બંને તરફના સર્વાળા સરખા થઇ જશે. પછી જમા ને ઉધાર તરફ ખાતું બીડી દેવા માટે આંકડા ઢાંકી દે એ પ્રમાણે બેવડી લીટી દોરવી. ત્યાર કેડે

---

૧ સરકારી હિસાબમાં આ સરવાયા **ને આખર સરવાયું** કહે છે.

* સરકારી હિસાબમાં આવાં ખાતાંને આખર સરવાયામાં જનાર ખાતાં કહે છે.

દેવા જમા તરફ ને લે'ણા ઉધાર તરફ લખી તે કઇ મિતિના દેવા લે'ણા રહ્યા, તે લખવું.

૮૨ ખાતાવહીમાં સરવાયું ઉતારતી વખત નીચેની બાબત પરધ્યાન આપવું.

अ. મથાળે સરવાયું કઇ સાલનું છે,તે લખી જમે ઉધારની નીચે લીટી દોરવી.

ब. ખાતાવહીમાંથી દરેક ખાતાં તપાસી દેવા રૂપિઆ હોય તે જમાતરફને લે'ણા રૂપિઆ હોય તે ઉધાર તરફ લખી તેની સામે તે માણસનાં નામ તથા ખા. પા. લખવું, કે તેનો હિસાબ જોવો હોય તો સુગમ પડે. સિલકમાં માલ હોય તે કિમ્મત સાથે ઉધાર બાજુ લખાય છે, કેટલાક માલની વિગત ત્યાં નથી લખતા.

क. પછી જમા ઉધારનો સર્વાળો કરી ઉધારના સર્વાળામાં સાલ આખરે રહેલી સિલક મેળવવી, તેથી જો બંને સર્વાળા મળી રહે તો સરવાયું ખરૂં જાણવું.[1]

૮૩ સરવાયાનો **તાળો** મળી રહે છે તેનું કારણ.

પાછલી સાલનું દેવું = પાછલી સાલનું લે'ણું + રોકડ સિલક.

ચાલતી સાલમાં દેવું થાય=ચાલતી સાલમાં લે'ણું થાય + યા−રોકડ સિલક.

માટે કુલ દેવા=કુલ લે'ણું + ચાલતી સાલઆખરની રોકડ સિલક.

ધંધા પરત્વે નામું રાખવાની પદ્ધતિ

૮૪ સરાફી નામામાં ઘણું કરીને છ ચોપડા રખાય છે તેનાં નામ. ૧ રોકડમેળ, ૨ નોંધ, ૩ આંકડાવહી, ૪ આવરો. ૫ ખાતાવહી, ૬ વ્યાજવહી. મોટા વેપારી પણ આવાજ ચોપડા રાખે છે.

રોકડમેળ—એની અંદર દરરોજ જે રોકડ રકમ આવે ને જાય તે

---

૧ ઘણી વખત પરીક્ષકો પહેલી સાલની શરૂઆતમાં સિલક લખાવે છે, તે પ્રસંગે તે સિલક દુકાનના માલીકને નામે જમા કરવી. કારણ એટલા પૈસા એણે ઘરમાંથી કાઢી વેપાર શરૂ કર્યા એવો ત્યાં અર્થ છે. જો સિલક તા. લે'ણું એ બંને લખાવે તો જાણવું કે એ દુકાન કેટલાક વર્ષથી ચાલે છે. એવે પ્રસંગે સિલક +લે'ણા જેટલું દેવું લખાવવુંજ જોઇએ. ન લખાવે તો સમજવું કે એ દુકાનમાં એટલો નફો છે, તેમ ધારી એ બંને રકમનો સર્વાળો વટાવ ખાતે જમા કરવો.

લખાયામાં આવે છે, ને સાંજે સિલક કાઢવામાં આવે છે. (સુડીઆમાં રોકડ રકમ રાખી બાકીની રકમ કાઢી નાંખીએ તો રોકડમેળ બને).

નોંધ.–જેની અંદર રોકડ સિવાયની સઘળી જમાખર્ચી રકમ લખવામાં આવે છે તે. તે બે જાતની છે. ૧ જમેની નોંધ, ૨ ઉધારની નોંધ. જેને ઉધાર કરતાં જમામાં જમાખર્ચી રકમોનું નામું વધારે આવતું હોય તે જમા નોંધ રાખે છે અને જેને જમા કરતાં ઉધારમાં જમાખર્ચી રકમોનું નામું વધારે લખવું પડતું હોય, તે ઉધાર નોંધ રાખે છે. પરચુરણ કાપડ, દાણા, વાસણ, ઇ૦ વેચનારા ઉધાર નોંધ રાખે છે.

જમેની નોંધ લખવામાં પહેલો સગ રૂપિઆનો આંકડો ભરવા માટે રાખી સળંગલાંટો દોરી તેમાં જેને ખાતે તે રકમ જમા કરવાની હોય તેનું નામ લખવામાં આવે છે ને પેટામાં જેને ખાતે તે રકમ ઉધારવાની હોય તેનું નામ આવે છે. ઉધારનોંધમાં જેને ખાતે તે રકમ ઉધારવાની હોય તેનું નામ મથાળે ને પેટામાં જેને ખાતે જમા કરવાની તેનું નામ આવે છે.

કેટલાક મોટા વેપારી જમા ને ઉધારની જુદી જુદી નોંધ રાખે છે, તે સાથે હુંડી નોંધ પણ જુદી રાખે છે.

આંકડાવહી.–રોકડમેળ તથા નોંધમાં જમા ખર્ચ થયેલી રકમો જે ચોપડામાં ખાતાવાર ખતવાય છે, તેને આંકડા વહી કહે છે. તે ઘણું કરી રોજની રોજ ખતવે છે, તેને ખતવવાની રીત પાછળ ખાતાવહીમાં આપેલી રીતના જેવી છે.

આવરો.–રોકડમેળ, નોંધ તથા વ્યાજવહી પરથી એકંદર નામું કરવાનો ચોપડો. જ્યારે આવરો કરીને ખતાવહી કરી હોય, ત્યારે તે નામું પાકું કહેવાય. કેમકે તે એક ચોપડે ભેગું થયું, વળી બાજીવાર થયું, તેથી નિર્મળ થઈ નક્કી થયું માટે આવરો કરેલો ભૂલ રહેજ નહિ.

રોજમેળ ને આવરાનો મુકાબલો.–રોજમેળમાં સિલક રોજને રોજ કઢાય છે, ને આવરામાં મહિને મહિને કે પંદર પંદર દિવસે સિલક કઢાય છે એટલોજ એમાં તફાવત છે બાજો કાંઇ તફાવત નથી. રોજમેળમાં એક દિવસમાં એક માણસનું ખાતું જમા યા ઉધારમાં એકથી વધારે વાર આવી શકે. કેમકે તેમાં જેમ નામું આવતું જાય તેમ લખવાનો રીવાજ છે, પણ આવરો તો રોકડમેળ ને નોંધપરથી તૈયાર કરવામાં આવે છે, તેમાં પં

દર દિવસ કે મહિનાનો રોકડમેળ પ્રથમ ઉતારવામાં આવે છે. ને એ ઉ-તારવામાં એક માણુસની સઘળી રકમો સાથે આવે છે,અને પેટામાં તેની ગિતિ જણાવવામાં આવે છે. તેમજ નોંધ પણ તેની પછી તે મુજબ ઉતારવામાં આવે છે એટલે રોકડમેળ તથા નોંધ ઉતારવામાં એક માણુસનું ખાતું એ-કજ વાર જમા યા ઉધારમાં આવેછે. નોંધની જમાખર્ચી રકમો ઊધાર યા જમા કરવામાં પણ એક જાતની હોય તે સાથે લે છે. છેવટે છેલ્લા દિવસના રોકડ મેળ પ્રમાણે સિલક મળેતો આવરો ખરો જાણવો.

જેને આવરાનો મેળ મેળવતાં સર્વાળા બહુ મોટા કરવા પડે છે, તે સિલક કાઢવામાં ભૂલ ન આવે માટે **રોકડ** ખાતું રાખે છે. એટલે રો-કડ રકમ કોઇને ખાતે જમા થઇ તે રોકડ ખાતે ઊધાર, ને કોઇને નામે રો-કડ રકમ ઊધાર થઈ તે રોકડ ખાતે જમા કરવામાં આવે છે. રોકડ ખાતા-ના ઊધારના સર્વાળામાંથી જમાનો સર્વાળો બાદ જાય એટલી સિલક રહેવી જોઈએ. એ ખાતું ખાતાવહીમાં ખતવવામાં આવેછે, ને તેપરથી સિલક તરત જણાઇ આવે છે.

વ્યાજુ ખાતાનું વ્યાજ આવરામાં અચડમેળમાં નાંખવામાં આવે છે.

ખાતાવહી—આવરાપરથી ખાતાવાર રકમો ખતવવાનો ચોપડો.

આંકડાવહીને ખાતાવહીનો મુકાબલો.—(૧) આંકડાવહીમાં રોકડમેળ તા. નોંધની રકમો ખતવાય છે ને ખાતાવહીમાં આવરાની રકમો ખતવાય છે, (૨)બંનેમાં રકમો તો સરખી હોય છે પણ આંકડાવહીનું નામું કાચું ગણાય ને ખાતાવહીનું નામું પાકું ગણાય, તેમજ આંકડાવહીપરથી કરેલું સરવાયું કા-ચું ગણાય છે ને ખાતાવહીપરથી કરેલું સરવાયું પાકું ગણાય છે, (૩) આં-કડાવહી દરરોજ તૈયાર કરવામાં આવે છે ને ખાતાવહી ફુરસદ મળે તૈયારકરેછે.

વ્યાજવહી—ખાતાવહીપરથી વ્યાજુ ખાતાનો વ્યાજ કાઢવાનો ચોપડો.

૮૫ ખેડુવર્ગ તથા જે વેપારીને લેવડ દેવડ ઘણી થતી નહોય એવા લોક ફક્ત એક ચોપડો ખાતાવહી જેવો રાખે છે તેને **બેહી ખાતાવહી** કહે છે. તેમાં ખાતાવહી મુજબ ખાતાં પાડવામાં આવેછે, ને તેની અંદર દરેક ખાતા-દાર સાથે લેવડ દેવડના પ્રમાણમાં જગ્યા રાખે છે. તેમાં જે રકમ આવે કે જાય તે તે ખાતાદારના ખાતામાં વિગતવાર લખવામાં આવે છે.

૮૬ **કબાલાવહી.**—કેટલાક બાગમાં વાયદે હારજીતનાં **સાટાં** થાય

છે, તે સાટાં નોંધી રાખવાની ને તેનો ભાવ ખંડાયે તેનો જમા ખર્ચ નાખવાની ચોપડીને કબાલાની નોંધ કહે છે. જ્યારે કોઇને આપણે માલ આપવાનું સાટું કર્યું ત્યારે નોંધમાં તે માણસને ખાતે માલની કિમ્મત ઉધારાય છે, ને માલ ખાતે જમા થાય છે જો બીજાની વતી માલ આપવા કબુલ થયાએ તો માલ ખાતે જમા ન કરતાં તે માણસને ખાતે જમે કરાય છે.આપણે માલ લેવાનું સાટું કર્યું તો જેની પાસેથી માલ લેવાનો કબુલ કર્યો, તેને ખાતે ભાવ પ્રમાણે જેટલા પૈસા થાય, તેટલા જમે, ને માલ ખાતે ઉધાર થાય, જો બીજાની વતી માલ લેવા કબુલ થયા હોઇએ તો માલ ખાતે ન ઉધારતાં તે માણસને ખાતેજ ઉધારવા.

ભાવ ખંડાયે જેને આપણે માલ આપવા કબુલ થયા હતા, તેને ખાતે ખંડાયલા ભાવ પ્રમાણે જે પૈસા થાય, તે જમે કરી, તે માલ ખાતે ઉધારવા. જો બીજાની વતી કબુલ થયા હોઇએ, તો માલ ખાતે ન ઉધારતાં તે માણસને ખાતે ઉધારવા. આપણે ભાવ લેવાનું કબુલ કર્યું હોય, તો ભાવ ખંડાએ માલ ધણી પાસે જેટલા પૈસા લેવાના થાય, તેટલા તેને ખાતે ઉધારી માલ ખાતે જમા કરવા. જો બીજાની વતી માલ લેવા કબુલ કર્યું હોય તો માલ ખાતે જમા ન કરતાં તે માણસને ખાતેજ જમા કરવા.

કબાલાની નોંધ કબાલાની ખાતાવહીમાં ખતવાય છે, તે પરથી દેવુ લેણું નીકળે તે રોજમેળમાં લેવાય છે, ને મિતિ વાયદો પાકયાની નંખાયછે.

૮૭ **જણસવહી.**–કાપડના ભારે વેપારી જમા ઉધારની નોંધ જુદી રાખે છે, અને માલની ખરીદી તથા વેચાણ સઘળું ખરીદ વકરા ખાતામાં નાખે છે. તેવા લોકો જણસવાર નફો અથવા નુકશાન શું થયું તે જાણવા માટે જણસવહી રાખે છે. તેમાં જમા ઉધારની નોંધપરથી જણસવાર ખાતું ખતવતા જાય છે એટલે તેપરથી સાલ આખરે કેટલો માલ રહ્યો તે જણાય છે, વળી દરેક જણસખાતે શો નફો ટોટો થયો તે પણ જણાય છે. તેપરથી કુલમાલ ને કુલ નફો નકો કરી ખરીદ વકરા સાથે મેળવવામાં વે છે. તે મળી રહે તો નામું સાચું જાણવું.

૮૮ પરચૂરણ ખર્ચનો હિસાબ રાખવાની ચોપડી.—રોકડમેળ અથવા રોજમેળમાં દરરોજ પરચૂરણ ખર્ચ લખે તો નામું ઘણું વધી જાય, આને માટે મેળમાંથી બે ચાર રૂપિઆ ખર્ચ ખાતે ઉધારી પરચૂરણ

ખાતાના હિસાબની ચોપડીમાં જમા કરી લે છે, પછી એ ચોપડીમાં જેમ જેમ ખર્ચ થતો જાય છે તેમતેમ નોંધવામાં આવે છે. આવું ઘર સંસારી નામું ભણેલી સ્ત્રી હોય તો રાખી શકે.

ઊપર અમે ધંધા પરત્વે રખાતા ચોપડાની કાંઇ કાંઇ સમજુતી આપી, પણ તે સઘળાના નમુના આ પુસ્તકમાં આપી કદમાં વધારો કર્યો નથી. કેમકે શીખવવાનું એ બીજું પગથીઊં છે. શાળાઓના ધોરણમાં પણ તે વાત દાખલ કરેલી નથી. માટે જરૂર પ્રસંગે તેને માટે **દેશી નામાનીપદ્ધતિ** પુસ્તક બીજું કરવાના વિચારમાં છીએ.

સરકારી ને દેશી નામાની રીત સબંધી વિચાર.

૮૯ સરકારી રોજમેળમાં માસ આખરે **માસિક તારિજ** કરવામાં આવે છે. એપરથી આખા માસમાં જમા કેટલું ને ખર્ચ કેટલો તે સમજાય છે. તે કરવાની રીત એવી છે કે મહિનામાંના સઘળા દિવસની રકમો જમા તરફની જમા તરફ અને ખર્ચ તરફની ખર્ચ તરફ એક પછી એક માંડીને જુદા જુદા સર્વાળા કરવા. આ સર્વાળો તે મહિનાનું એકંદર જમા ખર્ચ સમજવું. એ જમા ખર્ચ ખરૂં છે તે જાણવા માટે માસની શરૂઆતની સિલક જમા તરફ ને આખરની સિલક ઊધાર તરફ મેળવવી. તેથી બંને તરફના સર્વાળા બરાબર થાયતો જમાખર્ચ ખરૂં સમજવું.

૯૦ રોજમેળમાંની સઘળી રકમો ખાતાવહીમાં ખતવઈ છે કે નહિ, તે જાણવા માટે માસિક તારીજ નીચે **ખાતાંવાર માસિક તારીજ** કરેછે. તે કરવા માટે જે માસની તારીજ કરવી હોય તે માસમાં દરેક ખાતાવાર જમા કેટલું ને ખર્ચ કેટલું તે ખાતાદારના નામની સામે જમાનું જમા તરફ ને ઊધારનું ઊધાર તરફ લખવું. પછી જમા તથા ઊધાર બાજુનો જુદો જુદો સર્વાળો કરવો. જમાના સર્વાળામાં માસની શરૂઆતની અને ઊધારના સર્વાળામાં માસ આખરની સિલક મેળવવી તેથી બંને તરફના સર્વાળા મળી રહે તો ખાતાવહી ખરી ખતવેલી છે એમ સમજવું. જો એકાદ રકમ રહી ગઇ હશે તો તે સર્વાળા નહિ મળે.

ખાતાંવાર માસિક તારીજના લાભ.—ગુમાસ્તો કોઈને ખાતે ખોટી રકમ ઊધારી ખાતાવહીમાં ખતવે નહિ, તો આ તારીજ મળે નહિ, તેથી તેનું કપટ પકડાય. જો તે રકમ ખતવે તોતો તે કપટ પકડાય નહિ. એવું ક-

પટતો હિસાબ કરતાંજ પકડાય. (૨) ગુમારતો રૂપિઆ લાવી ખાતાવહી માં બારોબાર ખતવી દે તો તે ભૂલ પણ પકડાય, એકેમાં જમા ન કરે ત્યારે તો હિસાબ કરતાં પકડાય.

આ તારીજ સરકારી રોજમેળમાં કરાય છે એટલુંજ નહિ, પણ કેટલાક દેશી વેપારીઓ પણ કરે છે.

૯૧ સરકારી રોજમેળમાં સાલ આખરે **બારમાસિક તારીજ** કરવામાં આવે છે. એથી ચાલતી સાલમાં જમા કેટલું ને ખર્ચ કેટલું તે સમજાય છે. તે બનાવવાની રીત માસિક તારીજના જેવી છે, ફેર માત્ર એટલો કે માસિક તારીજમાં દિવસ વાર જમા ખર્ચ કેટલું તે લેવામાં આવે છે ને બાર માસિક તારીજમાં માસવાર જમા ખર્ચ લેવામાં આવે છે; વળી માસિક તારીજમાં મહિનાની શરૂઆતની ને આખરની સિલક લેવાય છે ને બારમાસિક તારીજમાં વરસની શરૂઆતની ને આખરની સિલક લેવાય છે.

૯૨ સરકારી સરવાયામાં બે પ્રકાર છે. ૧ આખર સરવાયું, ૨ અવલ સરવાયું. તે બંને સરવાયાં રોજમેળમાં કરી તે પછી ખાતાવહીમાં ખતવવામાં આવે છે.

આખર સરવાયું કરવાની રીત.—સાલ આખરે જે જે ખાતે દેવું નીકળે તે તે ખાતે દેવાની રકમ ઉધારી પોતાના ખાતામાં તે રકમ જમા કરે છે, અને જે જે ખાતે લેંણું નીકળે તે તે ખાતે તે લેંણાની રકમ જમા કરી પોતાના ખાતામાં તે રકમ ઉધારે છે.

અવલ સરવાયું કરવાની રીત.—વર્ષની શરૂઆતમાં આ સરવાયું કરાય છે. ગઇ સાલ આખરે જે જે ખાતે દેવું રહેલું હોય તે દેવું તે તે ખાતે જમા કરી પોતાના ખાતામાં ઉધારે છે, અને જે જે ખાતે લેંણું રહેલું હોય તે લેંણું તે તે ખાતે ઉધારી પોતાના ખાતામાં જમા કરે છે.

આખર ને અવલ સરવાયાનો મુકાબલો.—બંને સરવાયામાં જે જે ખાતે સાલ આખરે દેવું લેંણું રહેલું હોય તે દેવું લેંણું નવી સાલમાં આપવાનું યા લેવાનું હોય છે તેવાં ખાતાં આવે છે, એટલું એમાં મળતાપણું છે. તફાવત—આખર સરવાયામાં જે રકમ જમા તરફ તે અવલ સરવાયામાં ઉધાર તરફ અને ઉધાર તરફ તે જમા તરફ આવે છે, કારણ આખર સરવાયામાં માત્ર ખાતું સરભર કરવાના ઇરાદાથી લેંણું નહિ આવે

જમા કરીએ છીએ, તેમ દેવું નહિ આવે ઉધારીએ છીએ; પણ નવી સાલમાં તો લે'ણું ઉધાર તરફ ને દેવું જમા તરફ રાખવું જોઈએ. આખર સરવાયામાં ખાતાં ખાતાવહીપરથી લેવામાં આવે છે ને અવલ સરવાયાનાં ખાતાં આખર સરવાયાપરથી લેવાય છે.

૯૩ સરકારી રોજમેળમાં સાલની શરૂઆતની ને સાલ આખરની સિલક પોતાના ખાતામાં ખતવાય છે.

૯૪ રોજમેળમાં સાલ આખરે એકંદર તારીજ કરવામાં આવે છે, તેમાં અવલ સરવાયાનું, બારમાસિક તારીજનું, ખાતાં ગાંડી વાળવાનું (અચડ મેળનું) અને આખર સરવાયાનું જમાખર્ચ લેવામાં આવે છે.

૯૫ ખાતાવહીમાં છેવટે ખાતાંવાર એકંદર તારીજ કરવામાં આવે છે. તેમાં ચાલતી સાલનાં સઘળાં ખાતાંના જમા ઉધારના આંકડા લેવામાં આવે છે.

૯૬ સરકારી સરવાયાનો તાળો.—રોજમેળની એકંદર તારીજ ને ખાતાવહીની ખાતાં વાર એકંદર તારીજ એ બેના સર્વાળા મળી રહે તો સરવાયું ખરૂં જાણવું.

૯૭ સાહુકાર લોકો ફક્ત આખર સરવાયું બનાવે છે, અવલ સરવાયું બનાવતા નથી માટે ગઇ સાલની ખાતાવહીપરથી દેવું લે'ણું નવી સાલની ખાતાવહીમાં લે છે. એ કેમ કરવું તેની સમજુતી પાછળ ખાતાવહીમાં બતાવી ગયા. સાહુકાર લોકો આખર સરવાયું બનાવે છે તે પણ રોજમેળમાં નાખી ખાતાવહીમાં લેતા નથી, ખાતાવહીમાંજ બતાવે છે. કેમકે રોજમેળમાં નાખવાથી પોતાની ચોકસ થાપણ બીજાના જાણવામાં આવે. આજ હેતુથી પોતાની ખાતાવહી બીજાને જોવા આપતા નથી, પોતાના ગુમાસ્તા વટીકને પણ ભરોંસો પડ્યા વગર સોંપતા નથી.

નીચે આપેલાં મનોયત્નપરથી રોજમેળ, ખાતાવહી તથા વ્યાજવહી બનાવી સરવાયું કાઢો?

મનોયત્ન ૧ લું.—સંવત ૧૯૪૧ કાર્તક શુદ ૧ વાર રવેઉ. મોદી. ડોસાભાઇ ગોરધનદાસે ઘરગાંથી રૂ ૫૦૦) કાઢી વેપાર શરૂ કર્યો. રૂ ૨૫) પા. મીઠાભાઈ ડુંગરદાસને ઉછીના આપ્યા. રૂ ૪) પગી મેઘજી ભલાને શા. નથુ હરખચંદને ઘેરથી અપાવ્યા.

મનોયત્ન ૨ જું.—માગશર શુદ ૧ વાર ભોમે. પા. મીઠાભાઈ ડુંગરદાસ રૂ ૨૫) ભરી ગયા. ઘી મણ ૨૦) દર રૂ ૧૮) ને ભાવે શા. નથુ હરખચંદને ઘેરથી રોકડેથી લીધું, ને ત્યાંથી મેઘજી ભલાને રૂ ૧) નો ગોળ શેર ૮) અપાવ્યો.

મનોયત્ન ૩ જું.—પોષ શુદ ૧ વાર ગરેઉ ઘી મણ ૧૦ વોરા. વખતચંદ હીરાચંદને દર રૂ ૨૦) ને ભાવે રોકડેથી આપ્યું. પા. મીઠાભાઇ ડુંગરદાસને ઘેરથી ઘઉં કળશી ૧૦૦) દર રૂ ૩૫) ને ભાવે ખરીદ્યા, તેમાં રૂ ૧૦૦) રોકડા આપ્યા, બાકીના રૂપિઆનો વાયદો માસ બેનો કર્યો છે. ઘી મણ ૧) પગી. મેઘજી ભલાને રૂ૨૧) માટે આપ્યું, તેમાં તે રૂ ૧૫) રોકડા આપી ગયો, તથા ઘી શેર પાંચ વધવાથી પાછું આપી ગયો.

મનોયત્ન ૪ થું.—મહા શુદ ૧ વાર શનેઉ. ઘી શેર ૬) ખાવા સારૂ ઘેર દર રૂ ૨૧) લઇ ગયા. તથા રૂ ૦ાા નો સાબુ, તથા રૂ ૦ાા નાં પોસ્ટ કાર્ડ લીધાં. રૂ ૫) ના પૈસા ૬૫ લેખે લીધા. રૂ.૧૦૦) બાબાશાઈ રૂ ૯૪) મુંબઇગરા આપી લીધા. વઢવાણવાળા શા. માણેકચંદ કેશવજીને રૂ ખાંડી ૨૦) દર રૂ૧૭૫) ને ભાવે શાહ પ્રભુદાસ હરજીવનદાસની દુકાનેથી અપાવ્યું, તેમાં દલાલી સેંકડે ૦ાા ટકો મળ્યો. રૂ ૧૦) ૨૦ ની હેમની વીંટી લીધી. સિકંદર નામાની ચોપડીઓ નં ૨૦ દર રૂ ૧ાા ની મોદી. ચુનીલાલ બાપુજી પાસેથી રોકડેથી લીધી, તેમાં સેંકડે દશ ટકા કમિશન મળ્યું.

મનોયત્ન ૫ મું.— ફાગણ શુદ ૧ વાર સોમે. શાહા નથુ હરખચંદ ને રૂ૫) આપ્યા પણ ઉધારને બદલે જમા કરી ગયા. પા. મીઠાભઇ ડુંગર

દાસને રૂ૩૪૦૦) નો હવાલો વોરા વખતચંદ હીરાચંદ પર આપ્યો. વઢવાણના શાહ. માણેકચંદ કેશવજીએ તેમના ગુમાસ્તા મગન હરીભાઈ સાથે રૂ૫૦૦ મોકલી ઘંઉ કળશી ૫૦) મંગાવ્યા, તેઆપણે દુકાનમાંથી દર રૂ૪૦) નેભાવે ભરાવ્યા. વોરા વખતચંદ હીરાચંદની દુકાને રૂ૫૦૦) મુંબઇગરા તથા રૂ૧૦૦)બાબાશાઈ દર રૂ૮૪ા= ને ભાવે ગુમાસ્તો લીલાધર ભરી આવ્યો. પગી મેઘજી ભલાના ખાતાનો હિસાબ કરી ખૂટતા રૂપિઆ પૂરા કરી રૂ ૫૦) નો મેળ કર્યો, તેમાં મંડામણીના રૂ ૫) કાપી લેઇ તેનાં કાંધાં નં. ૫ માંડયાં. એવી સરતે કે દર માસે રૂ ૧૦) ભરવા. કાંધું ખડે ૧ાા દોડકા લેખે વ્યાજ લેવા ઠરાવ કર્યો છે.

મનોયત્ન ૬ ઠું.—ચૈત્ર શુદ ૧ વાર ભોમે. પગી મેઘજી ભલા રૂ૧૦) કાંધાના ભરી ગયો. ઘી મણ ૫૦) એ માસને વાયદે દર રૂ ૧૭ાા ને ભાવે શાહ નથુ હરખચંદનું સહી કર્યું, તેને પેટે બાનામાં રૂ ૨૫) આપ્યા. ઘી મણ ૫ વઢવાણના આડતીયા શાહ માણેકચંદ કેશવજી ઉપર દર રૂ૧૯ાા ને ભાવે મેમણ અલી ઊગર સાથે વેચવા મોકલ્યું. અમદાવાદના પરી. કસળચંદ વછરાજે રેશમી ધોતીજોટા નં. ૨૦ મોકલ્યા. તેનું ભરતીયું રૂ ૧૨૯ા નું આવ્યું. રૂ ૧ાાા વઢવાણથી રાજકોટ સુધીના ભાડાના મેમણ અલી ઉમરને આપણે આપ્યા.

મનોયત્ન ૭ મું.—વૈશાક શુદ ૧ વાર ગરેઉ. પગી મેઘજી ભલાને રૂ ૨) રોકડા આપ્યા ને લખવા ભૂલી ગયા ને યાદ દાસ્તમાં આવ્યા નહિ. રેશમી ધોતીજોટા નં ૧૫ અઢારઆની કરી બાવા સાળંગગર તુલશીગરને આપ્યા. ઘી વઢવાણ મોકલેલું તેના વેચાણનું ભરતીયું રૂ ૯૨) ૫ નું ચૈત્ર વદ ૫ ની તેરીખનું આવ્યું.

મનોયત્ન ૮ મું.—પ્રથમ જેઠ સુદ ૧ શુકરે. પગી. મેઘજી ભલાને રૂ ૨) વૈશાખ સુદ ૧ વાર ગરેઉએ આપેલા તે યાદ આવ્યા. સિકંદર નામાની ચોપડી નં. ૧૫ દર રૂ ૧ાલેખે રોકડેથી વેચી. શાહ નથુ હરખચંદના સહી કરેલા ઘીનો વાયદો થયાથી રૂ ૧૯)ને ભાવે ખંડી વાળ્યું. રૂ ૫૦૦)ની હુંડી રોકડેથી શાહ. નીમચંદ નાનજીને રૂ ૧૦૦ાા ને ભાવે મુંબાઇના ઠા. અમરશી કચરાપર લખી આપી, ભરપાઈ થઇ પ્રથમ જેઠ શુદ ૧૫ વાર ગરેઉ. અમદાવાદના પરી. કસળચંદ વછરાજપર રૂ ૧૫૦૦)ની હુંડી વોરા. વખતચંદ હીરાચંદને ખાતે સ-

રભર ભાવે લખી આપી, તે ભરપાઇ થઇ પ્રથમ જેઠ શુદ ૧૫ વાર ગરેઉ. અમદાવાદના પરી. કસળચંદ વછરાજે આપણાપર રૂ ૪૦૦)ની હુંડી શાહ હઠીસંગ જેચંદને વૈશાક વદ ૧૩ વાર ભોમે લખી આપેલી તેનાં નાણું શાહ ઉમેદ કમળશીને આપણે આપ્યાં.

મનાયત્ન ૯ મું—પ્રથમ જેઠ શુદ ૧૫ વાર ગરેઉ.

૧ આપણે રૂ ૧૫૦)ની હુંડી રૂ૯૯ાા ને ભાવે રોકડેથી પરી. કરસનજી મૂળચંદની દુકાનેથી અમદાવાદના પરી. કસળચંદ વછરાજ પરની લેઇ શેઠ. વાડીલાલ પાનાચંદપર બીડી, તેનાં નાણું તેમને બીજા જેઠ શુદ ૧ વાર શનેઉએ ગળ્યાં.

૨ આપણે શાહ નથુ હરખચંદ પાસેથી રૂ ૧૦૦)ની હુંડી નામે લખાવી સરભર ભાવે મુંબાઇના શેઠ લક્ષ્મિદાસ ખીમજીપરની લેઇ ઠા. અમરશી કચરાને બીડી, તેનાં નાણું તેગને બીજા જેઠ શુદ ૧ વાર શનેઉએ મળ્યાં.

૩ વોરા. વખતચંદ હીરાચંદને ઘેરથી રૂ ૧૧૦૦) રોકડા લાવ્યા.

૪ શાહ મનસુખ સુરચંદ કપડવણજના પરી. અગથાભાઇ મોહનલાલની લખેલી ૪૦૦)ની હુંડી અમદાવાદના પરી. કસળચંદ વછરાજપરની પ્રથમ જેઠ શુદ ૧ વાર શુકરની લખેલી લાવ્યા તે ૯૯ાા ને ભાવે લેઈ અમદાવાદ જેની તેનાપર બીડી. જમે ઉધાર થઇ બીજા જેઠ શુદ ૧ વાર શનેઉ.

૫ કપડવણજના પરી. પાનાચંદ કુબેર ઉપરની, લખી અમદાવાદના પરી. કસળચંદ વછરાજની, રાખ્યા શાહ રતનચંદ જેચંદ પાસેથી, હુંડી રૂ ૫૦૦)ની, લખી પ્રથમ જેઠ શુદ ૧૧ વાર રવેઉની, તે દર રૂ ૧૦૧) નેંભાવે લેઇ રૂ ૧૦૧)= નેભાવે બાવા. સાળંગગર તુળશીગરને રોકડેથી વેચાતી આપી.

૬ આપણાપર વઢવાણના રહીશ શાહ માણેકચંદ કેશવજીએ રાજકોટના પરી. કરસનજી મૂળચંદ ઉપરની રૂ ૧૮૦૦)ની હુંડી તરત મુદતની લખી પ્રથમ જેઠ શુદ ૧૧ વાર રવેઉની, શાહ કુંવરજી નાથાની લખેલી બીડી, તેનાં નાણું લેઇ તેમાંથી રૂ ૨૦૦)ની હુંડી મુંબાઈના શેઠ લક્ષ્મિદાસ ખીમજી પર મોકલવા લખ્યું. આપણે વોરા. વખતચંદ હીરાચંદ પાસેથી દા. ૨૦ાાને ભાવે ઠા. અમરશી કચરાપરની ખાતે લેઈ શેઠ લક્ષ્મિદાસ ખીમજીપર બીડી.

૭ ખેડાના શાહ રાયચંદ પૂજાશાહ ઉપર રૂ૨૦૦)ની હુંડી શાહ નથુ હરખચંદને દા. રૂ ૩)ને ભાવે રોકડેથી આપી. ખેડે અવેજ પરી. કસળચંદ વ-

છરાજ ની રૂ ૨૦૦)ની ભલામણ મોકલી વાળ્યો. ભરપાઇ બીજા જેઠ શુદ ૧ વાર શનેઉએ થઈ.

૮ રૂ ૨૩ા૦) વોરા. વખતચંદ હીરાચંદને ત્યાં ગુમાસ્તો લીલાધર ભરી આવ્યો છે.

મનોયત્ન ૧૦મું.—બીજા જેઠ શુદ ૧ વાર શનેઉ રૂ૧૧૦ાા ૩ બાવા. સાળંગગર તુળશીગર ને ત્યાંથી રોકડા આવ્યા. રૂ૦)– પોસ્ટકાર્ડ વેચ્યાં.રૂ૧૨) દુકાનના ભાડાના શાહ નીમચંદ નાનજીને સંવત ૧૯૪૧ ના રોકડા આપ્યા.

મનોયત્ન ૧૧ મું. અચડ મેળવિષે.—વોરા. વખતચંદ હીરાચંદના ખાતાનું ૮ આના, પરી. કસળચંદ વછરાજના ખાતાનું જમા તરફ ૮ આના ને ઉધાર તરફ ૬ આના. ઠા. અમરશી કચરાના ખાતાનું આઠ આના, શેઠ. વાડીલાલ પાનાચંદના ખાતાનું છ આના ને પગી મેઘજી ભલાનું ૧ાા દોકડા લેખે વ્યાજ ગણવાનું છે.

વોરા. વખતચંદ હીરાચંદના ખાતાની ઉપાડનીઆડત દા. ૦)=,પરી કસળ-ચંદ વછરાજની હુંડી ભલામણ તે શકારી આપે તેને માટે આડત દા.૦)= ને આપણે શકારી આપીએ તેની દા. ૦)–ાા લેખે અને ઠા. અમરશી કચરાના ખાતાની આડત દા. ૦)= લેખે છે.

ઘી દા. ૧૯) ને ભાવે, ઘઉં કળશી દા. ૩૭ ને ભાવે તથા ખરીદ વક-રાની રકમ પડતર ભાવે ખંડીવાળવાની છે.

રો, પા. ૧

રોજમેળ.

શહેર રાજકોટના રહીશ મોદી ડોસાભાઇ ગોરધનદાસનો સંવત ૧૯૪૧ ની સાલનો રોજમેળ.

સંવત ૧૯૪૧ ના કાર્તક શુદ ૧ વાર રવેઉ ઇંગ્રેજી તા૦ ૧૯ માહે અક્ટોબર સન ૧૮૮૪.

જ

૦) ૧। શ્રી ગણેશાય નમઃ.

૫૦૦) મોદી ડોસાભાઈ ગોરધનદાસને ખાતે જમે.
૫૦૦) નગદ રોકડા મુંબઇ ગરા વેપારસારૂ ઘરમાંથી કાઢયા તેના.

ખા. પા. ૨

૪) શાહ. નથુ હરખચંદને ખાતે જમે.
૪) પગી. મેઘજી ભલાને ખાતે ઉધાર.

ખા. પા. ૨

૫૦૪)

ઉ

૨૫) પા. મીઠાભાઈ ડુંગરદાસને ખા ઉ ઉધાર.
૨૫) નગદ રોકડા મુંબઇગરા તમોને ઉછીના આપ્યા તેના.

ખા. પા.

૪) પગી મેઘજી ભલાને ખાતે ઉ
૪) શાહ. નથુ હરખચંદને ખાતે જમા.

ખા. પા. ૩

૨૯)

૪૭૫) શ્રી પરાંત જણુસ.
૪૭૪) મુંબઇગરા.
૧) છુટા પૈસા. ૬૪
૪૭૫)

૫૦૪)

સંવત ૧૯૪૧ ના માગશર શુદ ૧ વાર ભોમે તા૦ ૧૮ માહે નવેંબર સને ૧૮૮૪

જ

૪૭૫) શ્રી પરાંત જણુસે.

૨૫) પા. મીઠાભાઇ ડુંગરદાસને ખાતે જમે.
ઉ ૨૫) નગદ રોકડા મુંબઈગરા ઉછીના આપેલા તે તમો ભરી ગયા.

ખા. પા.

૧) શાહ. નથુ હરખચંદને ખાતેજમે.

ઉ

૩૬૦) શ્રી ઘીખાતે ઉધાર.
૩૬૦) ઘી મણ. ૨૦) દર ૩ ૧૮) ને ભાવે રોકડેથી શાહ નથુ હરખચંદને ત્યાંથી લીધું તેના.

ખા. પા. ૩

૧) પગી. મેઘજી ભલાને ખાતેઉ.
૧) ગોળ શેર ૮) શાહ. નથુ

રો. પા. ૨

૧) ગોળ શેર ૮) પગી. મેઘજી ભલાને ખાતે ઉધાર.

ખા. પા. ૨

૫૦૧)

હરખચંદને ખાતે જમા.

ખા. પા. ૩

૩૬૧)

૧૪૦) શ્રી પરાંત જણસે.

૧૩૯) નગદ રોકડા મુંબઇગરા

૧) છૂટા પૈસા. ૬૪

૧૪૦)

૫૦૧)

સંવત ૧૯૪૧ ના પોષ શુદ ૧ વાર ગરેઉ તા૦ ૧૮ માહે ડીસેંબર ૧૮૮૪

જ

૧૪૦) શ્રી પરાંત જણસે છે.

૨૦૦) શ્રી ઘી ખાતે જમે.

૨૦૦) ઘી મણ. ૧૦) દર ૨૦) ને ભાવે રોકડેથી. વોરા. વખતચંદ હીરાચંદને આપ્યું તેના.

ખા. પા. ૩

૩૫૦૦) પા. મીઠાભાઇ ડુંગરદાસને ખાતે જમે.

૩૫૦૦) ઘઉં કળશી ૧૦૦) દર ૩ ૩૫) લેખે ખરીધા તે શ્રી ઘઉં ખાતે ઉધારીને.

ખા. પા. ૩

૧૫) પગી. મેઘજી ભલાને ખાતે જમે.

૧૫) નગદ રોકડા મુંબઇગરા. ઘીને પેટે આપી ગયો.

ખા. પા. ૩

૨૧) શ્રી ઘીખાતે જમા.

૨૧) ઘી મ. ૧) પગી. મેઘજી ભલાને ખાતે ઉધાર.

ખા.. પા. ૩

ઉ

૧૦૦) પા. મીઠાભાઈ ડુંગરદાસને ખાતે ઉ

૧૦૦) નગદ રોકડા મુંબઈગરા હા. પોતાને ઘઉં ખરીધા તેને પેટે આપ્યા. બાકીનારૂ. નો વાયદો માસ એનો કર્યો છે.

ખા. પા. ૩

૩૫૦૦) શ્રી ઘંઉખાતે ઉધાર.

૩૫૦૦) ઘંઉ કળશી ૧૦૦ દર ૩ ૩૫) લેખે પા. મીઠા ભાઇડુંગરદાસનેખાતે જમા

ખા. પા. ૪

૨૧) પગી. મેઘજી ભલાનેખાતે ઉધાર.

૨૧) ઘી મણ. ૧) ના હા. પોતે તે શ્રીઘી ખાતે જમાકરીને.

ખા. પા. ૩

૨ા=) શ્રી ઘીખાતે ઉધાર.

૨ા=) ઘી શેર. ૫) પગી.

રો. પા. ૩

મેઘજી ભલ્લાને ખાતે જમા.

ખા. પા. ૩

૩૬૨૩ાા=

૨૫૫) શ્રી પરાંત જણસેછે.
૨૫૦) નગદ રોકડા મુંબ-
ઇગરા.
૪) અડધા નંગ. ૮
૧) છૂટા પૈસા નં. ૬૪
૨૫૫)

૩૮૭૮ાા=

૨ાા= પગી. મેઘજી ભલ્લાનેખાતે જમે.
૨ાા= ઘી શેર. ૫) વધવા
થી પાછું લાવ્યો તે ઘી ખાતે
ઉધારીને.

ખા. પા. ૩

૩૮૭૮ાા=

સંવત ૧૯૪૧ ના મહા શુદ ૧ વાર શનેઉ તા૦ ૧૭ માહે જાન્યુઆરી સન ૧૮૮૫

જ

૨૫૫) શ્રી પરાંત જણસે

૩)૧૫ શ્રી ઘી ખાતે જમા.
૩)૧૫ ઘીશેર. ૬) દર
૨૧)ને ભાવે ખાવા સારૂઘેર
લેઇ ગયા તે ખર્ચ ખાતે
ઉધારીને.

ખા. પા. ૩

૨૭—ા શ્રી વટાવ ખાતે જમા.
૦)—ા ૩૫) મુંબઇગરાના
૬૫) લેખે પૈસા લીધા
તેના વટાવના.
૧૬) ૩૧૦૦) બાબાશાઇ
મુંબઇગરા આપી દર.
૮૪)લેખેશા. મનસુખ
સુરચંદના લીધા. તે
ના વટાવના.
૮ાા ૩ખાંડી. ૨૦ દર ૩
૧૭૫) લેખે શાહ.
માણેકચંદ કેશવજી
ગામ વઢવાણ વાળા

ઉ

૪) ૧૫ શ્રી ખર્ચ ખાતે ઉધાર.
૩) ૧૫ ઘી શેર૬) ખાવા
સારૂ દુકાનમાંથી
લીધું તેનાઘીખા-
તે જમા કરીને.
૦ાા સાબુના ગોળા
નં. ૨૦ વોરા
નુરભાઈ આદમ
જીની દુકાનેથી રો
કડેથી લીધા.
૦ાા પોસ્ટ કાર્ડનં. ૩૨
૪) ૧૫

ખા. પા.૫

૧૦)૨૦ શ્રી ઘરેણાખાતે ઉધાર.
૧૦)૨૦ હેમની વીંટી નં.
૧) ગ. ૧)ની સોની. ગી-
રધર રણછોડની દુકાનેથી
રોકડેથી લીધી.

ખા. પા. ૬

રો. પા. ૪

ને શા. પ્રભુદાસ હ-
રજીવનદાસની દુકાને
થી અપાવ્યું તેની
દલાલીના સેંકડે ટકા
ાા લેખે.

૨ાા સિકંદર નામાની ચો
પડી નંગ. ૨૦ દર
૩૧ાા લેખે મોદી. ચુ-
નીલાલ બાપુજી પા-
સેથી વેચાતી લીધી
તેની કીમતના૩૨૫)
નું કમિશન સેંકડે
ટકા દશ લેખે

૨૩ા—ા

ખા. પા. ૬

૨૮૫ા૨૨ાા

૨૫) શ્રી ખરીદખાતે ઉધાર.
૨૫) સિકંદરનામાની
ચોપડી નં. ૨૦ દર ૩૧ા
લેખેમોદી. ચુનીલાલ બા-
પુજી પાસેથી રોકડેથી
લીધી તેના.

ખા. પા. ૪

૩૯ા૧૦

૨૪૬)૧૨ાા શ્રી પરાંત જણસે.
૧૪૧) નગદ મુંબઈગરા
૧૦૦) નગદ બાબાશાહી
૫)૧૨ાા છુટા પૈસા.
૩૨૮ ને ાા પાઈ.
૨૪૬) ૧૨ાા

૨૮૫ા૨૨ાા

સંવત ૧૯૪૧ ના ફાગણ શુદ ૧ વારસોમે તા૦૧૬ માહે ફેબ્રુઆરી સને ૧૮૮૫

જ.

૨૪૧)૧૨ાા શ્રી પરાંત જણસે.

૫ શા. નથુહરખચંદને ખાતેજમે
૫) નગદ રોકડામુંબઇગરા
હા. પોતે લેઇ ગયા.

ખા. પા. ૨

૩૪૦૦) વોરા. વખતચંદ હીરાચંદ
ને ખાતે જમે.
૩૪૦૦) હવાલો નં. ૧)પા
મોઢાભાઇ ડુંગરદાસને ખાતે
ઉધાર.

ખા. પા. ૨

ઉ.

૩૪૦૦) પા. મોઢાભાઈ ડુંગરદાસને
ખાતે ઉધાર.
૩૪૦૦) હવાલો નં. ૧)
વોરા વખતચંદ હીરાચંદને
ખાતે જમે.

ખા. પા. ૩

૨૦૦૦) શાહ. ગાણેકચંદ કેશવજી
ગામ. વઢવાણવાળાને ખાતે
ઉધાર.
૨૦૦૦) ઘઉં કળશી ૫૦)
દર ૩ ૪૦) લેખે તમારા ગુ-
માસ્તા મગન હરીભાઈને ભ-

રો. પા. ૫

૫૦૦) શાહ. માણેકચંદ કેશવજીગામ વઢવાણવાળાને ખાતે જમે.

૫૦૦) નગદ રોકડા મુંબઇગરા ઘઉં કળસી. ૫૦) મંગાવ્યા તે પેટે તમારા ગુમાસ્તા મગન હરીભાઇ હસ્તુ આવ્યા તેના

ખા. પા. ૬

૨૦૦૦) શ્રી ઘઉં ખાતે જમા.

૨૦૦૦) ઘઉં કળશી. ૫૦) દર રૂ ૪૦) લેખે શા. માણેક ચંદ કેશવજીને ખાતે ઉધાર.

ખા. પા. ૪

૫) શ્રી વ્યાજ ખાતે જમે.

૫) કાંધાની મંડામણીના પગી. મેઘજી ભલાને ખાતે ઉધાર.

ખા. પા. ૪

૬૧૫૬)૧૨ાા

રાવ્યા તેના તે શ્રી ઘઉંખાતે જમા કરીને.

ખા. પા. ૬

૫૮૪ા= વોરા. વખતચંદ હીરાચંદને ખાતે ઉધાર.

૫૦૦) નગદ રોકડા મુંબઇગરા.

૮૪ા= રૂ૧૦૦) બાબાશાઇ દર રૂ ૮૪ા= લેખે

૫૮૪ા=

હા. ગુમાસ્તો લીલાધર ભરી આવ્યો.

ખા. પા. ૨

૧૫ાા= શ્રીવટાવખાતે ઉધાર.

૧૫ાા= વોરા. વખતચંદ હીરાચંદની દુકાને રૂ ૧૦૦) બાબાશાઈ ભર્યા તેના વટાવના.

ખા. પા. ૬

૪૧ાા= પગી. મેઘજી ભલાને ખાતે ઉધાર.

૩૬ાા નગદ રોકડા મુંબઇગરા

૦)= છૂટા પૈસા ૮

૫) કાંધાની મંડામણીના તે વ્યાજખાતે જમે.

૪૧ાા=

તે સિવાય રૂ ૮ા= ખાતાના બાકી હતા જુમલે રૂ૫૦) કાંધુ માંડયું

તેમાં ઠરાવ એવો કે માસ૧

રો, પા. ૬

એકે ૩૧૦) ભરવા, ન
ભરે તો માસ ૧) ૩૧)
એકે દોકડા ૧॥ લેખે વ્યા
જ ચડે.

ખા. પા. ૩

૬૦૪૧॥=

૧૦) શાહ નથુ હરખચંદને ખાતે
ઉધાર.
૧૦) ૩૫) નગદ રોકડા મું
બઈગરા તમોને આપેલા
તેને બદલે ભૂલથી જમે
કરી ગયા તેના.

ખા. પા. ૨

૬૦૫૧॥=

૧૦૪॥૦। શ્રી પરાંત જણસે.
૯૯॥ નગદ રોકડા મુંબઈ-
ગરા.
૫)૦। છૂટા પૈસા ૩૨૦ ને
૦॥ પાઇ.
૧૦૪॥૦।

૬૧૫૬)૧૨॥

સંવત ૧૯૪૧ ના ચૈત્ર શુદ ૧ વાર ભોમે તા૦ ૧૭ માહે માર્ચ સન ૧૮૮૫

જ	ઉ
૧૦૪॥૦। શ્રી પરાંત જણસેછે. ૧૦) પગી મેઘજી ભલાને ખાતેજમે ૧૦) નગદ રોકડા મુંબઇગ રા કાંધા પેટે ભરી ગયોછે. ખા. પા. ૩ ૯૭॥ શ્રી ઘી ખાતે જમે. ૯૭॥ ઘી મણ ૫) શ્રી ગામ. વઢવાણના શા. માણેકચંદ કે શવજીના હસ્તુ ખાતે ઉધાર. દર ૩ ૧૯॥ નું ખા. પા. ૪	૨૫) શાહ. નથુ હરખચંદને ખાતે ઊધાર. ૨૫) નગદ રોકડા મુંબઇગરા હા. પોતાને ઘીમણ ૫૦) દર ૩૧ ૭॥ ને ભાવે જેઠ સુદ ૧ ના વાયદાનું સદી કર્યું તે પેટે બાનામાં આપ્યા. ખા. પા. ૨ ૯૭॥ શ્રી ગામ વઢવાણવાળા શાહ. માણેકચંદ કેશવજીના હથુ ખા- તે ઊધાર.

રો. પા. ૭

૧૨૯I શ્રી અમદાવાદના પરી. કસળ-
ચંદ વછરાજને ખાતે જમા
ફાગણવદ ૧૨ શુકરે
૧૨૯I રેશમી ધોતી જોટાનં૨૦
૧૨૬) ધોતી જોટા નં ૨૦
દર રૂ૭)લેખે રૂ૧૪૦) થાય બાદ ટકા દશ
વળતે. રૂ૧૪) જતાં
રૂ૧૨૬)ખરીકીંમતના
૩I ખરા જાતના.
૧) ખાદી હાથ. ૮
બાંધણ સારૂ.
૦I રેલવે પુરલેઇ
જવાની મજુરી
૨) વઢવાણ સુધી
રેલવેભાડાના
૩I
૧૨૯I
તમારા ભરતીઆ મુજબ ખરીદ ખાતે
ઉધારીને. તેનો વાયદો માસર નોકર્યોછે

ખા. પા. ૭

૩૪૧I૦I

૯૭II ધીમણ ૫) વેચવા સારૂ
મેગણ. અલી ઉમર સાથે
મોકલ્યું તેના દર રૂ
૧૯II લેખે.

ખા. પા. ૭

૧૩૧)૦Iશ્રીખરીદ ખાતે ઉધાર.
૧૨૯I રેશમી ધોતી જોટા
નં ૨૦.
૧૨૬)ધોતીજોટાનં૨૦દરરૂ૭
લેખે રૂ૧૪૦) થાય
બાદ ટકા દશ વળતે
રૂ૧૪) બાદ જતાં
રૂ૧૨૬) ખરા.
૩I ખરા જાત.
૧) ખાદી હાથ ૮
બાંધણસારૂ.
૦I રેલવેપર લેઇજ
વાની મજુરી.
૨) વઢવાણ સુધી રે-
લવ ભાડાના
૩I
૧૨૯I

તે શ્રી અમદાવાદના
પરી. કસળચંદવછરાજ
ને ખાતે જમા.
૧II૦I વઢવાણથી રાજકોટ સુધી ભા-
ડાના હા. મેમણ. અલી ઉમરને.
૧૩૧)૦I

ખા. પા. ૪

૨૫૩II૦I
૮૭II શ્રીપરાંત જણસે.
૮૪) નગદ રોકડા મુંબઇગરા
૩II છૂટા પૈસાનં.૨૪૦
૮૭II

૩૪૧I૦I

રો. મા. ૮

સંવત ૧૯૪૧ ના વૈશાખ શુદ ૧ વાર ગરેઉ તા૦ ૧૬ માહે એપ્રિલ સને ૧૮૮૫

જ | ઉ

૮૭॥ શ્રી પરાંત જણસે છે
૧૧૦॥૩ શ્રી વકરા ખાતે જમા
૧૧૦॥૩ રેશમી ધોતી જોટા નં. ૧૫ની કીમતના બાવા. સાળંગગર તુળશીગર ને ખાતે ઉધારીને

ખા. પા.૪

૯૭॥ શ્રી ગામ વઢવાણના શાહ. માણેકચંદ કેશવજીના હથુ ખાતે જમા ચૈત્રવદ ૫ શનેઉ
૯૨)૫ ઘી મણ. ૫)ના તમારા ભરતીયા મુજબ તમારે ખાતે ઉધારીને.
૫॥૨૦ ખોટના શ્રી ઘી ખાતે ઉધારીને.
૯૭॥

ખા. પા.૭

૨૯૫॥॥૩

૧૧૦॥૩ બાવા. સાળંગગર તુળશીગર.
૯૮। રેશમી ધોતી જોટા નં. ૧૫ ની પડતર કીમત.
૧૨।૩ વટાવ રૂ૯૮। નો અઢાર આની લેખે.
૧૧૦॥૩

હા. તમારો ગુમાસ્તો. ગણેશ લેઈ ગયોછે તે શ્રીવકરા ખાતે જમા કરીને.

ખા. પા. ૨

૯૨)૫ શ્રીવઢવાણના શાહ. માણેકચંદ કેશવજીને ખાતે ઉ. ચૈત્ર વદ ૫ શનેઉના.
૯૫) ઘીમણ ૫) દર રૂ ૧૯) લેખે વેચાણું તેના
૨) રાજકોટથી વઢવાણ સુધીના ભાડાના મેમણઅલી ઉમરને તમોએ આપ્યા તેના.
૦॥૨૦ તમારી દલાલીના રૂ ૯૫) ની સેંકડે ટકા લેખે.
૨॥૨૦
૯૨)૫
તમારા ભરતીયા મુજબ તમારે ખાતે ઉધારી તમારા હથુ ખાતે જમા કરીને.

ખા. પા. ૬

૫॥૨૦ શ્રીઘી ખાતે ઉધાર ચૈત્ર વદ ૫ શનેઉ.
૫॥૨૦ ઘીમણ ૫) ની ખોટના વઢવાણના શાહ. મા-

રો. પા. ૯

ણેકચંદ કેશવજીના હ-
થુ ખાતે જમા કરીને.

ખા. પા. ૪

૨૦૮)૩.

૨) વધઘટ ખાતે ઉધાર

૨) સિલક મેળવતાં ખૂટયા

ખા. પા. ૬

૮૫ાાા શ્રીપરાંત જણસે

૮૨) નગદ મુંબઈગરા.

૩ાા છુટા પૈસા નં. ૨૪૦

૮૫ાાા

૨૯૫ાાા૩

સંવત ૧૯૪૧ના પ્રથમ જેઠ સુદ ૧ વાર સુકરે તા૦ ૧૫ માહે મે સને ૧૮૮૫

જ

૮૫ાાા શ્રી પરાંત જણસેછે.

૨) શ્રી વધઘટ ખાતે જમા

૨) નગદ વૈશાખ શુદ ૧ના
મેળમાં ખૂટેલા તે પગી મેઘજી
ભલાને આપેલા સાંભરી આવ
તાં તેને ખાતે ઉ

ખા. પા. ૬

૧૫) શ્રી વકરા ખાતે જમા.

૧૫) સિંકદરનામાની ચોપડી
નં ૧૨ રોકડેથી છૂટક વેચી તેના

ખા. પા. ૪

૭૫) શ્રી વટાવ ખાતે જમા.

૭૫) ઘી મણ ૫૦) દર ૩૧ાાા
ને ભાવે સહી કરેલું ન આવ
તાં દર ૩૧૯)ને ભાવે ભાવ ખં
ડી વાળ્યો તેના નફાના શાહ ન-
થુ હરખચંદને ખાતે ઉધારીને

ખા. પા. ૬

ઉ

૨) પગી. મેઘજી ભલાને ખાતે ઉ.

૨) નગદ વૈશાખ શુદ ૧ ને દિ-
વસે આપેલા તે સરત ચૂક-
થી માંડવા રહી ગયેલા તે
યાદ આવેથી શ્રીવધઘટ ખાતે
જમા કરીને.

ખા. પા. ૩

૭૫ શાહ. નથુ હરખચંદને ખાતે ઉ.

૭૫) ઘીમણ ૫૦) દર ૩૧ાાા
ને ભાવે આજની તેરીખનું અ-
મોએ સહી કરેલું તે તમોએ ન
આપતાં ૩૧૯) ને ભાવે ભાવ
ખંડી વાળ્યો તેના દર મણે
૩૧ાા લેખે તે વટાવખાતે જમા
કરીને.

ખા. પા. ૨

૧૫૦૦) વોરા. વખતચંદ હીરાચંદને
ખાતે ઉધાર.

રો. પા. ૧૦

૫૦૦) શ્રી હુંડી ખાતે જમા.
૫૦૦) હુંડી નં. ૧ શ્રી મુંબાઇના ઠા. અમરશી કચરા ઉપરની, લખી અત્રેથી અમારી, રાખ્યા શાહ નીમચંદ નાનજી પાસેથી, શાહ જોગી, મુદત દિન વળતાની, લખી પ્રથમ જેઠશુદ ૧ વાર શુકરની દા. ૦ાા રોકડેથી

ખા. પા. ૫

રાા શ્રી હુંડીઆમણ ખાતે જમા
રાા હુંડી નં. ૧ ૩૫૦૦)નીદા૦ાા લેખે મુંબાઈની શાહ. નીમચંદ નાનજીને આપી તેના.

ખા. પા. ૫

૧૫૦૦) શ્રી હુંડી ખાતે જમે
૧૫૦૦) હુંડી નં. ૧ શ્રી અગદાવાદના પરી. કસળચંદ વછરાજ ઉપરની, લખી અત્રેથી અમારી, રાખ્યા વોરા. વખતચંદ હીરાચંદ પાસેથી, શાહ જોગી, મુદતવાર ભોમની લખી પ્રથમ જેઠ શુદ ૧ વાર શુક્ર સરભર ભાવે ખાતે ગાંડી વોરા વખત ચંદ હીરાચંદને આપી તેના તેને ખાતે ઉધારીને

ખા. પા. ૫

૨૧૮૦।

૧૫૦૦) હુંડી નં. ૧ અગદાવાદ ના પરી. કસળચંદ વછરાજ ઉપરની, લખી અત્રેથી અમારી, રાખ્યા તમારો પાસેથી, શાહ જોગી, મુદતવાર ભોમની, લખી પ્રથમ જેઠ શુદ ૧ વાર શુકર સરભર ભાવે તે હુંડી ખાતે જમે કરીને.

ખા. પા. ૨

૪૦૦) શ્રી અમદાવાદના પરી. કસળચંદ વછરાજને ખાતે ઉધાર.
૪૦૦) હુંડી નં. ૧ અમારા ઉપરની, લખીતમારી, રાખ્યા શાહ હઠીસંગ જેચંદ પાસેથી, શાહ જોગી, મુદત દિન વળતાની લખી વૈશાખવદ ૧ વાર ભોમની આ હુંડી લેઇ શાહ ઉમેદ કમળશીઆવેથી ખોળાધરશાહ. હઠીસંગ કસળચંદ લેઇ નાણાં આપ્યાં તે.

ખા. પા. ૭

૧૯૭૭)

૨૦૩। શ્રી પરાંત જણસે
૨૦૨) નગદ મુંબઇગરા.
૧। છૂટા પૈસા નં. ૮૦

૨૦૩।

૨૧૮૦।

રો. પા. ૧૧

સંવત ૧૯૪૧ના પ્રથમ જેઠશુદ ૧૫ વાર ગરેઉ. તા. ૨૮ માહે મે સને ૧૮૮૫

જ

૨૦૩૧ શ્રી પરાંત જણસે છે.

૫૦૦) શ્રી મુંબઇના ઠા. અમરશી કચરાને ખાતે જમે.

૫૦૦) હુંડી નં. ૧ તમારા ઉપરની, લખી અત્રેથી અમારી, રાખ્યા શાહ નીમચંદ નાનજી પાસેથી, શાહજોગી, મુદત દિન વળતાની, લખી પ્રથમ જેઠ શુદ ૧ વાર શુક્રની તે શકરાઇ આવેથી હુંડી ખાતે ઉધારીને.

ખા. પા. ૮

૧૫૦૦) શ્રી અમદાવાદના પરી. કસળચંદ વછરાજને ખાતે જમે.

૧૫૦૦) હુંડી નં. ૧ તમારા ઉપરની, લખી અત્રેથી અમારી, રાખ્યા વોરા વખતચંદ હીરાચંદ પાસેથી, શાહ જોગી, મુદતવાર ભોમની, લખી પ્રથમ જેઠસુદ ૧ વાર શુક્ર, તે શકરાઇ આવેથી હુંડી ખાતે ઉધારીને.

ખા. પા. ૭

૦।= શ્રી હુંડીઆગણુ ખાતે જમે.

૦।= હુંડી નં. ૧ રૂ ૧૫૦)નીદા. ૯૯ાા લેખે અમદાવાદની, પરી.

ઉ

૫૦૦) શ્રી હુંડી ખાતે ઉધાર.

૫૦૦) હુંડી નં. ૧ શ્રી મુંબાઈના ઠા. અમરશી કચરા ઉપરની, લખી અત્રેથી અમારી, રાખ્યા શાહ નીમચંદ નાનજી પાસેથી, શાહ જોગી, મુદત દિન વળતાની, લખી પ્રથમ જેઠશુદ ૧ વાર શુક્રની તે શકરાઇ આવેથી મુંબાઇના ઠા. અમરશી કચરાને ખાતે જમે કરીને.

ખા. પા. ૫

૧૫૦૦) શ્રી હુંડી ખાતે ઉધાર.

૧૫૦૦) હુંડી નં. ૧ અમદાવાદના પરી. કસળચંદ વછરાજ ઉપરનો, લખી અત્રેથી અમારી, રાખ્યા વોરા. વખતચંદ હીરાચંદ પાસેથી, શાહજોગી, મુદતવાર ભોમની, લખી પ્રથમ જેઠશુદ ૧ વાર શુક્ર. તે શકરાઈ આવેથી પરી. કસળચંદ વછરાજને ખાતે જમે કરીને.

ખા. પા. ૫

૧।।) પરી. કરસનજી મૂળચંદને ખાતે ઉ.

રો. પા. ૧૨

કરસનજી મૂળચંદની દુકાનેથીલી-
ધી તેના મળ્યા.

ખા. પા. ૫

૧૦૦) શાહ નથુ હરખચંદનેખાતેજમે
૧૦૦) હુંડી નં. ૧ મુંબાઇની
લક્ષ્મિદાસ ખીમજી ઉપરની,
લખી અત્રેથી તમારી, રાખ્યા
અમારી પાસેથી, શાહજોગી-
મુદતવાર ભોમની. લખી પ્રથ-
મ જેઠશુઠ ૧૫ વાર ગરેઉની
સરભર ભાવે ખાતે લીધી તે
શ્રી હુંડીખાતે ઉધારીને.

ખા. પા. ૨

૧૧૦૦) વેરા. વખતચંદ હીરાચંદને
ખાતે જમે.
૧૧૦૦) નગદ રોકડા મુંબઇ
ગરા હા. અમારો ગુમાસ્તો.
લીલાધર લેઈ આવ્યો છે.

ખા. પા. ૨

૧) શ્રી હુંડીઆમણ ખાતે જમે.
૧) હુંડી નં. ૧ ૬૪૦૦) ની,
શ્રી અમદાવાદની, શાહ મનસુખ
સુરચંદ પાસેથી, દા. ૩ ૯લ્લા
ને ભાવે વેચાતી લીધી તેના વ-
ટાવનો.

ખા. પા. ૫

૫૦૦) શ્રી હુંડી ખાતે જમે.
૫૦૦) હુંડી નં. ૧ શ્રી ક-

૧૫૦)હુંડી નં. ૧ અમદાવાદના
પરી. કસળચંદવછરાજઉપરની,
લખી અત્રેથી તમારી, રાખ્યા
અમારી પાસેથી, શાહ જોગી,
મુદતદિનચાર ચારની લખી પ્ર-
થમજેઠશુદ ૧૫ વાર ગરેઊ દા.
૯લ્લાતે રોકડેથીલીધી તેનાઆ
પ્યા. આ હુંડીશ્રી અમદાવાદના
શેઠ વાડીલાલ પાનાચંદનેબીડી.

ખા. પા. ૩

૧૦૦) શ્રી હુંડી ખાતે ઉધાર.
૧૦૦)હુંડી નં. ૧ શ્રી મુંબા-
ઇની શેઠ. લક્ષ્મિદાસ ખીમજી
ઉપરની લખી અત્રેથી શાહ
નથુ હરખચંદની, રાખ્યા અ-
મારી પાસેથી, શાહ જોગી.મુ-
દતવાર ભોમની, લખી પ્રથમ
જેઠશુદ ૧૫ વાર ગરેઉની, તે
શાહ નથુ હરખચંદને ખાતે
જમે.

ખા. પા. ૫

૪૦૦) શ્રી હુંડી ખાતે ઉધાર.
૪૦૦) હુંડી નં. ૧ શ્રી અમ-
દાવાદના પરી. કસળચંદ વ-
છરાજ ઉપરની, લખી કપડવ-
ણુંજથી પરી. અમથાભાઈમો-
હનલાલની, રાખ્યા શાહ મ-
નસુખ સુરચંદ પાસેથી, શાહ

રો. પા. ૧૩

પડવણુંજના પરીા. પાનાચંદ કુબેર ઉપરની લખી અમદાવાદ થી પરી. કસળચંદ વછરાજ ની, રાખ્યા શાહ રતનચંદ જે ચંદ પાસેથી, શાહ જોગી, બાંધી મુદતની બીજા જેઠશુદ ૧ વાર શનેઉની લખી પ્રથમ જેઠ સુદ ૧૧ ને વાર રવેઉ. તે બાવા સાળંગર તુળશીગરને રોકડેથી આપી તેના આવ્યા.
દા. ૩૧)=

ખા. પા. ૫

૬ા= શ્રી હુંડીઆમણુ ખાતે જમે.
૬ા= હુંડી નં. ૧ શ્રી કપડવણુંજની, ૩૫૦૦)ની દા. ૩૧)= ને ભાવે બાવા. સાળંગગર તુળશીગરને વેચાતી આપી તેના વટાવના.

ખા. પા. ૫

૧૮૦૦) શ્રી વઢવાણના શાહ માણેકચંદ કેશવજીને ખાતેજમે.
૧૮૦૦) હુંડી નં. ૧ અત્રેની, પરી. કરસનજી મૂળચંદ ઉપરની, લખી વઢવાણના શાહ કુંવરજીનાથાની, રાખ્યા તમારી પાસેથી, શાહ જોગી તરતમુદતની, લખી પ્રથમ જેઠ શુદ ૧૧ વાર રવેઉની, તેનાં નાણાં ખોળાધર વોરા. જોગી, મુદત દિન ચાર ચારની લખી પ્રથમ જેઠશુદ ૧ વાર શુક્ર. તે હુંડી રાખ્યાવાળા ધણી લાવેથી ખોળાધર શાહ સક્રિગચંદ દીપચંદને લેઇ નાણાં આપ્યાં તેના. દા. ૯૯॥

ખા. પા. ૫

૫૦૦) શ્રી હુંડી ખાતે ઉધાર.
૫૦૦ હુંડી નં. ૧ શ્રી કપડવણુંજના પરી. પાનાચંદ કુબેર ઉપરની, લખી અમદાવાદના પરી. કસળચંદ વછરાજની, રાખ્યા શાહ રતનચંદ જેચંદ પાસેથી. શાહ જોગી, બાંધી મુદતની બીજા જેઠશુદ ૧ વાર શનેઉની, લખી પ્રથમજેઠશુદ ૧૧ વાર રવેઉની, તે રાખ્યા વાળા ધણી પાસેથી ખોળાધર શાહ. જગજીવન જેઠા શાહને લેઇ નાણાં આપ્યા તેના દા. ૩૧)ને ભાવે.

ખા. પા. ૫

૫) શ્રી હુંડીઆમણુ ખાતે ઉધાર.
૫) હુંડી નં. ૧ ૩૫૦૦)ની કપડવણુંજની, શાહ રતનચંદ જેચંદ પાસેથી દા. ૩૧)નેભાવે વેચાતી લીધી તેના વટાવના.

ખા. પા. ૫

૨૦૧) શ્રી વઢવાણના શાહ માણેકચંદ કેશવજીને ખાતે ઉધારત-

રો. પા. ૧૪

વખતચંદ હીરાચંદને આપી લીધાં તેના

ખા. પા. ૬

૨૦૧) વોરા. વખતચંદ હીરાચંદને ખાતે જમે.

૨૦૧) હુંડી નં. ૧ રૂ૨૦૦) ની શ્રી મુંબાઇના ઠા. અમરશી કચરાપરની, લખી અત્રેથી તમારી, રાખ્યા વઢવાણના શાહ માણેકચંદ કેશવજીની વતી અમારી પાસેથી, શાહ જોગી, તરત મુદતની, લખી પ્રથમ જેઠશુદ ૧૫ વાર ગરેઉની દા. ૩ ૦ાા લેખે તે શ્રી મુંબાઈના શેઠ લક્ષ્મિદાસ ખીમજી પર બીડી તે શાહ માણેકચંદ કેશવજીને ખાતે ઉધારીને

ખા. પા. ૨

૨૦૦) શ્રી હુંડી ખાતે જમે.

૨૦૦) હુંડી નં. ૧ શ્રી ખેડાની શાહ રાયચંદ પૂજાશાહ ઉપરની, લખા અત્રેથી અમારી, રાખ્યા શાહ નથુ હરખચંદ પાસેથી, શાહ જોગી, બાંધી મુદતની દેખાડ થયા પછી પંદર દિવસની, લખી પ્રથમ જેઠશુદ ૧૫વાર ગરેઉની. દા. ૩ ૩)લેખે.

ખા. પા. ૫

૬) શ્રી હુંડીઆમણ ખાતે જમે.

૬) હુંડી નં. ૧ રૂ ૨૦૦)ની મારી વતી.

૨૦૧) હુંડી નં. ૧ રૂ૨૦૦) ની શ્રી મુંબાઇના ઠા. અમરશી કચરાપરની, લખી અત્રેથી વોરા વખતચંદ હીરાચંદની, રાખ્યા તમારી વતી અમારી પાસેથી, શાહજોગી, તરત મુદતની, લખી પ્રથમજેઠશુદ ૧૫ વાર ગરેઉની, દા.૩૦ાાને ભાવે મુંબાઇના શેઠ લક્ષ્મિદાસ ખીમજી ઉપર તમારા લખવાથી બીડી તેનાવોરા. વખતચંદ હીરાચંદનેખાતે જમે કરીને.

ખા. પા. ૬

૨૩૫૦) વોરા. વખતચંદ હીરાચંદને ખાતે ઉધાર.

૨૩૫૦) નગદ રોકડા મુંબઇગરા હા. ગુમાસ્તો. લીલાધર ભરી આવ્યો છે.

ખા. પા. ૨

૫૭૦૬)

૪૧૨ા શ્રી પરાંત જણસ.

૪૧૧) નગદ મુંબઇગરા.

૧ા છુટા પૈસા નં. ૮૦

૪૧૨ા

૬૧૧૮ા

શે. પા. ૧૫

શ્રી ખેડાની, શાહ નથુ હરખચંદને દા. ૨૩)ને ભાવે આપી તેના વટાવના.

ખા. પા. ૫

૬૧૧૮।

સંવત ૧૯૪૧ના બીજા જેઠશુદ ૧ વાર શનેઉ તા૦ ૧૩ મી ગાહેજ્યુન સને ૧૮૮૫

જ

૪૧૨ા શ્રી પરાંત જણુસે છે.

૧૫૦) પરી. કરસનજી મૂળચંદને ખાતે જમે. પ્રથમ જેઠશુદ ૧૫ વાર ગરેઉની તેરીખના.

૧૫૦) હુંડી નં. ૧ શ્રી અમદાવાદના પરી. કસળચંદ વછરાજ ઉપરની, લખી અત્રેથી તમારી, રાખ્યા અમારી પાસેથી. શાહ જોગી, મુદતદિન ચાર ચારની, લખી પ્રથમ જેઠશુદ ૧૫ વાર ગરેઉની, તે શકરાયાનોજવાબ આવતાંશેઠ. વાડીલાલ પાનાચંદને ખાતે ઉધારીને.

ખા. પા. ૩

૧૦૦) શ્રી હુંડી ખાતે જમે.

૧૦૦) હુંડી નં. ૧ શ્રી મુંબાઇની શેઠ. લક્ષ્મિદાસ ખીમજી ઉપરની, લખી અત્રેથી શાહ નથુ હરખચંદની, રાખ્યા

ઉ

૧૫૦) શ્રી અમદાવાદના શેઠ. વાડીલાલ પાનાચંદને ખાતે ઉધાર,

૧૫૦) હુંડી નં. ૧ અમદાવાદના પરી. કસળચંદ વછરાજ ઉપરની, લખી અત્રેથી પરી. કરસનજી મૂળચંદ, રાખ્ય અમારી પાસેથી, શાહ જોગી, મુદત દિન ચારચારની, લખી પ્રથમ જેઠ સુદ ૧૫ વાર ગરેઉની. તે શકરાયાનો તમારો જવાબ આવતાં પરી. કરસનજી મૂળચંદને ખાતે જમે કરીને.

ખા. પા. ૭

૧૦૦) શ્રી મુંબાઇના ઠા. અમરશી કચરાને ખાતે ઉધાર.

૧૦૦) હુંડી નં. ૧ મુંબાઈની શેઠ લક્ષ્મિદાસ ખીમજી ઉપરની, લખી અત્રેથી શાહ નથુ હરખચંદની, રાખ્યા અમારી પાસેથી, શાહજોગી, મુ-

રો. પા. ૧૬

અમારી પાસેથી, શાહજોગી, મુદત વાર ભોમની, લખી પ્રથમ જેઠ શુદ ૧૫ વાર ગરેઉની, તે શકરાયાનો જવાબ આવતાં શ્રી મુંબાઇના ઠા. અમરસી કચરાને ખાતે ઉધારીને.

ખા. પા. ૫

૪૦૦) શ્રી હુંડી ખાતે જમા.

૪૦૦) હુંડી નં. શ્રી અમદાવાદની, પરી. કસળચંદ વછરાજ ઉપરની, લખી કપડવણુંજથી પરી. અમથાભાઈ મોહનલાલની, રાખ્યા શાહ મનસુખ સુરચંદ પાસેથી, શાહજોગી, મુદત દિન ચારચારની લખી પ્રથમ જેઠ શુદ ૧ વાર શુક્ર. તેનાં નાણું જમા કર્યાનો જવાબ આવતાં પરી. કસળચંદ વછરાજને ખાતે ઉધારીને.

ખા. પા. ૫

૨૦૦) શ્રી અમદાવાદના પરી. કસળચંદ વછરાજને ખાતે જમે.

૨૦૦) ભલામણ પત્ર નં. ૧ શ્રી ખેડાના શાહ રાયચંદ પૂજાશાહ ઉપર તમોએ અમારા લખવાથી મોકલતાં તે શકરાયાનો જવાબ આવતાં હુંડી ખાતે ઉધારીને.

દત વાર ભોમની. લખી પ્રથમ જેઠસુદ ૧૫ વાર ગરેઉની, તે શકરાયાનો તમારો જવાબ આવતાં શ્રીહુંડી ખાતે જમે કરીને.

ખા. પા. ૮

૪૦૦) શ્રી અમદાવાદના પરી. કસળચંદ વછરાજને ખાતે ઉધાર.

૪૦૦) હુંડી નં. ૧ અમદાવાદની તમારા ઉપરની, લખી કપડવંજથી પરી. અમથાભાઇ મોહનલાલની, રાખ્યા શાહ ગનસુખ સુરચંદ પાસેથી, શાહ જોગી, મુદત દિન ચારચારની, લખી પ્રથમ જેઠસુદ ૧ વાર શુક્રની, આનાં નાણું અમારે ખાતે જમા કર્યાનો જવાબ આવતાં શ્રી હુંડીખાતે જમા કરીને.

ખા. પા. ૭

૨૦૦) શ્રી હુંડીખાતે ઉધાર.

૨૦૦) હુંડી નં. ૧ ખેડાના શાહ રાયચંદ પૂજાશાહ ઉપરની, લખી અત્રેથી અમારી, રાખ્યા શાહ નથુ હરખચંદ પાસેથી, શાહજોગી, બાંધી મુદતની, દેખાડ થયા પછી બાર દિવસની. લખી પ્રથમ જેઠશુદ ૧૫ વાર શુક્રની, તે પરી. કસળચંદ વછરાજના ભલામણ

રે. પા. ૧૧

ખા. પા. ૭

૧૧૦ાાા૩ બાવા. સાળંગગર તુળશીગર-
૧૧૦ાા૩ રૂ ૧૧૦ાા રોકડા ત
થા પૈસા નં. ૨ હા. તમારો
ગુમાસ્તો ગણેશ ભરી ગયો છે.

ખા. પા. ૨

૦)– શ્રી ખર્ચ ખાતે જમે.
૦)– પોસ્ટકાર્ડ નં. ૪ રોક-
ડેથી વેચ્યાં તેના આવ્યા.

ખા. પા. ૨

૧૩૭૨ાાા–ાા

પત્રથી શિકરાતાં તેને ખાતે જ-
મા કરીને.

ખા. પા. ૫

૧૨) શ્રી ભાડાખાતે ઉધાર.
૧૨) દુકાનના ભાડાના. સં-
વત ૧૯૪૧ ની સાલના માસ
૧૩ ના ભાડાના. હા. શા.
નીમચંદ નાનજીને.

ખા. પા. ૫

૮૬૨)

૫૧૦ાાા– શ્રી પરાંત જણસે.
૫૦૯ાા નગદ મુંબઇગરા.
૧ાા–ાા છૂટા પૈસા. ૮૬
૫૧૦ાાા–ાા

૧૩૭૨ાાા–ાા

સંવત ૧૯૪૧ ના આસો વદ ૦) વાર શુક્ર પછીનો અચડમેળ.

જ

૫૧૦ાાા–ાા શ્રી પરાંત જણસે છે.
૫૧ાા૬ાા વોરા. વખતચંદ હીરાચંદને
ખાતા જમા.
વ્યા. પા. ( ) મેથી
૫૧ાા૬ાા વ્યાજ માસ ૧૦૩૧૩)
દર ૦ાા લેખે તે શ્રી વ્યાજ
ખાતે ઉધારીને.

ખા. પા. ૨

૨૭ાા૧૭ શ્રી અમદાવાદના પરી. ક-
સળચંદ વજછરાને ખાતે જ-
મા. વ્યા. પા. ૧ લેથી.

ઉ

૨ાા૨૩ાા શ્રી અમદાવાદના શેઠ વા-
ડીલાલ પાનાચંદને ખાતે ઉ.
વ્યા. પા. ( ) થી.
૨ાા૨૩ાા વ્યાજ માસ ૭૩૦)
દા. ૦ાા– લેખે તે શ્રી વ્યાજ
ખાતે જમા.

ખા. પા. ૭

૩ા પગી મેઘજી ભલાને ખાતે ઉ.
વ્યા. પા. ૨ જેથી.
૩ા૧૩ા વ્યાજ માસ ૨૨૫ાા
દા. ૧ાા

શે. પા. ૧૮

૨૮।૧૧ જમાના વ્યાજ માસ
૫૬૭૧ાા દા૦ાા લેખે.

---

૦૧૯ ઉધાર વ્યાજ માસ ૧૧૭ા
દા૦ાા લેખે.

૨૭ાા૧૭ નકી.
તે શ્રી વ્યાજ ખાતે ઉધારીને.

ખા. પા. ૭

---

૧૧)૬ાા શ્રી મુંબાઇના ઠા. અમરશી
કચરાનેખાતે જમા વ્યા. પા.
( ) મેથી.
૧૧)૬ાા વ્યાજમાસ ૨૨૧૩ા
દા ૦ાા તે શ્રીવ્યાજ ખાતે ઉ-
ધારીને.

ખા. પા. ૮

૫ાાર૩ાાશ્રી વ્યાજખાતે જમા વિગત
ઉધાર તરફ છે.
૨ાા૨૩ાા શેઠ વાડીલાલ પાના
ચંદને ખાતે ઉધાર.
૩ા પગીમેઘજી ભલાને
ખાતે ઉધાર.
૫ાા ૨૩ાા

ખા. પા. ૫

૫ાાા= વેરા. વખતચંદ હીરાચંદને
ખાતે જમા.
૫ાાા= ૩૪૭૦૧)ની ઊપાડ
સાલ મજકુરમાં તમારીથઇ તે

---

૦)૧૩ા છૂટના

૩ા નકી.
તે શ્રી વ્યાજખાતે જમા.

ખા. પા. ૩

૯૦ાા૫ શ્રી વ્યાજ ખાતે ઉધાર વિ-
ગત જમા તર્ફ છે.
૫૧ાા૬ાા વેરા. વખતચંદ
હીરાચંદને ખા. જ.
૨૭ાા૧૭ પરી. કસળચંદ વછ-
રાજને ખાતે જમા.
૧૧)૬ાા ઠા. અમરશી કચરાને
ખાતે જમા.
૯૦ાા૫

ખા. પા. ૪

૦ાાા શ્રી અમદાવાદના પરી. કસળ-
ચંદ વછરાજને ખાતે ઉધાર.
૦ાા ૩૮૦૦)ની હુંડી શકારી
આપ્યાનીઆડતના.દા. ૦)–ાા
તે શ્રી વટાવખાતે જમા કરીને

ખા. પા. ૭

૮ાાા= શ્રી વટાવખાતે ઉધાર વિગત
જમા તર્ફ છે.
૫ાાા= વેરા. વખતચંદ હી-
રાચંદનેખાતે જમા.
૨)= પરી. કસળચંદવછરા-
જનેખાતે જમા.

રો. પા. ૧૯

ની આડતના દા. ૦)= લેખે,
તે શ્રી વટાવખાતે ઊધારીને.

ખા. પા. ૨

૨)= શ્રી અમદાવાદના પરી. કસળ-
ચંદ વછરાજને ખાતે જમા.
૨)= ૩૧૫૦૦)ની હુંડી તથા
૩૨૦૦) નુંભલામણુ પત્ર તમે
શકારી આપ્યું તેનીઆડતના
દા. ૦)= લેખે તે શ્રી વટાવ
ખાતેઉધારીને.

ખા. પા. ૭

૦॥= શ્રી મુંબાઇના ઠા. અમરશી ક-
ચરાને ખાતે જમે.
૦॥= ૩૫૦૦)નીહુંડી તમે શ-
કારી આપી તેનીઆડતના.દા
૦)= લેખે તે શ્રીવટાવ ખાતે
ઉધારીને.

ખા. પા. ૮

૦॥। શ્રી વટાવ ખાતે જમે વિગતઉ-
ધારતરફ છે
૦॥। પરી. કસળચંદ વજરાજ
ને ખાતે ઉધારીને

ખા. પા. ૬

૪)૮॥। શ્રી ખર્ચ ખાતે જમે બા-
બતે ખાતું માંડી વાળવા સારૂ
વટાવ ખાતે ઉધારીને

૦॥= ઠા. અમરશી કચરાને
ખાતે જમા.
૮॥=

ખા. પા. ૬

૨૯)૧૦ શ્રી ઘીખાતે ઉધાર બાબતે
ખાતું માંડીવાળવા સારૂ વટાવ
ખાતે જમે કરી.

ખા. પા. ૪

૩૫૦) શ્રી ઘઊંખાતે ઉધાર બાબતે
ખાતું માંડીવાળવા વટાવખાતે
જમા કરીને.

ખા. પા. ૪

૧૨૧૩ શ્રી ખરીદ વકરા ખાતે ઉધાર,
બાબતે ખાતું માંડીવાળવાસારૂ
વટાવખાતે જમા કરીને.

ખા. પા. ૪

૧૧॥ શ્રી હુંડીઆમણખાતે ઉધારબા-
બતે ખાતું માંડીવાળવા સારૂ
વટાવખાતે જમા કરીને

ખા. પા. ૫

૯૫॥ ૧૫ શ્રી વટાવખાતે ઉધાર બા-
બતે ખાતાં માંડીવાળવા સારૂ
નીચેને ખાતે જમા કરીને.
૪)૮॥। શ્રી ખર્ચ ખાતે જમા.
૭૯॥– શ્રીવ્યાજ ખાતેજમા.
૧૨) શ્રી ભાડાખાતે જમા.

રો. પા. ૨૦

ખા. પા. ૫

૭લા~ શ્રી વ્યાજ ખાતે જમે બા-
બતે ખાતું સરભર કરવાસારૂ
વટાવ ખાતે ઉધારીને

ખા. પા. ૫

૧૨) શ્રી ભાડા ખાતે જમા બાબતેખાતું
માંડી વાળવા સારૂ વટાવ ખા
તે ઉધારીને

ખા. પા ૫

૪૦૨ાા૧૩ શ્રી વટાવ ખાતે જમા
બાબતે ખાતાં માંડી વાળવા
સારૂ નીચેને ખાતે ઉધારીને
૨૯)૧૦ શ્રી ઘી ખાતે ઉધારીને
૩૫૦) શ્રી ઘઉં ખાતેઉધારીને
૧૨ા૩ શ્રી ખરીદ વકરા ખાતે
ઉધારીને
૧૧ાા શ્રી હુંડીઆમણુ ખાતે
ઉધારીને
૪૦૨ાા૧૩

ખા. પા. ૬

૧૧૧૫ા૩ાા

૯૫ાા૧૫

ખા. પા. ૬

૬૦૪ા૧૯ા

૫૧૦ાાા~ાા શ્રી પરાંત જણુસે.
૫૦૯ાા મુંબઈગરા.
૧ા~ાા છૂટા પૈસા ન. ૮૬
૫૧૦ાાા~ાા

૧૧૧૫ા૩ાા

ખા. પા. ૧

ખાતાવહીનો ચોપડો.

શહેર રાજકોટના રહીશ મોદી ડોસાભાઇ ગોરધનદાસનો ખાતાવહીનો ચોપડો સંવત ૧૯૪૧ ની સાલનો.

ખાતાવહીનું સાંકળયિું.

ખા. પા. ૨

મોદી. ડોસાભાઇ ગોરધનદાસનું ખાતું. સંવત ૧૯૪૧

જ	ઉ
૫૦૦) રે. પા. ૧ કાર્તક શુદ ૧ રવેઉ	૫૦૦) બાકીદેવા.
૫૦૦)	૫૦૦)
૫૦૦) બાકી દેવા સંવત ૧૯૪૧ના આસો વદ૦)) શુકરે.	

શાહ નથુ હરખચંદનું ખાતું. સંવત૧૯૪૧

જ	ઉ
૪) રે. પા. ૧ કાર્તકશુદ ૧ રવેઉ.	૧૦) રે.પા. ૬ ફાગણ શુદ૧ સોમે.
૧) રે. પા. ૧ માગશરશુદ ૧ ભોમે.	૨૫) રે.પા. ૬ ચૈત્રશુદ૧ ભોમે.
૫) રે. પા. ૪ ફાગણશુદ ૧ સોમે.	૭૫) રે.પા. ૯ પ્રથમ જેઠશુદ૧શુકરે.
૧૦૦) રે.પા. ૧૨ પ્રથમજેઠશુદ૧૫ગરે.	૧૧૦)
૧૧૦)	

વોરા. વખતચંદ હીરાચંદનું ખાતું. સંવત ૧૯૪૧

જ	ઉ
૩૪૦૦) રે.પા ૪ ફાગણશુદ ૧ સોમે	૫૮૪।= રે પા.૫ ફાગણશુદ૧સોમે.
૧૧૦૦) રે.પા.૧૨ પ્રથમજેઠશુદ૧૫ગરે,	૧૫૦૦) રે.પા.૯પ્રથમજેઠશુદ૧શુકરે.
૨૦૧) રે.પા.૧૪ પ્રથમ જેઠશુદ ૧૫ ગરેઉ.	૨૩૫૦) રે.પા.૧૪પ્રથમજેઠશુદ૧૫ગરે.
૪૭૦૧)	૪૪૩૪।=
૫૧॥૬॥ રે.પા.૧૭ વ્યાજના.	૩૨૪)૬॥ બાકીદેવા.
૫॥।= રે.પા.૧૮ ઉપાડની આડતના	૪૭૫૮। ૧૯
૪૭૫૮। ૧૯	
૩૨૪)૬॥ બાકી દેવા. સંવત ૧૯૪૧ના આસો વદ૦)) શુકરે.	

બાવા સાળંગગર તુળશીગરનું ખાતું. સંવત ૧૯૪૧

જ	ઉ
૧૧૦॥૩ રે.પા.૧૭ બીજા જેઠશુદ ૧ શનઉ.	૧૧૦॥૩ રે.પા. ૮ વૈશાખશુદ૧ગરેઉ.
૧૧૦॥૩	૧૧૦॥૩

ખા. પા. ૩

પરી. કરસનજી મૂળચંદનું ખાતું. સંવત ૧૯૪૧

જ	ઉ
૧૫૦) રો.પા. ૧૫ પ્રથમ જેઠશુદ ૧૫ ગરેઉ.	૧૫૦) રો.પા.૧૧પ્રથમજેઠ શુદ૧૫રેઉ,
૧૫૦)	૧૫૦)

પા. મીઠાભાઈ ડુંગરદાસનું ખાતું. સંવત ૧૯૪૧

જ	ઉ
૩૫૦૦) રો.પા. ૨ પોષ શુદ૧ ગરેઉ	૧૦૦) રો.પા. ૨ પોષશુદ૧ ગરેઉ.
	૩૪૦૦) રો.પા. ૪ ફાગણ શુદ૧સોમે.
૩૫૦૦)	૩૫૦૦)

પગી. મેઘજી ભલાનું ખાતું. સંવત ૧૯૪૧

જ	ઉ
૧૫) રો.પા. ૨ પોષશુદ ૧ ગરેઉ,	૪) રો.પા. ૧ કાર્તક શુદ૧ રવેઉ.
૨॥=) રો.પા. ૩ પોષશુદ ૧ ગરેઉ.	૧) રો.પા. ૧ માગશર શુદ૧ ભોમે
	૨૧) રો.પા. ૨ પોષશુદ૧ ગરેઉ.
	૪૧॥=) રો.પા. ૫ ફાગણશુદ૧ સોમે.
૧૭॥=)	
૫૦) બાકી લેણા.	
૬૭॥=)	૬૭॥=)
૧૦) રો.પા. ૬ ચૈત્રશુદ ૧ ભોમે.	૫૦) બાકીલેણા સંવત ૧૯૪૧ના ફાગણ શુદ૧ સોમે તેનાં કાંધાં નં. ૫ માંડયાંછે.
૧૦)	૨) રો.પા. ૯ પ્રથમ જેઠશુદ૧ શુકરે.
૪૫। બાકી લેણા.	૫૨)
૫૫।	૩। રો.પા. ૧૭ વ્યાજના.
	૫૫।
	૪૫। બાકીલેણા સંવત ૧૯૪૧ ના આસો વદ૦) શુકરે.

શ્રીધી ખાતું. સંવત ૧૯૪૧

જ	ઉ
૨૦૦) રો.પા.૨ પોષશુદ૧ ગરેઉમ.૧૦)	૩૬૦) રો. પા. ૧માગશર શુદ૧ ભોમે મ. ૨૦
૨૧) રો પા.૨ પોષશુદ૧ગરેઉ. મ.૧)	૨॥=) રો.પા. ૨ પોષસુદ ૧ ગરેઉ મ૦)૫
૩)૧૫ રો.પા.૩ મહાશુદ૧સનેઉમ૦)૬	

ખા. પા. ૪

૯૭ાા રે.પા. ૬ ચૈત્રશુદ૧ ભોમે.મ.૫)
૩૨૧ાા૧૫ મ. ૧૬)૬
૭૫ાા૨ાા બાકી લેણા ઘી મ. ૩ાા૯ પરાંત રહ્યું તેના દા.૩૧૯)લેખે.
૩૯૭)૧૭ાા મ. ૨૦)૫

૫૧૨૦રે.પા.૮ ચૈત્રવદ૫શનેઉપેટના.
૩૬૮)૭ાા મ૦ ૨૦)૫
૨૯)૧૦રે.પા.૧૯વટા.ખા.જમેકરીને.
૩૯૭)૧૭ાા
૭૫ાા૨ાા બાકીલેણા ઘી મ૦ ૩ાા: દા. ૩૧૯) લેખે પરાંત રહ્યું સંવત ૧૯૪૧ના આસો વદ૦) શુકરે.

શ્રી ઘઉં ખાતું — સંવત ૧૯૪૧

જ

૨૦૦૦) રે.પા.૫ ફાગણશુદ૧ સોમે. ક. ૫૦)
૨૦૦) ક. ૫૦)
૧૮૫૦) બાકી લેણા ઘઉં ક. ૫૦) ના દા. ૩૩૭) લેખે પરાંત રહ્યા તેના.
૩૮૫૦) ક. ૧૦૦)

ઉ

૩૫૦૦)રે.પા.૨પોષશુ. ૧ગરે./૧૦૦)
૩૫૦૦) ક. ૧૦૦
૩૫૦)રે.પા.૧૯ વટાવખાતેમેકરીને
૩૮૫૦) ક. ૧)
૧૮૫૦) બાકીલેણા ઘઉં ૫૦ દા. ૩૩૭) લેખે પરાંત રહ્યા તેના સંવત૧૯૪૧આસો૦) શુકરે

શ્રી ખરીદ વકરા ખાતું. — સંવત ૧૯૪૧

જ

૧૧૦ાા૩ રે.પા.૮ વૈશાખશુદ૧ ગરેઉ
૧૫)રે. પા.૯ પ્રથમ જેઠશુદ૧શુકરે
૧૨૫ાા૩ા
૪૨ાા૦ા બાકી લેણા માલપરાંત રહ્યો તેના.
૧૬૮ા૩ા

ઉ

૨૫) રે.પા.૪ મહા[illegible] શનેઉ.
૧૩૧)૦ા રે.પા.૪ [illegible]શુદ ૧ભોમે.
૧૫૬
૧૨ા૩રે.પા.૧૯ વ[illegible]ખાતેજમેકરીને
૧૬૮
૪૨ાા૦ા બાકીલેણ સંવત ૧૯૪૧ના આસો વ૦) શુકરે માલ પરાંતના.

શ્રી વ્યાજ ખાતું — સંવત ૧૯૪૧

જ

૫) રે.પા.૫ ફાગણ શુદ૧ સોમે.
૫)

ઉ

૯૦ાા૫રે.પા.૧ પરચૂરણ રકમોએ.
૯૦ાા૫

ખા. પા. ૫

પાાર૩ાારે.પા.૧૮ પરચૂરણ રકમોએ

૧૦ાાર૩ાા

૭ાા— રે.પા.૨૦ વટા ખાતેઉધારીને.

૮૦ાા૫

શ્રી હુંડી ખાતું.	સંવત ૧૯૪૧
જ	ઉ
૫૦૦)રે.પા.૧૦ પ્રથમ જેઠશુદ૧શુકરે	૫૦૦)રે.પા.૧૧ પ્રથમજેઠશુદ૧૫ગરે.
૧૫૦૦)રે.પા.૧૦પ્રથમ જેઠશુદ૧શુકરે	૧૫૦૦)રે.પા.૧૧પ્રથમજેઠશુ.૧૫ગરે.
૫૦)રે.પા.૧૨પ્રથમજેઠશુદ૧૫ગરેઉ	૧૦૦)રે.પા ૧૨પ્રથમજેઠશુ.૧૫ગરે.
૨૦૦)રે.પા.૧૪પ્રથમજેઠશુદ૧૫ગરેઉ	૪૦૦)રે.પા.૧૨પ્રથમજેઠશુ.૧૫ગરે.
૧૦૦)રે.પા.૧૫બીજાજેઠશુદ૧શનેઉ	૫૦૦)રે.પા.૧૩પ્રથમજેઠશુ.૧૫ગરે.
૪૦૦)રે.પા.૧૬બીજાજેઠશુદ૧શનેઉ	૨૦૦)રે.પા.૧૬બીજાજેઠશુ. ૧શનેઉ
૩૨૦૦)	૩૨૦૦)

શ્રીહુંડીઆમણ ખાતું.	સંવત ૧૯૪૧
જ	ઉ
૨ાારે.પા.પ્રથમ જેઠશુદ ૧ શુકરે.	૫)રે.પા.૧૩પ્રથમ જેઠશુદ૧૫ગરેઉ
૦ાા= રે.પા૧પ્રથમ જેઠશુદ૧૫ગરેઉ	૫)
૧)રે.પા.૧૨પ્રથમજેઠશુદ૧૫ ગરેઉ	૧૧ાારે.પા.૧૯ વટાવ ખાતે જમેકરીને
૬ાા= રે.પા.૩પ્રથમજેઠશુદ૧૫ગરેઉ	૧૬ાા
૬)રે.પા.૧૪પ્રથમ જેઠશુદ૧૫ ગરેઉ.	
૧૬ાા	

શ્રી ખર્ચખાતું.	સંવત ૧૯૪૧
જ	ઉ
૦)— રે.પા.૧૭બીજાજેઠશુદ૧ શનેઉ.	૪)૧૫ રે.પા.૩ પ્રથમજેઠશુદ ૧ શનેઉ.
૦)—	૪)૧૫
૪)૮ાારે.પા ૧૯ વાવખાતે ઉધારીને.	
૪)૧૫	

શ્રી ભાડા ખતું	સંવત ૧૯૪૧
જ	ઉ
૧૨)રે.પા ૨૦ વટાવખાતે ઉધારીને.	૧૨)રે.પા.૧૭ બીજા જેઠશુદ ૧ શનેઉ
૧૨)	૧૨)

ખા. પા. ૬

શ્રી ઘરેણા ખાતું — સંવત ૧૯૪૧

જ	ઉ
૧૦)૨૦ બાકી લેણા.	૧૦)૨૦ રો.પા. ૩ મહાશુદ ૧ શનેઉ.
૧૦૨૦	૧૦)૨૦
	૧૦)૨૦ બાકી લેણા સંવત ૧૯૪૧ ના આસોવદ ૦)) શુકરે.

શ્રી વટાવ ખાતું — સંવત ૧૯૪૧

જ	ઉ
૨૭ા—। રો.પા.૩ મહાશુદ ૧ સનેઉ.	૧૫ા= રો.પા.૫ ફાગણશુદ ૧ સોમે
૭૫) રો.પા.૯ પ્રથમ જેઠ શુદ૧ શુકરે.	૧૫ા=
૧૦૨ા—।	૮ા= રો.પા.૧૮ હુંડી તા. ઊપાડની-આડતના.
૦ાારો.પા.૧૯ હુંડીની આડતનો.	૯૫ાા૧૫ રો.પા.૧૯ પરચૂરણ રકમોએ
૪૦૨ાા૧૩ રો.પા.૨૦ પરચુરણ રકમોએ.	૧૧૭ાા૧૫
૫૦૫ાા૨૦ાા	૩૮૬)૫ાા બાકીદેવા.
૩૮૬)૫ાા બાકી દેવા સંવત ૧૯૪૧ ના આસો વદ૦))વારશુકરે.	૫૦૫ાા૨૦ાા

શ્રી વધઘટ ખાતું — સંવત ૧૯૪૧

જ	ઉ
૨) રો પા.૯ પ્રથમ જેઠશુદ૧શુકરે.	૨) રો.પા. ૯ વૈશાખશુદ૧ ગરેઉ.
૨)	૨

શ્રી વઢવાણનાશાહમાણેકચંદકેશવજીનું ખાતું. — સંવત૧૯૪૧

જ	ઉ
૫૦૦)રો. પા.૫ ફાગણ શુદ૧ સોમે.	૨૦૦૦)રો.પા.૪ ફાગણશુદ૧ સોમે.
૧૮૦૦)રો.પા.૧૩ પ્રથમ જેઠ શુદ૧૫ ગરેઉ.	૯૨)૫ રો.પા ૮ ચૈત્ર વદ ૫ શનેઉ.
	૨૦૧)રો. પા. ૧૩ પ્રથમ જેઠ શુદ ૧૫ ગરેઉ.
૨૩૦૦)	૨૨૯૩)૫
૬ાા૨૦ બાકીદેવા સંવત ૧૯૪૧ ના આસો વદ૦)) શુકરે.	૬ાા૨૦ બાકીદેવા.
	૨૩૦૦)

ખા. પા. ૭

શ્રીવઢવાણનાશાહમાણેકચંદકેશવજીનુંહથુખાતું સંવત૧૯૪૧

જ	ઉ
૯૭ા રે.પા.૬ ચૈત્રવદ૫ શનેઉ.	૯૭ા રે પા.૬ ચૈત્રશુદ ૧ ભોમે.
૯૭ા	૯૭ા

શ્રીઅમદાવાદનાપરી૦કસળચંદવછરાજનુંખાતું સંવત૧૯૪૧

જ	ઉ
૧૨૯ારે.પા.૭ ફાગણ વદ ૧૨ શુકરે.	૪૦૦)રે.પા.૧૦પ્રથમ જેઠશુદ૧શુકરે.
૧૫૦૦)રે.પા.૧૧પ્રથમજેઠશુદ૧૫ગરે.	૪૦૦)રે.પા.૧૬બીજા જેઠ ૧ શનેઉ.
૨૦૦)રે. પા.૧૬બીજા જેઠશુદ૧ શને.	૮૦૦)
૧૮૨૯ા	૦ાા રે.પા. ૧૮ હુંડીની આડત
૨૭ાા૧૭ રે. પા. ૧૭ બ્યાજના.	૮૦૦ાા
૨)= રે.પા.૧૯ હુંડીની આડતના.	૧૦૫૮ાા૪ાા બાકીદેવા.
૧૮૫૯ા૪ાા	૧૮૫૯ા૪ાા
૧૦૫૮ાા૪ાા બાકીદેવા સંવત૧૯૪૧ ના આસોવદ૦) શુકરે.	

શ્રી અમદાવાદના શેઠ વાડીલાલ પાનાચંદનું ખાતું ૧૯૪૧

જ	ઉ
૧૫૨ાા૨૩ાા બાકીલેણા	૧૫૦)રે.પા. ૧૫બીજા જેઠ શુદ ૧ શનેઉ
૧૫૨ાા૨૩ાા.	૧૫૦)
	૨ાા ૨૩ાા રે. પા. ૧૭ બ્યાજના.
	૧૫૨ાા ૨૩ાા
	૧૫૨ાા૨૩ાા બાકી લેણા સંવત ૧૯૪૧ ના આસોવદ૦) શુકરે.

ખા. પા. ૮

શ્રી મુંબાઇના ઠા૦ અમરશી કચરાનું ખાતું   સંવત ૧૯૪૧

જ	ઉ
૫૦૦)રો. પા. ૧૧ પ્રથમ જેઠશુદ૧૫ગ.	૧૦૦) રો.પા.૧૫ બીજા જેઠ શુદ ૧૩નેરૂ
૫૦૦)	૧૦૦)
૧૧)૬ાા રો. પા. ૧૮ બ્યાજના.	૪૧૧ાા૧૯ બાકી દેવા.
૦ાા= રો. પા. ૧૯ હુંડીની આડતના.	૫૧૧ાા૧૯
૫૧૧ાા૧૯	
૪૧૧ાા૧૯ બાકીદેવા સંવત૧૯૪૧ના આસો વદ૦)) શુક્રે.	

સરવાયું સંવત ૧૯૪૧ ની સાલનું.

જ	ઉ
૫૦૦) મોદી. ડોસાભાઈ ગોરધનદાસ ખા. પા. ૨	૪૫ા પગી. મેઘજી ભલા. ખા.પા.૩
૩૨૪)૬ાા વોરા. વખતચંદ હીરાચંદ ખા. પા. ૨	૧૫૨ાા૨૩ાાા શ્રી અમદાવાદના શેઠ વાડીલાલ પાનાચંદ. ખા. પા. ૭
૬ાા૨૦ શ્રીવઢવાણના શાહ માણેકચંદ કેશવજી ખા. પા. ૬	૭૫ાા૨ાા શ્રી ઘી ખાતે મ૦ ૩ાા૯ દા. ૨૧૯) લેખે. ખા.પા.૩
૧૦૫૮ાા૪ાા શ્રી અમદાવાદના પરીકસળચંદવછરાજ ખા. પા.૭	૧૮૫૦) શ્રીઘઉંખાતે. ક. ૫૦) દા.૩૩૭) લેખે ખા. પા.૪
૪૧૧ાા૧૯ શ્રીમુંબાઇના ઠા. અમરશી કચરા ખા. પા. ૮	૧૦)૨૦ શ્રી ઘરેણા ખાતે. ખા પા.૬
૩૨૬)૫ાાશ્રીવટાવખાતે. ખા. પા. ૬	૪૨ાાા૦ શ્રી ખરીદવકરાખાતે.ખાપા. ૪
૨૬૮૭ાા૫ાાા	૧૦) સિકંદરનામાનીચોપડી. નં.૮ દા. ૩૧ા
	૩૨ાાા૦ ધોતીજોટા નં. ૫
	૪૨ાાા૦
	૨૧૭૬ાા૨૧ાા
	૫૧૦ાાા—ાા શ્રીપરાંત જાણસે.
	૨૬૮૭ાા૫ાાા

વ્યા. પા. ૧

વ્યાજવહીનો ચોપડો.

શહેર રાજકોટના રહીશ મોદી ડોસાભાઇ ગોરધનદાસનો વ્યાજવહીનો ચોપડો સંવત ૧૯૪૧ની સાલનો.

શ્રી અમદાવાદના પરી. કસળચંદ વછરાજના ખાતાનું વ્યાજ સંવત ૧૯૪૧ની સાલનું ખા. પા. ૭ મેથી.

જ	ઉ
૧૭ા ૩૧૨૯ા વૈશાખવદ ૧૨ સોમે મા ૦)૪	૧૧૭ા ૩૪૦૦) પ્રથમ જેઠશુદ ૧ શુકરે
૪૬૮૧ા ૩૧૫૦૦) પ્રથમ જેઠશુદ ૧૫ ગરેઉ.	૦ ૩૧૨૯ા
૦ ૩૨૭૦ાા	૧૧૭ા ૩૨૭૦ાા મા ૦)૧૩
૨૦૩ા ૩૪૦૦) મા ૦ાા૧	૦ ૩૪૦૦) બીજા જેઠશુદ ૧ શનેઉ
૪૪૧૮ ૩૮૨૯ા મા ૫)૧૨	૦ ૩૧૦૨૯ા બાકી દેવા સંવત ૧૯૪૧ ના આસોવદ ૦)) શુકરે
૯૭૩ા ૩૨૦૦) બીજા જેઠશુદ ૧ શનેઉ	૦ ૩૮૨૯ા
મા. મા ૧૧	૦ ૩૨૦૦)
૫૬૭૧ાા	૧૧૭ા

તારીજ — સંવત ૧૯૪૧ના આસો શુદ ૦)વાર શુકરે

જ	ઉ
૧૦૨૯ા મુદલ બાકી દેવા.	૦ા૧૯ વ્યાજ માસ ૧૧૭ા દા. ૦ા= રો. પા. ૧૭ મે.
૨૮ા૧ વ્યાજ માસ. ૫૬૭૧ાાદાગા રો. પા. ૧૭ મે.	

પગી મેઘજી ભલાનુ ખાતું. સંવત ૧૯૪૧ ની સાલનું. ખા.પા. ૩ જે થી.

જ	ઉ
૧૦) ચૈત્રશુદ ૧ વાર ભોમે.	૧૦) ચૈત્રશુદ ૧ વાર ભોમે.
૧૦)	૧૦) વૈશાખશુદ ૧ વાર ગરેઉ.
૪૨) બાકી લેણા	૧૨) પ્રથમ જેઠ શુદ ૧ વાર શુકરે.
૫૨)	૧૦) બીજા જેઠશુદ ૧ વાર શનેઉ.

બ્યા. પા. ૨

૧૦) અષાડ શુદ ૧ સોમે.

૫૨)

૪૨) બાકી લેણા સંવત ૧૯૪૧ના
આસોવદ ૦)) વાર શુકરે.

બ્યાજ — સંવત ૧૯૪૧ ની સાલનું

જ	ઉ
૦ ૩૧૦) ચૈત્રશુદ ૧ ભોમે	૦ ૩૧૦) ચૈત્રશુદ ૧ ભોમે.
	૦૩૧૦)
૦ ૩૪૨) બાકી લેણા આસોવદ૦)) શુકરે	૦૩૦)
૦ ૩૧૦)	૬૮ ૩૧૦) વૈશાખશુદ ૧ ગરેઉમા દાાા૯
૦ ૩૧૨)	૭૦૩૧૨) પ્રથમ જેઠશુદ ૧ સુકરે.મા પાા૧૦
૦ ૩૧૦)	૪૮ાાા ૩૧૦) બીજા જેઠશુદ૧ શનેઉમા. મા ૧૧
૦ ૩૧૦)	૩૮ાાા ૩૧૦) અષાડશુદ૧સોમે મા ૩ાા૧૧
૦	૨૨૫ાા

તારીજ — સંવત ૧૯૪૧ ના આસો વદ ૦) શુકરે

જ	ઉ
૪૫ા બાકી લેણા	૪૨) મુદલ બાકી લેણા.
	૩ા બ્યાજગાસ. ૨૨૫ાા દા. ૧ાા લેખે ૩૩ા ૧૩ા
	૦ ૦)૧૩ા છૂટના
	નકી ૩૩ા રૌ. પા. ૧૭મે
૪૫ા	૪૫ા

૪૫ા બાકી લેણા હીસાબ સામ સામા
સમજી નકી કર્યા. સંવત ૧૯૪૧
ના આસોવદ ૦))શુકરે ધણી
હસ્તુ

વ્યા. પા. ૩

પગી. મેઘજી ભલાનું ખાતું. સંવત ૧૯૪૨ ની સાલનું.

જ	ઉ
	૪૫ા બાકી લેણા હીસાબ સામ સામા સમજી નકી કર્યા સંવત ૧૯૪૧ ના આસોવદ ૦)) શુકરે સુધી પગી મેઘજી ભલા સહી દા. પોતાના.

ટીપ. જ્યારે વ્યાજવહીમાં ખાતાદારની સહી લેવી હોય છે ત્યારે હિસાબ સમજ્યા પછી આવેલો માલ તારીજમાં જમે કરી, બાકી લેણા નકી કરી, તારીજ નીચે નવું ખાતું પાડી, ત્યાં સહી લેવામાં આવે છે. વ્યાજ તથા આવેલો માલસઘળો રોજમેળમાં જમા ખર્ચેકરી ખાતાવહીમાંખતવી તેમાં પણ નવું ખાતું પાડે છે. એમાં ખાતાદાર સાથે નવા ઠરાવ કર્યા હોય તો તે લખવામાં આવે છે, વ્યાજવહીમાં લખતા નથી.

વાર પ્રમાણે વ્યાજ ન ગણતાં તિથિ પ્રમાણે ગણવાનું હોય છે, ત્યારે કુલસરમાંથી તેનો ૬૦મો ભાગ બાદ કરી બાકી રહે તેટલો સર લેણા દેવો ગણે છે.

પરીક્ષા માટે મનોયત્ન

નીચેની રકમોનો આસો માસનો આવરો, ખાતાવહી બનાવી સરવાયું કાઢો?

શુદ ૧મે ૩૧૭૧) સિલક છે. મુંબાઇથી દા. અમરશી કચરાએ ગોળ મણ ૧૬૦) શુદ ૧૫મે રેલવે માર્ફત ચડાવ્યો, તેનું ભરતીયું ૩૫૦૦)નું આવ્યું. માલ આપણને વદ ૫મે મળ્યો. વઢવાણથી રાજકોટ સુધીના ભાડાના ૩૨૦) એઠા તે આપણે આપ્યા. મુંબાઇ વાળાને આપણે ૩૫૦૦)ની હુંડી પરી. કરસનજી મૂળજીની દુકાનેથી અમદાવાદની ૩૦ાા=ને ભાવે લેઇ વદ ૭મે બીડી મુંબાઇનો જવાબ વદ ૧૨ આવ્યો કે તમારી મોકલેલી હુંડી

૩૦ ને ભાવે વટાવી વદ ૧૦મે નાણાં લીધાં છે. પરી. કરસનજી મૂળજીને ૩૧૫૦) રોકડા આપ્યા વદ ૮મે, બાકીના દેવાનો હવાલો વોરા વખતચંદ હીરાચંદનો વદ ૧૩ આપ્યો. પગી. મેઘજી ભલા પાસે સાલની શરૂઆતમાં ૩૭૫) લેણા હતા, તેના ખાતાનો હિસાબ કર્યો તેમાં ૩૧૩॥ વ્યાજના થયા. તેમાં તેણે બાજરી કળશી ૨) દા. ૩૩૮)ને ભાવે આપી વદ ૦) ગોળમણ ૫૦) સત્તર આની કરી વોરા. વખતચંદ હીરાચંદને આપ્યો, વદ ૧૧ તે-માં ગણ ૧૦) પાછો આવ્યો, વદ ૧૩

સમજુતી.

૧ પ્રથમ એક જૂદા કાગળપર રકમો તિથિ પ્રમાણે તારવી કાઢી રોજમેળ બનાવવો, તેમાં એક ખાતું એકથી વધારે વાર પાડવું નહિ. જરૂર પડેતો તે ખાતાના પેટામાં રકમો લખવી. આવરો બનાવવો હોય તો તેમાં પણ આજ નીયમ ધ્યાનમાં રાખવો. ફેર માત્ર એટલોજ કે પેટામાં મિતિ જણાવવી જોઈએ.

૨ પરીક્ષામાં વિગત જોઈએ તેટલી ન લખાવે તો પોતાની મેળે ધારી લેવી. હુંડીમાં જે ગામના શાહુકાર ઊપરની હુંડી હોય છે તે ગામની હુંડી એમ કહેવાનો છે.

૩ ખાતાવહી બનાવવામાં પ્રથમ ગઈ સાલનું દેવું લે'ણું હોય તે ખાતાં પ્રથમ બનાવવાં, ને તેમાં દેવા લે'ણાની રકમ હોય તે લખવી. ગઈ સાલ આખરની સિલક+લે'ણું=દેવું ન લખાવે તો ખૂટતી રકમ વટાવ ખાતે જમે કરવી. પછી રોજમેળ ખતવવો.

૪ સરવાયું કાઢતા પહેલાં વ્યાજુ ખાતાનાં વ્યાજવહીમાં વ્યાજ કાઢી રોજમેળ કે આવરામાં જમે ઉધાર નાખવાં જોઇએ, પણ સવાલમાં તેમ કહ્યું હોય તો કરવું. કોઇ વખત કોઇ ખાતાનું સાગટું વ્યાજ લખાવે છે, તે પ્રસંગે વ્યાજવહી બનાવવાની જરૂર નથી, પણ બારોબાર તે જમા ઉધારનાખવું

૫ આડત દલાલીને માટે જમાખર્ચ લખાવે તો રોજમેળમાં નાખવો.

૬ કાચાં ખાતાં માંડી વાળી વટાવ ખાતામાં લેઇ જઇ સાલ આખરે સરવાયું કાઢતા પહેલાં નફો કે ખોટ નકી કરવી.

પરીક્ષાના મનોયત્નનો જવાબ.

આવરો.

સંવત ૧૯૪૧ ના આસો ૧ થી આવરો ઉતાર્યો છે.

ઉ

૧૭૧) શ્રી પરાંત જણસે છે.
૫૦૦) શ્રી મુંબાઈના ઠા. અમરશી કચરાને ખાતે જમા શુદ ૧૫ મે.
૪૮૦) ગોળ મણ ૧૮૦) બારદાન સાથે, તોલ ૪૫ લેખે નકી મણ ૧૬૦) દા. ૩) લેખે.
૪ાા૫ દલાલી ૩૪૮૦)ની સેંકડે ટકા લેખે.
૩ા૨૦ રેલવેપર લેઈ જવાની મજુરીના.
૧૨ાા મુંબાઈથી વઢવાણસુધી રેલવે ભાડાના.
૫૦૦)
તે શ્રી ખરીદ ખાતે ઉધારીને.

ખા. પા. ૭૪

૫૦૩)= પરી. કરસનજી મૂળચંદને ખાતે જમા વદ ૭ મે.
૫૦૩)= હુંડી નં. ૧ ૩૫૦૦) ની શ્રી અમદાવાદના પરી. કસળચંદ વછરાજ ઉપરની, લખી અત્રેથા તમારી, રાખ્યા અમારી પાસેથી, શાહજોગી, તરત મુદતની, લખી વદ ૭ મે.

૬૩૦ાા૩ શ્રી ખરીદખાતે ઉધાર.
૫૦૦) ગોળ મણ ૧૬૦) શ્રી મુંબાઇના ઠા. અમરશી કચરાનેખાતે જમા કરીને શુદ ૧૫
૨૦) ગોળ મણ ૧૬૦) ના ભાડાના વઢવાણથી રાજકોટ સુધીના હા. મૈમણ અલી ઉમરને વ. ૫
૩૪ાા૩ ગોળ મણ ૧૦) વોરા. વખતચંદ હીરાચંદને ખાતે જમા વદ ૧૩
૭૬) બાજરી કળશી ૨) પગી મેઘજી ભલાનેખાતે જમા વદ ૦))
૬૩૦ાા૩

ખા. પા. ૭૫

૫૦૦) શ્રી હુંડીખાતે ઉધાર વદ ૭
૫૦૦) હુંડી નં. ૧ શ્રી અમદવાદના પરી. કસળચંદ વછરાજ ઉપરની, લખી અત્રેથી પરી. કરશનજી મૂળચંદની, રાખ્યા અમારી પાસેથી, શાહજોગી, તરત મુદતની, લખી વદ

દા. ૩૦॥= લેખે, તે નીચેને ખાતે ઉધાર.

૫૦૦) હુંડીખાતે ઉધારીને.

૩)= હુંડીઆમણુ ખાતે ઉધારીને.

ખા. પા. ૭૪

૫૦૦) શ્રી હુંડીખાતે જમા વદ ૧૦મે.

૫૦૦) હુંડી નં ૧ શ્રી અમદાવાદના પરી. કસળચંદ વછરાજ ઉપરની, લખી અત્રેથી પરી. કરશનજી મૂળચંદની, રાખ્યા અમારી પાસેથી, શાહજોગી, તરત મુદતની, લખી વદ ૭ની તેનાં નાણું લીધાનો જવાબ આવતાં શ્રી મુંબાઇના ઠા. અમરશી કચરાનેખાતે ઉધારીને. દા. ૩૦ા લેખે.

ખા. પા. ૭૫

૧ા શ્રી હુંડીઆમણુખાતે જમા વદ ૧૦

૧ા હુંડી નં. ૧ ૩ ૫૦૦ ની શ્રી અમદાવાદના પરી. કસળચંદ વછરાજ ઉપરનીદા. ૩.૦ા લેખે વટાવી તેના મુંબાઇના ઠા. અમરશી કચરાને ખાતે ઉધારીને.

ખા. પા. ૭૫

૧૭૨ા=॥ શ્રી વકરા ખાતે જમા વદ ૧૧

૧૭૨ા=॥ ગોળ મણ ૫૦)

૭ તે પરી. કરસનજી મૂળચંદને ખાતે જમા.

ખા. પા. ૭૫

૩)= શ્રી હુંડીઆમણુખાતે ઉધાર વદ ૭

૩)= હુંડી નં. ૧) ૩૫૦૦)ની અમદાવાદનો દા. ૩ ૦॥= લેખે લીધી તેના પરી. કરસનજી મૂળચંદનેખાતે જમા.

ખા. પા. ૭૫

૫૦૧ા શ્રી મુંબઇના ઠા. અમરશી કચરાનેખાતે ઉધાર વદ ૧૦

૫૦૧ા હુંડી નં. ૧) ૩૫૦૦) ની શ્રી અમદાવાદના પરી. કસળચંદ વછરાજ ઉપરની, લખી અત્રેથી પરી. કરસનજી મૂળચંદની, રાખ્યા અમારી પાસેથી, શાહજોગી, તરત મુદતની, લખી વદ૭ની તેનાંનાણું લીધાનો તમારો જવાબ આવેથી હુંડીખાતે જમા કરીને. દા.૩૦ા લેખે વટાવ હુંડીઆમણુખાતેજમે.

ખા. પા.૭૫

૫૦૩= પરી. કરસનજી મૂળચંદને ખાતે ઉધાર.

૧૫૦) નગદ રોકડા મુંબાઇગરા હા. તમારો ગુમાસ્તો નીમચંદ નાનજી લેઇ ગયો છે વદ ૮

૩૫૩)= હવાલો નં. ૧) વોરા

વોરા. વખતચંદ હીરાચંદને
ખાતે ઉધારીને.

ખા. પા. ૭૫

૩૮૭ાા≡ાા વોરા. વખતચંદ હીરાચંદ
ને ખાતે જમા વદ ૧૩
૩૪ાા૩ ગોળ મણ ૧૦) પાછો
આવ્યો તે ખરીદખા
તે ઉધાર.
૩૫૩)≡ હવાલો નં. ૧) પ-
રી. કરશનજી મૂળચં-
દ ને ખાતે ઉધાર.
૩૮૭ાા≡ાા

ખા. પા. ૭૪

૭૬) પગી મેઘજી ભલાને ખાતે જ-
મે વદ ૦))
૭૬) બાજરો કળશી ૨) દા
રૂ ૩૮) લેખે તે ખરીદખાતે ઉ
ધાર.

ખા. પા. ૭૪

૧ ાા શ્રી વ્યાજખાતે જમા વદ ૦))
૧૩ાા વ્યાજના પગી મેઘજી
ભલાને ખાતે ઉધાર.

ખા. પા. ૭૫

૨૩૨૫)≋

વખતચંદ હીરાચંદને
ખાતે જમા. વદ ૧૩
૫૦૩)≡

ખા. પા. ૭૪

૧૭૨ાા≡ાા વોરા વખતચંદ હીરાચંદ
ને ખાતે ઉધાર વદ ૧૧
૧૭૨ાા≡ાા ગોળ મણ ૫૦)
દા. ૩ા≋ા લેખે તે વકરાખાતે
જમા હા. પોતે.

ખા. પા. ૭૪

૧૩ાા પગી મેઘજી ભલાને ખાતે ઉધા
ર વદ ૦))
૧૩ાા વ્યાજ માસ ૯૦)ના
ટકા ૧ાા લેખે તે વ્યાજ ખાતે
જમા.

ખા. પા. ૭૪

૨૩૨૪)≋

૧) શ્રી પરાંત જણસે.
૧) નગદ મુંબાઈગરો.

૨૩૨૫)≋

સંવત ૧૯૪૧ ના આસોવદ ૦)) નો અચડમેળ દોર્યો છે.

૪	૩
૧) શ્રી પરાંત જણસે છે.	૮)≡ શ્રી ખરીદખાતે ઉધાર.
૧ાાા≡ શ્રી હુંડીઆમણખાતે જમા.	૮)≡ ખાતું માંડીવાળવાસા
૧ાાા≡ ખાતું માંડીવાળવા	રૂ વટાવખાતે જમા કરીને.

માટે વટાવખાતે ઉધારીને.

ખા. પ. ૭૫

૨૧॥=શ્રી વટાવખાતે જમા બાબતે નીચેનાં ખાતાં માંડીવાળીને.

૮)=શ્રી ખરીદખાતે ઉધાર.

૧૩॥શ્રી વ્યાજખાતે ઉધાર.

૨૧॥=

ખા. પા. ૭૫

૨૪॥

ખા. પા. ૭૫

૧૩॥ શ્રી વ્યાજખાતે ઉધાર.

૧૩॥ ખાતું માંડીવાળવાસારૂ વટાવખાતે જમા કરીને.

ખા. પા. ૭૫

૧૧॥=શ્રી વટાવખાતે ઉધાર.

૧૧॥=શ્રી હુંડીઆમણખાતું માંડીવાળવાસારૂ તે ખાતે જમા

ખા. પા. ૭૫

૨૩॥

૧) શ્રી પરાંત જણસે છે.

૨૪॥

ખાતાવહી.

શ્રી મુંબાઇના ઠા. અમરશી કચરાનું ખાતું. સંવત ૧૯૪૧

જ	ઉ
૫૦૦) આ. પા.૭૦ આસો શુદ ૧૫	૫૦૧॥ આ. પા. ૭૧ આસો વદ ૧૦
૫૦૦)	૫૦૧॥
૧॥ બાકી લેણા.	૧॥ બાકી લેણા સંવત ૧૯૪૧ ના આસો વદ ૦))
૫૦૧॥	

ખરી. કરસનજી મૂળચંદનું ખાતું. સંવત ૧૯૪૧

જ	ઉ
૫૦૩)=આ. પા.૭૦ આસો વદ ૭	૫૦૩)= આ. પા. ૭૧ આસો ગાસ.
	૧૫૦) વદ ૮ મે.
	૩૫૩)= વદ ૧૩
૫૦૩)=	૫૦૩)=

વોરા. વખતચંદ હીરાચંદનું ખાતું. સંવત ૧૯૪૧

જ	ઉ
૩૮૭ાા=ાાઆ.પા.૭૨ આસો વદ૧૩	૧૭૨ાા=ાા આ. પા.૭૨ આસોવદ ૧૧
૩૮૭ાા=ાા	૧૭૨ાા=ાા
૨૧૫) બાકી દેવા સંવત ૧૯૪૧ ના આસો વદ ૦))	૨૧૫) બાકી દેવા.
	૩૮૭ાા=ાા

પગી. મેઘજી ભલાનું ખાતું. સંવત ૧૯૪૧

જ	ઉ
૭૬) આ. પા. ૭૨ આસોવદ ૦)	૭૫) બાકી લેણા પા. ( ) મે જૂ-ને ચોપડે.
૭૬)	૭૫)
૧૨ાા બાકીલેણા.	૧૩ાા આ. પા. ૭૨ વ્યાજના
૮૮ાા	૮૮ાા
	૧૨ાા બાકી લેણા સંવત ૧૯૪૧ ના આસો વદ ૦))

શ્રી હુંડી ખાતું. સંવત ૧૯૪૧

જ	ઉ
૫૦૦) આ. પા.૭૧ આસો વદ ૧૦	૫૦૦) આ. પા. ૭૦ આસો વદ ૭
૫૦૦)	૫૦૦)

શ્રીહુંડીઆમણ ખાતું. સંવત ૧૫૪૧

જ	ઉ
૧ાા આ. પા. ૭૧ આસો વદ ૧૦	૩)= આ. પા. ૭૧ આસો વદ ૭
૧ાા	૩)=
૧ાા=આ. પા.૭૨વટાવખાતેઉધારીને.	
૩)=	

શ્રી ખરીદ વકરાખાતું. સંવત ૧૯૪૧

જ	ઉ
૧૭૨ાા=ાાઆ.પા.૭૧ આસો વદ ૧૧	૬૩૦ાા૩ આ. પા. ૭૦ આસોમાસ
૧૭૨ાા=ાા	૫૦૦) શુદ ૧૫
૪૬૬) બાકી લેણા માલ પરાંત ર-	૨૦) વદ ૫

સો તેના.	૩૪॥૩ વદ ૧૩
	૭૬) વદ ०))
	૬૩०॥૩
	૮)૨ આ.પા.૭૨ વટાવખાતે જમા.
૬૩૮॥=॥	૬૩૮॥=॥
	૪૬૬) બાકી લેણા સંવત ૧૯૪૧ના આસો વદ ०)) માલ પરાંત રહ્યા તેના.

શ્રી વ્યાજખાતું. સંવત ૧૯૪૧

જ	ઉ
૧૩॥ આ. પા. ૭૨ આસો વદ ०))	૧૩॥ આ.પા.૭૩ વટાવખાતે જમા.
૧૩॥	૧૩.।

શ્રી વટાવખાતું. સંવત ૧૯૪૧

જ	ઉ
૨૪૬) બાકીદેવા પા. ( ) જુનેચોપડે	૧॥=૨ આ. પા.૭૩ હુંડીઆમણખાતે જમા.
૨૪૬)	૧॥=
૨૧॥= આ.પા.૭૩ પરચૂરણરકમોએ	૨૬૫॥ બાકી દેવા.
૨૬૭॥=	૨૬૭॥=
૨૬૫॥ બાકી દેવા સંવત ૧૪૯૧ આસો વદ ०))	

સરવાયું સંવત ૧૯૪૧ ની સાલનું.

જ	ઉ
૨૧૫) વોરા. વખતચંદ હીરાચંદ ખા. પા.૭૪મે.	૧। શ્રી મુંબાઇના ઠા. અમરશી કચરાને ખા. પા. ૭૪ મે.
૨૬૫॥ શ્રી વટાવખાતે ખા. પા ૭૫મે.	૧૨॥ પગાં. મેઘજી ભલા ખા પા. ૭૪મે.
૪૮०॥	૪૬૬) શ્રી ખરીદ વકરાખાતે ખા. પા. ૭૫ મે.
	૩૯०) ગોળ મણ ૧૨०)
	૭૬) બાજરી કળશી ૨
	૪૬૬)
	૪૭૯॥
	૧) શ્રી પરાંત જણસે.
	૪૮०॥

શુદ્ધિ પત્રક.

પૃષ્ટ.	ઓટી	અશુદ્ધ.	શુદ્ધ.
૩૦	૧૩	બાવ	માલ
૩૫	૧૬	૩૧॥	૩૧॥૦।
૩૫	૨૪	નં. ૧૫	નં. ૧૨
૩૬	૨૧	૩૧૦૧)=	૩૧૦૧ાડ્રા
૪૭	૧૬ઉધારબાજુ	વૈશાખવદ૧	વૈશાખવદ૧૩
૫૦	૧૧ જમાબાજુ	દા. ૩૧)=	દા.૩૧ાડ્રા
૫૦	૧૬ જમાબાજુ	૩૧)=	૩૧ાડ્રા
૫૩	૨૫ ઉધારબાજુ	બાર	પંદર

જાહેર ખબર.

આ ચોપડીનો ઘણો બહોળો ફેલાવો થાય તે હેતુથી તેમાં આપેલા વિષય અને તેના કદના પ્રમાણમાં તેની કિમ્મત ઘણીજ થોડી રાખવામાં આવી છે. ખરીદવાની ઇચ્છા રાખનારે તેની કિમ્મતના છ આના તથા ટપાલ ખર્ચનો અડધો આનો મળી સાડાછ આના મોકલી મંગાવી લેવો. દશ નકલ ખરીદનારને એક પ્રત વધુ આપવામાં આવશે.

પ્રેમચંદ કરમચંદ શાહ.

હેડમાસ્તર, કાઠિઆવાડ બારટન ફીમેલ ટ્રેઇનિંગકોલેજ.

રાજકોટ.